# વિવિધ વિષય વિચારમાળા

## ભાગ-૩

સાધુ

જિનાલય

સાધ્વીજી

જિનાગમ

શ્રાવક

જિનબિંબ

શ્રાવિકા

સંપાદક :
પ.પૂ.આચાર્યશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય
મુનિ રત્નત્રય વિજય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી ગોડીજી પાર્શ્વનાથાય નમઃ

પ.પૂ. સ્વ. આચાર્યદેવેશશ્રી

રત્નશેખર સૂરીશ્વરજી મ.સા.ના

શિષ્ય

**પ.પૂ. આ.શ્રી રત્નાકર સૂરીશ્વરજી મ.સા.**

આદિ

શ્રમણ શ્રમણીના

૨૦૫૯ ના માલવાડાનગરમાં

ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે

અષાઢ સુદ-૭,

તા. ૬-૭-૨૦૦૩, રવિવાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી બુદ્ધિ-તિલક-રત્નશેખર સદ્ગુરૂભ્યો નમઃ

પૂજ્ય ૧૦૦૮ શ્રી મણિવિજયજી કૃત

# વિવિધ વિષય વિચારમાળા

## ભાગ-૩

**દિવ્યાશિષ્ દાતા**

સ્વ. આચાર્યદેવશ્રી રત્નશેખર સૂરીશ્વરજી મ.સા.

**શુભાશીર્વાદ દાતા**

કલિકુંડ તીર્થોદ્ધારક

આચાર્યદેવશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.

**પ્રેરણાદાતા**

પરમ પૂજ્ય યુવાચાર્ય

શ્રીમદ્ વિજયરત્નાકર સૂરીશ્વરજી મ.સા.

**પુનઃસંપાદનકર્તા**

મુનિરાજશ્રી રત્નત્રય વિજયજી મ.સા.

**પ્રકાશક**

શ્રી રંજન વિજયજી જૈન પુસ્તકાલય

માલવાડા, જી. જાલોર-૩૪૩૦૩૯ (રાજ.)

પુસ્તક નામ : વિવિધ વિષય વિચારમાળાભાગ-૩
સંપાદક : મુનિશ્રી મણિવિજયજી મ.સા.
પુનઃસંપાદક : મુનિશ્રી રત્નત્રય વિજયજી મ.સા.
પ્રથમ આવૃત્તિ : સંવત : ૨૦૫૯ નંકલ ૫૦૦

કિંમત : રૂ. ૪૫-૦૦

---

**પ્રાપ્તિસ્થાન**

પ્રા

**અમદાવાદ** : **શ્રી પારસ ગંગા જ્ઞાન મંદિર (રાજેન્દ્રભાઈ)**
ઓફીસ : બી-૧૦૪, કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પીટલ સામે,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪ ફોન (ઘર) ૨૮૬૦૨૪૭

**મુંબઈ** : **શ્રી મણીલાલ યુ. શાહ**
ડી.૧૨૦, સ્ટાર ગેલેક્સી, લોકમાન્ય તિલક રોડ,
બોરીવલી (વે.) મુંબઈ-૪૦૦ ૦૯૨
ફોન (ઘ) ૨૮૦૧૧૪૬૯, (ઓ) ૨૮૬૪૨૯૫૮, ૨૮૯૩૧૦૧૧

**અમદાવાદ** : **શ્રી જૈન પ્રકાશન મંદિર**
દોશીવાડાની પોળ, કાળુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : (ઓ) ૫૩૫૬૮૦૬

**અમદાવાદ** : **સરસ્વતી પુસ્તક ભંડાર**
૧૧૨, હાથીખાના, રતનપોળ. અમદાવાદ ફોન : ૫૩૫૬૬૯૨

**પાલીતાણા** : **શ્રી પાર્શ્વનાથ જૈન પુસ્તકભંડાર**
ફુવારાની પાસે, તલેટીરોડ, પાલીતાણા-૩૮૪૨૭૦ (સૌ.)

**શંખેશ્વર** : **શ્રી મહાવીર જૈન ઉપકરણ ભંડાર**
જૈન ભોજન શાળાપાસે, શંખેશ્વર, જિ. પાટણ
ફોન : ૦૨૭૩૩-૭૩૩૦૬

---

મુદ્રક : : નવનીત પ્રિન્ટર્સ, (નિકુંજ શાહ)
૨૭૩૩, કુવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ.-૧
મોબાઈલ : ૯૮૨૫૨ ૬૧૧૭૭ ફોન : ૫૬૨૫૩૨૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સુકૃતના સહભાગી

શ્રીમતી જીવીબહેન
અંબાચન્દજી સાગરજી
બુરડના
આત્મશ્રેયાર્થે

પુત્ર ખાનમલ ચુનીલાલ
(C.B.)
બાબુભાઈ તારાચંદ
સમરથમલ
સમસ્ત બુરડ પરિવાર

સત્યપુરતીર્થ, સાંચોર
નિવાસી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# • પ્રસ્તાવના •

અનાદિ અનન્ત સમય પસાર થતાં અનેકવિધ પરિસ્થિતિનું દર્શન થતા તેમાં વિશેષ સમભાવ-સત્યસ્વરૂપ જાણવા માટે સમ્યક્જ્ઞાન ની આવશ્યકતા સવિશેષ રહે.

સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જ્ઞાનનાં સાધનોની સાથે સાથે જ્ઞાન પ્રત્યે રૂચિપણ અત્યંત આવશ્યક છે. જ્ઞાનનાં સાધનોમાં આગમ, ગ્રન્થ, ચરિત્ર તથા આગમ-ગ્રન્થને આધારિત પુસ્તકો પણ હોય. જયારે આપણે આગમ તથા ગ્રન્થોનું જ્ઞાન ન મેળવી શકીએ પરન્તુ આગમ તથા ગ્રન્થને આધારિત લખેલા પુસ્તકો તો સહેલાઈથી વાંચી શકીએ.

તે હેતુને લક્ષમાં રાખીને પૂજય મુક્તિવિજયજી (મૂલચંદજી) મ.સા.નાં સમુદાયના પૂજય મુનિશ્રી મણિવિજયજી મહારાજસાહેબે આગમ તથા ગ્રન્થોની સહાયતા લઈને ઘણી જ મહેનત ઉઠાવીને **વિવિધ વિષય વિચારમાળા** નામના ૧ થી ૮ ભાગ સુધીના પુસ્તકો ઘણી જ વિશાળ સામગ્રીથી ભરપૂર તૈયાર કરેલાં છે. એમાં પ્રથમ બે ભાગમાં પ્રવચનને ઉપયોગી તથા વાંચવાથી પણ બોધ થાય તેવા ભરપૂર સુંદર દષ્ટાંતો આપેલા છે.

એકથી આઠ ભાગો જોયા પછી એમ લાગ્યું કે આ સાહિત્ય ૪૦ વર્ષ પહેલા બહાર પડેલું તેના પછી અપ્રગટ હતું. માટે ફરીથી સંપાદન કરવાનું મન થયું. તે માટે આચાર્યદેવશ્રી ૐકારસૂરિજી મ.સા. સમુદાયના પરમપૂજય આચાર્યદેવશ્રી મુનિચંદ્ર સૂરિજી મ.સા. તથા પં. જીતુભાઈની સલાહ સૂચન પ્રાપ્ત થયેલ. તેથી આ કાર્યને તુરંત હાથ ધરી ૧ થી ૮ ભાગનું સંપાદન કરેલ. તેમાં પણ અમુકવિષયોનો વિશેષ વિસ્તાર હતો તેને સંક્ષિપ્ત કરેલ તથા અમુક ગ્રન્થોની માહિતી સાથે મુનિશ્રીએ પ્રગટ કરેલ છે.

એવી જ રીતે ૧ થી ૮ ભાગ સંક્ષિપ્ત વિવરણ તથા ગ્રન્થોની માહિતી સાથે પ્રગટ કરવા માટે **મુનિશ્રી રત્નત્રયવિજયજી મ.સા.**નો પ્રયાસ સફળ બને.

ભવભીરૂ આત્મા આ એક થી આઠે ભાગ ક્રમસરવાંચી મનન કરી જ્ઞાનભાવનામાં આગલ વધીને સદ્ગતિને પ્રાપ્ત કરે.

એજ શુભાભિલાષા સાથે

**આચાર્ય રત્નાકરસૂરિ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## જૈન ધર્મના વિવિધ વિષયોનો અદ્‌ભૂત ખજાનો
## એટલે
# વિવિધ વિષય વિચારમાળા
## ભાગ -૧ થી ૮

**સંપાદક : મુનિશ્રી મણિવિજયજી**
**પુનઃસંપાદક : પૂ. મુનિશ્રી રત્નત્રય વિજયજી**

જૈન ધર્મના જ્ઞાનનો ભંડાર અગાધ છે. સર્વજ્ઞકથિત સિદ્ધાન્તો અત્યન્ત સૂક્ષ્મ અને સચોટ છે. આગમો અત્યંત ગંભીર અને રહસ્યાત્મક છે. આવી જૈન શાસનની ભવ્યજ્ઞાન સમૃદ્ધિ છે. પરંતુ આ સમગ્ર જ્ઞાનનો ખજાનો સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં હોવાથી તથા ગુરૂગમ્ય હોવાથી બધાને માટે સુલભ નથી. આવા અપૂર્વ જ્ઞાન સમુદ્રને વલોવીને તેના સાર રૂપે સુંદર શૈલીમાં અને સરળભાષામાં રજૂ થએલ અમૃત એટલે જ વિવિધ વિષય વિચારમાળા ભાગ-૧ થી ૮ આ આઠ ભાગોનો સંપુટ છેલ્લા કેટલાંક વર્ષોથી અપ્રાપ્ય હતો. તેની આવશ્યકતા જણાતા અમે આજના યુગ પ્રમાણે પુનઃસંપાદન કરી પુનઃપ્રકાશિત કરી રહ્યા છીએ. આ ગ્રંથો આબાલવૃદ્ધ સહુને ઉપયોગી છે. પૂ. સાધુ-સાધ્વીજી મ.સા. માટે તો આ એક અદ્‌ભૂત ખજાના સ્વરૂપ છે. તેમાં દેવ-ગુરૂ ધર્મને સ્વરૂપ બીજા અનેક ધાર્મિક અને વ્યવહારિક વિષયોનો સંગ્રહ છે. અનેક કથાઓ અને દૃષ્ટાંતો આ ગ્રંથમાં આપવામાં આવ્યા છે. હજારો દૃષ્ટાંતોથી ઓપતો આ સંપુટ અવશ્ય વાંચવા યોગ્ય છે.

## વિવિધ વિષય વિચારમાળા ભાગ-૧ થી ૮ માં આવતા વિષયોની ટૂંકી રૂપરેખા

**ભાગ-૧** દેવ, ગુરૂ, ધર્મનું સ્વરૂપ

દેવપૂજા, પૂજાના પ્રકાર, ગુરૂની વ્યાખ્યા, સુગુરૂ-કુગુરુ આદિની વિગેરે ચર્ચા, ધર્મનું સભેદ વર્ણન તથા વિષયોને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુંદર રીતે સ્પષ્ટ કરનાર ૧૨૫ થી વધુ અદ્ભૂત કથાઓનો સંગ્રહ

ભાગ-૨ શ્રાવકનું સ્વરૂપ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ વિષયો ઉપર સુંદર વિવેચન, વ્યવહાર શુદ્ધિ અને માનવભવની દુર્લભતા દર્શાવતા દૃષ્ટાંતો આદિ અનેક કથાઓ યુક્ત.

ભાગ-૩ એકથી ચોસઠ વિષયોનો સંગ્રહ, જૈન ધર્મના સંદર્ભ કોશની ગરજ સારનાર આ અદ્ભૂત ગ્રંથ જૈન ધર્મના મોટાભાગના બધા જ વિષયોની વિગતો આ વિભાગમાં આપને મળી રહેશે.

ભાગ-૪ સમ્યકત્વ અને મિથ્યાત્વ નું સ્વરૂપ તથા તેના ભેદ પ્રભેદો નુ દૃષ્ટાંત સહિત વર્ણન સાથે સાથે કુલક્ષણો, દુર્ગુણો, દુરાચારનું વર્ણન અને તેના ત્યાગ માટેના ઉપાયો, સુગુણ, સદાચાર, સદ્ધર્મનું સ્વરૂપ અને તેને સ્વીકારવાના સરળ ઉપાયો.

ભાગ-૫ જૈન ધર્મમાં ચોવીશ દંડકોનું વિશેષ મહત્ત્વ છે. આ દંડકોનું ચિંતન મનના ભાવોને સ્થિર, નિર્મિત અને ઉદાત્ત બનાવે છે. તેનું સુંદર સ્વરૂપ સાથે સાથે કષાયાદિજ વર્ણન પણ સુંદર રીતે કરવામાં આવ્યું છે.

ભાગ-૬ વ્યવહારિક જીવનને સુખી અને સમૃદ્ધ બનાવવા નીતિ અને સદાચારનો માર્ગ જ સર્વશ્રેષ્ઠ છે. તે માર્ગે જવાનું સદૃષ્ટાંત વર્ણન આ વિભાગમાં કરવામાં આવ્યું છે. પુરૂષ, કાળ દાન, અતિથિ નિહનવ, વ્રત, બત્રીસ લક્ષણો બુદ્ધિ, મૂર્ખ, ભક્ષ્યાભક્ષ્ય અને પ્રાયશ્ચિત જેવા અનેક વિષયો દૃષ્ટાંત સહિત વર્ણવવામાં આવ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિભાગ-૭** આત્મોન્નતિનો માર્ગ શુદ્ધ ધર્મનો અંગીકાર કરવો તે છે. તે માટે આત્માનું સ્વરૂપ, ભાવોનું સ્વરૂપ, આ વિભાગમાં વર્ણવવામાં આવ્યું છે. આ ગ્રંથમાં ૧૦૦૦ જેટલા વિવિધ વિષયોની વિચારણા કરવામાં આવી છે.

**ભાગ-૮ તથા ૮/૧** માનવ જન્મને સફળ કરવા ધર્મજ એક અનુપમ આશ્રય છે. જન્મ સાર્થક કરનાર નિઃશ્રેયસ અને અભ્યુદય પ્રાપ્ત કરે છે. અભ્યુદય મેળવવા માટેના ૩૨૦ જુદા જુદા મનોહર ભાવોનાં ઉપદેશ આપવામાં આવ્યો છે.

આમ કુલ આઠ ભાગમાં કુલ ૪૦૦૦ જેટલા વિષયોની વિચારણા કરવામાં આવી છે. જેમણે વ્યાખ્યાતા બનવું છે, જેમને જૈન ધર્મના અદ્ભૂત જ્ઞાનની પીછાન કરવી છે જેમને જ્ઞાન પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા છે. જેમને જુદા જુદા વિષયો જાણવાની રૂચિ છે તે તમામને આ ગ્રંથમાંથી નવું રજૂ જાણવા મળશે. એવા આ અદ્ભૂત ગ્રંથ સંપુટને આપના જ્ઞાનભંડારનું, ઘરનું અને જીવનનુ અનેરૂ આભૂષણ બનાવવું રખે ચૂકી જતા સંપુટ ખલાસ થાય તે પહેલા સંપર્ક સૂત્ર પાસેથી મેળવી લેવાં.

આ સંપુટની જૂજ નકલો જ છાપવામાં આવી છે માટે જેમને મેળવી હોય તો પ્રાપ્તિ સ્થાન ના સરનામે સંપર્ક કરવો. આવો અદ્ભુત ખજાનો પ્રાપ્ત કરવા આપ વધુ રાહ ન જોશો !

★★★

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિષયાનુક્રમણિકા


૧. એક પ્રકાર ..................................૧
૨. બે પ્રકાર ..................................૨
૩. ત્રણ પ્રકાર ..................................૪
૪. ચાર પ્રકાર ..................................૧૪
૫. પાંચ પ્રકાર..................................૩૮
૬. છ પ્રકાર ..................................૪૬
૭. સાત પ્રકાર..................................૫૩
૮. આઠ પ્રકાર..................................૬૧
૯. નવ પ્રકાર..................................૬૯
૧૦. દસ પ્રકાર..................................૭૫
૧૧. અગ્યાર પ્રકાર ..................................૯૧
૧૨. બાર પ્રકાર ..................................૯૩
૧૩. તેર પ્રકાર ..................................૯૭
૧૪. ચૌદ પ્રકાર ..................................૯૯
૧૫. પંદર પ્રકાર.................................. ૧૦૬
૧૬. સોળ પ્રકાર .................................. ૧૦૮
૧૭. સત્તર પ્રકાર .................................. ૧૧૩
૧૮. અઢાર પ્રકાર .................................. ૧૧૫
૧૯. ઓગણીસ પ્રકાર.................................. ૧૨૦
૨૦. વીસ પ્રકાર.................................. ૧૨૧
૨૧. એકવીસ પ્રકાર .................................. ૧૨૪


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૨. બાવીસ પ્રકાર ........................ ૧૨૬
૨૩. તેવીસ પ્રકાર ........................ ૧૨૯
૨૪. ચોવીસ પ્રકાર ........................ ૧૩૧
૨૫. પચ્ચીસ પ્રકાર ........................ ૧૩૮
૨૬. છવ્વીસ પ્રકાર ........................ ૧૪૦
૨૭. સત્તાવીસ પ્રકાર ........................ ૧૪૩
૨૮. અઠ્ઠાવીસ પ્રકાર ........................ ૧૪૪
૨૯. ઓગણત્રીસ પ્રકાર ........................ ૧૪૬
૩૦. ત્રીસ પ્રકાર ........................ ૧૪૮
૩૧. એકત્રીસ પ્રકાર ........................ ૧૫૪
૩૨. બત્રીસ પ્રકાર ........................ ૧૫૮
૩૩. તેત્રીસ પ્રકાર ........................ ૧૬૪
૩૪. ચોત્રીસ પ્રકાર ........................ ૧૬૬
૩૫. પાંત્રીસ પ્રકાર ........................ ૧૬૭
૩૬. છત્રીસ પ્રકાર ........................ ૧૬૮
૩૭. ચોસઠ પ્રકાર ........................ ૧૭૪
૩૮. અડસઠ પ્રકાર ........................ ૧૭૬
૩૯. બોત્તેર પ્રકાર ........................ ૧૭૭
૪૦. ચોરાશી પ્રકાર ........................ ૧૭૮
૪૧. અટ્ઠાસી પ્રકાર ........................ ૧૭૯
૪૨. સો પ્રકાર ........................ ૧૮૦
૪૩. એક સો આઠ પ્રકાર ........................ ૧૮૧
૪૪. સંખ્યાના શાસ્ત્રીય નામ ........................ ૧૮૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪૫. સામુદ્રિક શાસ્ત્રની સામાન્ય વાતો ............... ૧૮૪
૪૬ શકુન વિચાર ................................ ૧૮૮
૪૭. છીંક વિચાર ................................ ૧૯૩
૪૮. ગરોલી પડે તેનો વિચાર ૧ લો ............... ૧૯૯
૪૯. ગરોલી પડે તેનો વિચાર બીજો ............... ૨૦૧
૫૦. કાડીકો શરીર ઉપર પડે તેનો વિચાર. .......... ૨૦૪
૫૧. કર્ણાવતી નગરી ને સિદ્ધરાજ.................. ૨૦૬
૫૨. અમદાવાદનું ખાત મુહુર્ત. ..................... ૨૦૭
૫૩. નદીઓ કેટલી લાંબી ? ....................... ૨૦૮
૫૪. જમીનના પ્રકારો.............................. ૨૦૯
૫૫. યુનો અને મહામંત્રીઓ. ....................... ૨૧૦
૫૬. જગતના મુખ્ય ધર્મો અને તેમાં
માનનારાઓનોની સંખ્યા. ..................... ૨૧૦
૫૭. જગતના ધર્મો. ................................ ૨૧૧
૫૮. જગતની મુખ્ય જાતી. ......................... ૨૧૨
૫૯. વિશ્વના નોંધપાત્ર પુસ્તકાલય.................. ૨૧૪
૬૦. વીસમી સદી અને પુસ્તકો ..................... ૨૧૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાતઃ સ્મરણીય : પૂજ્યાપાદઃ શ્રી ૧૦૦૮ મુલચંદજી
(મુક્તિ વિજયજીગણિ) ગુરૂભ્યો નમઃ

# વિવિધ વિષય વિચાર માળા

## ભાગ ૩ જો

### એક પ્રકાર

સદ્‌બુદ્ધિરૂપ આત્મા એક છે.
જડતારૂપ અનાત્મા એક છે.
જેનાથી કર્મ બંધન કરી શકાય છે તે દંડ એક છે.
જેનાથી કર્મ બંધન થઈ શકે નહિ તે અદંડ એક છે.
ષડ્ દ્રવ્યમય લોક એક છે.
કેવળ અલોકમય આકાશ એક છે.
પુણ્યના નિમિત્ત કારણભૂત સુખ એક છે.
દુઃખના હેતુભૂત પાપ પણ એક છે.
વસ્તુના સ્વભાવયુક્ત ધર્મ એક છે.
સ્વધર્મથી ભિન્ન અધર્મ એક છે.
જેનાથી કર્મ બંધન થાય છે તે આશ્રવ એક છે.
જેનાથી કર્મ બંધન રોકાય તે સંવર એક છે.
કર્મને ભોગવનારી વેદના એક છે.
કર્મનો ક્ષય કરનારી નિર્જરા એક છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચૈતન્ય લક્ષણ જીવ એક છે.

જડતા રૂપ અજીવ એક છે.

જ્ઞાન એક છે, દર્શન એક છે, ચારિત્ર એક છે.

બંધ એક છે, મોક્ષ એક છે, સિદ્ધ એક છે, રસ એક છે, ગંધ એક છે, સ્પર્શ એક છે, મન એક છે, વચન એક છે, અને કાયા એક છે.

## બે પ્રકાર.

- **સમ્યકત્વના** ૨ ભેદ-૧ નૈસર્ગિક, ૨ ઉપદેશજ.
- **જીવના** ૨ ભેદ-૧ મુક્તિગામી, ૨ સંસારી.
- **સંસારીજીવના** ૨ ભેદ-૧ ત્રસ, ૨ સ્થાવર.
- **જૈનમત ધર્મના** ૨ ભેદ-૧ યતિધર્મ, ૨ શ્રાવક ધર્મ.
- **કર્મ બંધનના** ૨ ભેદ-૧ રાગબંધન, ૨ દ્વેષ બંધન
- **સૂત્ર**-૧ નંદીસૂત્ર, ૨ અનુયોગદ્વાર સૂત્ર.
- **સુખના** ૨ ભેદ-૧ આંગિક, ૨ માનસિક.
- **શૌચના** ૨ ભેદ-૧ શ્મશ્રુશૌચ, ૨ મૃતિક શૌચ.
- **વચનના** ૨ ભેદ-૧ સ્વાભાવિક, ૨ કૃત્રિમ
- **નાટકના** ૨ ભેદ-૧ તાંડવ, ૨ ભાવ.
- **વમનના** ૨ ભેદ-૧ કૃત્રિમ, ૨ સ્વાભાવિક.
- **કર્મના** ૨ ભેદ-૧ અણુભાગકર્મ-કર્મરસ, ૨ પ્રદેશકર્મ-કર્મદલ.
- **ઉન્માદના** ૨ ભેદ-૧ જક્ષાદિકનો, ૨ મોહનો ઉન્માદ.
- **જીવને દુઃખના** ૨ ભેદ-૧ **માનસિક દુઃખ**-મનમાં ચિંતા ફિકર વિશેષ, ૨ **શારીરિક દુઃખ**-શરીરને વિષે ૧૫ રોગાદિક પીડા ઉત્પન્ન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાય છે.

● **જીવની ગતિના ૨ ભેદ-૧ ઋજુગતિ**, શરીરને છોડીને જીવ એક સમયમાં સમશ્રેણિએ જવાની ગતિમાં સિદ્ધો જાય તે, ૨ **વક્રગતિ**-શરીર છોડીને પરભવ જતો જીવ-વિષમ શ્રેણિવાળા સ્થાનમાં (બંધ નાખેલી ગતિમાં) જાય તે.

**જીવને આયુષ્ય બાંધવાના** ૨ ભેદ-૧ સોપક્રમી-ઘણું આયુષ્ય છતાં ઉપક્રમ લાગવાથી આયુષ્ય જલ્દી ભોગવાઈ જાય તે ૨ નિરૂપક્રમી-ઉપક્રમો લાગ્યા છતાં, નહિ મરતાં જીવ પૂર્ણ આયુષ્યે પરલોકમાં જાય તે.

**ઉણોદરીના** ૨ ભેદ-૧ દ્રવ્ય ઉણોદરી, ૨ ભાવ ઉણોદરી

**દ્રવ્ય ઉણોદરીના** ૨ ભેદ-૧ ઉપકરણ ઉણોદરી-વસ્ત્ર પાત્ર વિગેરે નિર્દોષ વાપરે તે.

૨ **ભાવ ઉણોદરીના** ૪ ભેદ-૧ અલ્પ ક્રોધ, ૨ અલ્પ શબ્દ, ૩ અલ્પકલેશ, ૪ અલ્પ જન્મ.

૧ જીવ દ્રવ્ય, ૨ અજીવ દ્રવ્ય, એ બે પ્રકારના સર્વ દ્રવ્યો છે.

૧ સૂક્ષ્મ, ૨ બાદર, એ બે પ્રકારના સર્વ સંસારી જીવો છે.

૧ ત્રસ, ૨ સ્થાવર, એ બે પ્રકારના સર્વ સંસારી જીવો છે.

૧ પર્યાપ્તા, ૨ અપર્યાપ્તા, એ બે પ્રકારે સર્વ સંસારી જીવો છે.

૧ ભવસિદ્ધ, ૨ અભવસિદ્ધ, એ બે પ્રકારે સર્વ સંસારી જીવો છે.

૧ સંસારી, ૨ સિદ્ધ, એ બે પ્રકારે સર્વ જીવો છે.

૧ શરીર સહિત, ૨ શરીર રહિત, એ બે પ્રકારે સર્વ જીવો છે.

૧ ઇંદ્રિય સહિત, ૨ ઇંદ્રિય રહિત, એ બે પ્રકારે સર્વ જીવો છે.

૧ વેદ સહિત, ૨ વેદ રહિત, એ બે પ્રકારે સર્વ જીવો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧ કષાય સહિત, ૨ કષાય રહિત, એ બે પ્રકારે સર્વ જીવો છે.

૧ કાયા સહિત, ૨ કાયા રહિત, એ બે પ્રકારે સર્વ જીવો છે.

૧ સયોગી, ૨ અયોગી, એ બે પ્રકારે સર્વ જીવો છે.

૧ લેશ્યા સહિત, ૨ લેશ્યા રહિત, એ બે પ્રકારે સર્વ જીવો છે.

૧ આહારી, ૨ અણાહારી, એ બે પ્રકારે સર્વ જીવો છે.

૧ ભાષક-બોલનારા, ૨ અભાષક-નહિ બોલનારા, એ બે પ્રકારે સર્વ જીવો છે.

૧ આગારી-ઘરવાળા, ૨ અનાગારી-ઘર વિનાના, એ બે પ્રકારે સર્વ જીવો છે.

૧ સંસાર સમાપન્નગા-સંસારમાં રહેનારા, ૨ અસંસાર સમાપન્નગા-સંસારમાં નહિ રહેનારા, એ બે પ્રકારે સર્વ જીવો છે.

૧ સકર્મી-કર્મસહિત, ૨ અકર્મી-કર્મરહિત, એ બે પ્રકારે સર્વ જીવો છે.

## ત્રણ પ્રકાર

- **ભુવન ત્રણ-૧** સ્વર્ગ, ૨ મૃત્યુ, ૩ પાતાલ.
- **જિનમત રત્ન** ત્રણ-૧ જ્ઞાન, ૨ દર્શન ૩ ચારિત્ર
- **તત્ત્વ** ત્રણ-૧ દેવ, ૨ ગુરૂ, ૩ ધર્મ.
- **કાળ** ત્રણ-૧ અતીત, ૨ અનાગત, ૩ વર્તમાન
- **સમકિતના ભેદ** ૩-૧ દીપક, ૨ રોચક, ૩ કારક.
- **ગારવ ત્રણ-૧** ઋદ્ધિગારવ, ૨ રસ ગારવ, ૩ શાતા ગારવ.
- **યોગ ત્રણ-૧** માયાશલ્ય, ૨ નિયાણશલ્ય, ૩ મિથ્યાત્વશલ્ય.
- **વિરાધના ત્રણ-૧** જ્ઞાનવિરાધના, ૨ દર્શન વિરાધના, ૩ ચારિત્ર વિરાધના.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- વીર્ય ત્રણ-૧ મનવીર્ય, ૨ વચનવીર્ય, ૩ કાયવીર્ય.
- દંડ ત્રણ-૧ મનદંડ, ૨ વચનદંડ ૩ કાયદંડ.
- વેદ ત્રણ-૧ પુરૂષવેદ, ૨ સ્ત્રીવેદ, ૩ નપુંસકવેદ.
- વનસ્પતિના ત્રણ ભેદ-૧ સંખ્યાતાજીવવાળી, ૨ અસંખ્યાતા જીવવાળી, ૩ અનંતાજીવ યુક્ત.
- **કરણ ત્રણ-૧** મનકરણ, ૨ વચનકરણ, ૩ કાયકરણ.
- **ગુપ્તિ ત્રણ-૧** મનગુપ્તિ, ૨ વચનગુપ્તિ, ૩ કાયગુપ્તિ.
- **સદ્‌ગતિ** ત્રણ-૧ મનુષ્ય ગતિ, ૨ દેવગતિ, ૩ સિદ્ધિગતિ.
- દુર્ગતિ ત્રણ-૧ નરક, ૨ તિર્યંચ, ૩ નિગોદ.
- **પરિગ્રહ** ત્રણ-૧ કર્મપરિગ્રહ, ૨ શરીર પરિગ્રહ, ૩ બાહ્યભંડોપગરણ પરિગ્રહ
- **પરિગ્રહના ત્રણ નામ**-૧ સચિત્ત પરિગ્રહ, ૨ અચિત્ત પરિગ્રહ, ૩ મિશ્ર પરિગ્રહ
- ૧ વિરતિ, ૨ અવિરતિ, ૩ વિરતાવિરતી.
- ૧ પચ્ચખાણી, ૨ અપચ્ચખાણી, ૩ પચ્ચખાણી અપચ્ચખાણી.
- ૧ સંવરી, ૨ અસંવરી, ૩ સંવરાસંવરી.
- ૧ સમ્યક્‌દષ્ટી, ૨ મિથ્યાદષ્ટી, ૩ સમ્યક્‌મિથ્યાદષ્ટી.
- ૧ **સૂક્ષ્મ** તે સર્વ રાજલોકમાં ભરેલા છે, તે માર્યા મરે નહિ, ૨ **બાદર** તે લોકના એક દેશમાં રહેલા છે, અને તે માર્યામરે છે. ૩ **નો સૂક્ષ્મ નોબાદર**, તે સિદ્ધના જીવો.
- ૧ **ત્રસ**-હાલતા ચાલતા, ૨ સ્થાવર-ચાલે નહિ તે, ૩ નોત્રસ નોસ્થાવર-તે સિદ્ધના જીવો.
- ૧ **પર્યાપ્તા**-પર્યાપ્તિ પૂરી કરે તે, ૨ **અપર્યાપ્તા**-પર્યાપ્તિ પૂર્ણ કરી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ન હોય તે, ૩ **નોપર્યાપ્તા નોઅપર્યાપ્તા** તે સિદ્ધના જીવો.

- **૧ ભવસિદ્ધિયા**-મોક્ષે જાય તે, ૨ **અભવ સિદ્ધિયા**-કદી પણ મોક્ષે નહિ જનારા, ૩ નો **ભવસિદ્ધિયા નોઅભવ સિદ્ધિયા** તે સિદ્ધના જીવો.
- ૧ શરીરી, ૨ વાટે વહેતા જીવ, ૩ અશરીરી-સિદ્ધના
- **જીવલોકના** ૩ ભેદ-૧ ઉર્ધ્વલોક, ૨ અધોલોક, ૩ તિર્ચ્છો લોકદિશાના ૩ ભેદ-૧ ઉર્ધ્વદિશા, ૨ અધોદિશા, ૩ તિર્ચ્છી દિશા.
- **મનુષ્ય ક્ષેત્રો-૧** (પંદર કર્મભૂમિ, ૨ (ત્રીશ) અકર્મભૂમિ, ૩ (છપ્પન્ન) અંતરદ્વીપ
- **તિર્યંચ ત્રણ પ્રકારના-૧** જલચર, ૨ સ્થલચર, ૩ ખેચર.
- **સાધુનાશાશ્વત મનોરથો**-૧ કયારે હું સૂત્રભણીશ ? ૨ કયારે હું સાધુની બાર પડિમાને વહન કરીશ ? ૩ કયારે હું સંલેખના કરીશ.
- **સ્ત્રી-૧** સ્વકીયા, ૨ પરકીયા, ૩ પણાંગના.
- **શ્રાવક-૧** જઘન્ય નવકાર ગણનાર, ૨ મધ્યમ ષડાવશ્યકની ક્રિયા કરનાર બારવ્રતધારિ સદાચારી, ૩ ઉત્કૃષ્ટ એકાસણુંકરનાર સચિત્તવર્જક બ્રહ્મચારી.
- **મુદ્રા-૧** જિન મુદ્રા ૨ યોગ મુદ્રા, ૩ મુક્તાશુક્તિ મુદ્રા.
- **ઉત્પાત-૧** દિવ્ય શબ્દ થાય તે, ૨ અંતરીક્ષ-આકાશે તારા પડે તે, ૩ ભૌમં-ભૂમિકંપાદિક થાય તે.
- **ત્રિકાલ પૂજા-૧** પ્રભાતે વાસ ક્ષેપ પૂજા, ૨ મધ્યાહ્‌ને અષ્ટપ્રકારી પૂજા, ૩ સંધ્યાને વિષે ધૂપ દીપ પૂજા.
- **દાન-૧** અભયદાન, ઉચિતદાન, ૩ સર્વદાન.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- **સ્વરૂપ-૧** મુનિસ્વરૂપ, ૨ ચતુર સ્વરૂપ ૩ સદ્ભાવ સ્વરૂપ.
- **ગાંધર્વવિધિ-૧** તાર, ૨ મંદ્ર, ૩ મધ્ય.
- **લોક સંસ્થાન-૧** દાન સંસ્થાન, ૨ માન સંસ્થાન, ૩ દેવસંસ્થાન.
- **ભૂમિ-૧** ઉચ્ચપ્રદેશા, ૨ નિમ્નપ્રદેશા, ૩ સમપ્રદેશા.
- **પુરૂષ-૧** ઉત્તમા ૨ મધ્યમા ૩ અધમા.
- **પદાર્થો-૧** ધાતુપદાર્થ, ૨ મૂલપદાર્થ, ૩ જીવપદાર્થ.
- **કિલ્બિષિદેવ-૧** પહેલા બીજા દેવલોક નીચે ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા, ૨ ત્રીજા ચૌથા દેવ લોક નીચે ત્રણ સાગરોપમના આયુષ્યવાળા, ૩ પાંચમા ઉપર અને છઠ્ઠા નીચે તેર સાગરોપમના આયુષ્યવાળા.
- **આગમ-૧ અનાગમ-તે** તીર્થંકરે ભાખ્યો તે, ૨ **અનંતર આગમ-તે** ગણધરાદિકે ગુંથ્યો તે, ૩ **પરંપરાગમ,**- તે સુધર્મા સ્વામી, જંબુસ્વામી, પાટ પરંપરાચાલ્યો આવેલ.
- **વનસ્પતિ-૧** સૂક્ષ્મ, ૨ સાધારણ, ૩ પ્રત્યેક.
- **ભુવનપતિની પર્ષદા-૧ તુંબા** - તે માંહેલી પર્ષદા એકવાર બોલાવવાથી આવે, ૨ **તુડિડયા** - તે વચલી પર્ષદા વિના બોલાવ્યા આવે ૩ **ડીઢરા** - તે બાહીરલી પર્ષદા, બોલાવી અણબોલાવી આવે તે.
- **શ્રાવકના મનોરથો-૧** હું આરંભ પરિગ્રહ કયારે છોડીશ ?૨ શ્રાવકના વ્રતોને અતિચાર રહિત હું કયારે પાળીશ ? ૩ પ્રાંતે સંલેખના કરી સમાધિમરણ હું કયારે આરાધીશ ?
- **સમ્યકત્વની સદ્દહણા-૧** અરિહંત સિદ્ધને દેવ પ્રમાણે (ગણે)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાણે, ૨ સાધુને ગુરૂપણે માને, ૩ ક્ષમા દયાને ધર્મ કરી માને.

• **સમ્યકત્વની દ્રઢતા-૧** કિન્નર દેવતાના ગીતો જેમ સંપૂર્ણ રાગથી સાંભળે તેમ, ગુરૂનો ઉપદેશ સાંભળવામા એકાગ્રચિત્ત રાખે, ૨ ક્ષુધાતુર જીવ જેમ અન્નની અભિલાષા ધારણ કરે તેમ સમ્યકત્વનું પ્રતિપાલન કરવાની અભિલાષા ધારણ કરે, ૩ રોગી માણસની દવા કરી જેમ તેના આત્માને શાન્તિ ઉત્પન્ન કરે, તેમ ગુરૂમહારાજ આચાર્યની સેવા ભક્તિ પ્રફુલ્લિત ચિત્તે કરી તેને સમાધિ ઉપાર્જન કરાવે.

• **સમ્યકત્વની રક્ષા-૧** પોતાના ધર્મને બતાવનારા અન્ય દર્શની મિથ્યાદષ્ટિ ભાઈ બાઈયોને ઉત્તર આપી. તેના વચનોનો નિષેધ કરે, તે સમ્યકત્વની રક્ષા કરી કહેવાય ૨ મિથ્યાત્વીના વચનો શ્રવણ કરી જવાબ દેવાની શક્તિ ન હોય તો મૌનપણું ધારણ કરે તો સમ્યકત્વની રક્ષા કરી કહેવાય, પણ તેના વચને હા જી હા કરે તો સમ્યકત્વની રક્ષાનો ભંગ કરનાર કહેવાય, ૩ મિથ્યાદષ્ટિના વચનોનો પ્રત્યુત્તર ન આપી શકે તો અણબોલ્યો રહી આઘો પાછો ચાલ્યો જાય તો સમકિતની રક્ષા કરનારો કહેવાય.

• **જીવ ૩ પ્રકારે અલ્પ આયુષ્ય બાંધે-૧** જાણી બુજીને ત્રણજીવની હિંસા કરે, ૨ જાણી બુજીને અસત્ય બોલે, ૩ જાણી બુજીને સાધુને આધાકર્મી અનેષણીય આહાર પાણી આપે.

• **જીવ ૩ પ્રકારે અશુભ દીર્ઘ આયુષ્ય બાંધે-૧** ત્રણજીવની હિંસા કરતો, ૨ અસત્ય બોલતો, ૩ સાધુ ચારિત્રીયાને અશુભ આધાકર્મી અનેષણીય અન્ન પાન વસ્ત્ર આપી તેની અવહીલના કરે, નિંદા કરે, એ ત્રણ પ્રકારે દાન દેતો અશુભદીર્ઘ આયુષ્ય બાંધી દુઃખ દારિદ્રય રોગ વિગેરે ઘણી અશાતા પામે.

• **જીવ-૩ પ્રકારે શુભ દીર્ઘાયુષીપણું પામે-૧** જીવોની હિંસા કરે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નહિં, ૨ અસત્ય બોલે નહિં, ૩ સાધુ ચારિત્રિયાને સુજતો એષણીય, મનને રૂચતો,પ્રીતિ કરનારો, આહારપાણી-વસ્ત્ર-પાત્ર વિગેરે-સન્માન સહિત-આપવાથી -આનંદમાની ઘણા પ્રકારે સાધુની સેવા કરે, તો જીવ બહુ પ્રકારે શાન્તિ મેળવી દીર્ઘાયુષીપણું પામે.

- **સારીગતિ-૧** મનુષ્યગતિ, ૨ દેવગતિ, ૩ સિદ્ધિગતિ.
- **ખરાબગતિ-૧** નરકગતિ, ૨ તિર્યંચગતિ, ૩ અશુભ મનુષ્યગતિ.
- **ખરાબ લેશ્યા-૧** કૃષ્ણ લેશ્યા, ૨ નીલ લેશ્યા, ૩ કાપોત લેશ્યા.
- **સારી લેશ્યા-૧** તેજો લેશ્યા, ૨ પદ્મ લેશ્યા, ૩ શુકલ લેશ્યા.
- ઉપકાર-૧ માતા પિતાનો, ૨ વિદ્યાદાતાનો, ૩ ગુરૂનો.
- **આરાધના-૧** જ્ઞાનઆરાધના, ૨ દર્શન આરાધના, ૩ ચારિત્ર આરાધના.
- **સ્ત્રી-૧** જલચરી, ૨ સ્થલચરી, ૩ ખેચરી.
- **ત્રણ પ્રકારના જીવોને વાચના આપવી નહિ-૧** અવિનીતને, ૨ રસના લોલુપીને, ૩ કરેલા ક્રોધને ખમાવે નહિ તેને.
- **ત્રણ પ્રકારના જીવોને વાચના આપવી-૧** પંડિતને, ૨ સરલચિત્તવાળાને, ૩ ગુરૂના છિદ્રો નહિ જોનારાને.
- **ત્રણ કારણથી નીચે ભૂમિ ઉપર આવેલ દેવ જાણી શકાય ૧** ભૂમિ ઉપર ચાર આંગુલ ઉંચા પગ રહે તેથી, ૨ આંખના મિષોનમિષ થાય નહિ તેથી, ૩ ફુલની માળા કરમાય નહિ તેથી. (મનવાંચ્છિત કાર્ય કરવાથી)
- **ત્રણ પ્રકારે દેવતા શોચ કરે-૧** માતા પિતાનો આશ્રવ સેવતા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેખવાથી, ૨ દેવગતિ ત્યાગ કરી ગર્ભમાં ઉત્પન્ન થવું પડશે તેવું દેખવાથી, ૩ મળમૂત્રમાં ઉપજવું પડશે તેથી.

- **દેવતા ત્રણ વસ્તુની વાંછના કરે**-૧ આર્યક્ષેત્રની, ૨ મનુષ્યગતિની, ૩ સુકુલ ઉત્પત્તિની.
- **ત્રણ કારણે દેવતાને છ માસ પહેલા ચ્યવવાના ચિન્હો જણાય**- ૧ રત્નના ડાબડા માણવક સ્થંભ ઝાંખો દેખે, ૨ ફુલની માળા ઝાંખી દેખે, ૩ તેજોલેશ્યા મંદ થાય.
- **ત્રણ પ્રકારે દેવતાને શોચ ઘણો થાય**-૧ બહુ વિનયવૈયાવચ્ચ નહિ કરવાથી, ૨ બહુકાળ દીક્ષા નહિ પામવાથી ૩ ઘણા સૂત્ર સિદ્ધાંત નહિ વાંચવાથી.
- **ત્રણ પ્રકારે દેવતાને શોચ થાય નહિ**-૧ બહુ વિનય વૈયાવચ્ચ કરવાથી, ૨ બહુકાળ દીક્ષા પામવાથી, ૩ ઘણાસૂત્ર સિદ્ધાંતો વાંચવાથી.
- **સ્થવિર**-૧ વયસ્થવીર-સાઠ વર્ષની અવસ્થાવાળા, ૨ સુત્રાસ્થવિર-આચારંગ સૂયગડાંગાદિ સિદ્ધાંતને જાણવાવાળા, ૩ વ્રતસ્થવિરદીક્ષા લીધા વીશ વર્ષથયા હોય તે.
- **કરણ**-૧ **સારંભ**-મનમાં પાપ ચિંતવે તે, ૨ **સમારંભ**-પોતે વચને કરી પાપ કરાવે તે, ૩ **આરંભ**-છકાય જીવનો વધ પોતે હાથે કરે કરાવે તે.
- **સમ્યકત્વ** ૧ સુદેવ, ૨ સુગુરૂ, ૩ સુધર્મની ઉપર શ્રદ્ધા.
- **મિથ્યાત્વ**-૧ કુદેવ, ૨ કુગુરૂ, કુધર્મ ઉપર શ્રદ્ધા.
- **રત્ન**-૧ જ્ઞાનરત્ન, ૨ દર્શનરત્ન, ૩ ચારિત્રરત્ન.
- **પરિગ્રહ**-૧ આઠ પ્રકારના કર્મ તે કર્મપરિગ્રહ, ૨ શરીર ઉપર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મમત્વભાવ તે શરીરપરિગ્રહ, ૩ ભાંડે, ઉપકરણ વિગેરે ઉપર મમત્વભાવ તે ભાંડોપકરણ પરિગ્રહ.

- **સામાયિક-૧ શ્રુત સામાયિક**-નિર્મલજ્ઞાનનો અભ્યાસ કરે તે, ૨ **સમકિત સામાયિક** - શંકારહિત નિર્મળ સમકિત પાળે તે, ૩ **દેશવિરતિ સામાયિક**-અતિચાર રહિત નિર્મલ વ્રત પચ્ચખાણ પાળે તે.

- **ત્રણ પ્રકારના ઈંદ્રો-૧** જ્ઞાનેંદ્ર તે કેવલ જ્ઞાની, ૨ દર્શનેંદ્ર તે ક્ષાયિક સમકિતી, ૩ ચારિત્રેંદ્ર તે યથાખ્યાત ચારિત્રી.

- **ત્રણ પ્રકારે થોડી પૃથ્વી ધ્રુજે-૧** મોટા પર્વતપડવાથી, ૨ ભવનપતિ વ્યંતર દેવતા લડાઈ-ટંટો કરવાથી, ૩ ભુવનપતિ તથા વાણ-વ્યંતર ભેગા થઈ તીર્થંકરને વંદન કરવા જાય ત્યારે. (ઠાણાંગ સૂત્ર)

- **ત્રણ પ્રકારે સર્વથી પૃથ્વી ધ્રુજે-૧** સમુદ્રનું પાણી સખત ઉછળવાથી, ૨ જયોતિષિ વૈમાનિક દેવો ભેગા થઈ યુદ્ધ કરે ત્યારે, ૩ જયોતિષિ વૈમાનિક ભેગા થઈને તીર્થંકરને વંદના કરવા જાય ત્યારે સર્વથી પૃથ્વી ધ્રૂજે.

- **મિથ્યાત્વી-૧** ભગવંતના બોલેલા વચનોથી ઓછી પ્રરૂપણા કરે, ૨ ભગવંતના પ્રરૂપેલા વચનોથી વધારે પ્રરૂપણા કરે, ૩ ભગવંતના વચનથી વિપરીત પ્રરૂપણા કરે, તે ત્રણે અનંત સંસારી જાણવા.

- **મિથ્યાત્વ-૧** લોકની ક્રિયા કરે, સંસારના કાર્યો વિવાદિકના તથા દેવ પિતૃઓ, ક્ષેત્રપાલાદિકને માને પૂજે તે, ૨ સંશય મિથ્યાત્વ-દેવ,ગુરૂ, ધર્મના ગુણો જાણે નહિ, ૩ કુપ્રાવચનિક મિથ્યાત્વ-અન્યમતિ યોગી, સંન્યાસી, તાપસાદિકનો પરિચય કરી તેની પ્રશંસા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરે.

- **પક્ષો-૧** ધર્મપક્ષ-તે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, ૨ અધર્મપક્ષ- ચતુર્વિધ સંઘ વિનાના તમામ જીવો, ૩ મિશ્રપક્ષ-ધર્મ ઉપર થોડી શ્રદ્ધાવાળા મનુષ્યો.
- **પૂર્વીયો-૧** પૂર્વાનુપૂર્વી- તે પ્રથમથી લઈને અનુક્રમે ગણે તે, ૨ પશ્ચાનુપૂર્વી -પાછળથી થઈને આગળ સુધી ગણે તે, મધ્યમાનુપૂર્વી- આગળ પાછળના બીજા ભાગોને વર્જી વચ્ચેથી ગણે તે.
- **વેદના-૧** શીતવેદના, ૨ ઉષ્ણવેદના, ૩ મિશ્રવેદના.
- **યોનિ-૧** શીતયોનિ, ૨ ઉષ્ણયોનિ, ૩ મિશ્રયોનિ.
- ૧ નારકીની શીત અથવા ઉષ્ણયોનિ, ૨ દેવ ગર્ભજ મનુષ્ય તથા તિર્યંચની મિશ્રયોનિ, ૩ ચ્યાર સ્થાવર ત્રણ વિકલેંદ્રિ તથા અસંજ્ઞિ મનુષ્ય તિર્યંચની ત્રાણે પ્રકારની યોનિ.
- **યોનિ-૧** સચિત્ત, ૨ અચિત્ત, ૩ મિશ્ર-નારકી તથા દેવતાની અચિત્તયોનિ, બાકી સર્વ દરેકની સચિત્ત અચિત્ત મિશ્ર યોનિ.
- **યોનિ-૧** સંવૃત્ત, ૨ વિવૃત્ત, ૩ સંવૃત્તાતિવૃત્ત.
- ૧ **દેવતા તથા પાંચ સ્થાવરની**, ૨ સંવૃત્ત યોનિ, ૩ ગર્ભજ મનુષ્ય અને તિર્યંચની ત્રણ યોનિ ઢાંકી ઉઘાડી અને સંવૃત્તાવિવૃત્ત તે કાંઈક ઢાંકી ને કાંઈક ઉઘાડી.
- **૧ કૂર્મયોનિ સરખી, ૨ શંખાવર્ત, ૩ વંશપત્ર સરખી.**

૧ ઉત્તમ પુરૂષની માતાની કૂર્મ કાચબાના જેવી, ૨ ચક્રવર્તિના સ્ત્રી રત્નની શંખાવર્ત્ત જેવી, ૩ બીજા તમામની માતાની, વંશપત્રના જેવી.

- **દીક્ષા-૧** ઈહલોકના પ્રતિબંધથી દીક્ષા લે, ૨ પરલોકના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિબંધથી દિક્ષા લે, ૩ બન્ને લોકના પ્રતિબંધથી દિક્ષા લે.

- **દીક્ષા-૧** તુયાવઈયા, ૨ પુયાવઈયા, ૩ બુઈયાવઈયા.
- **દીક્ષાના ત્રણ પ્રકાર-૧** ઉપાય પવજ્જા, ૨ અપાય પવજ્જા, ૩ સંઘાય પવજ્જા.
- **માણસો-૧** તાદાત્વિક-જે માણસ કાંઈપણ ચિંતા કર્યા સિવાય ઉત્પન્ન થયેલા અર્થ અને લક્ષ્મીનો નાશ કરે છે તે માણસતાદાત્વિક કહેવાય છે, ૨ મૂલહર- જે માણસ પોતાના બાપદાદાએ એકત્ર કરેલ પૈસાને અન્યાયથી ભક્ષણ કરે છે તે માણસ મૂલહર કહેવાય છે, ૩ કદર્ય - જે માણસ પોતાના નોકર ચાકરદાસોને પીડા ઉત્પન્ન કરીને તથા પોતે પણ પીડા પામીને પૈસા ઉપાર્જન કરે છે પણ તેમાંથી લવલેશ માત્ર પણ વ્યય કરતો નથી. તે માણસ **કદર્ય** કહેવાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ચાર પ્રકાર

• **ભારવાહકના ૪ વિસામા-૧** ડાબાખંભાથી જમણે ફેરવે અને જમવાથી ડાબે ફેરવે, ૨ વડીનીતિ લઘુનીતિ કરવાને બેસે ત્યારે ભાર ઉતારે, ૩ વાટે જતા રસ્તામાં યક્ષાદિકના મંદિરમાં વાસો રહે, ૪ પોતાને ઠેકાણે જઇ ભાર ઉતારે તેવી રીતે.

• **શ્રાવકના ૪ વિસામા-૧** શ્રાવક ૧૨ વ્રત ઉચ્ચરે, ૨ શ્રાવક સામાયિક દેશાવકાશિ કરે, ૩ શ્રાવક ૫-૮-૧૪-૧૫-૦)) ઇત્યાદિક કલ્યાણક તિથિયે પંચવર્ષી પૌષધ કરે, ૪ શ્રાવક અંતસમયે ભાતપાણી પચ્ચખી સંથારો કરે.

• **મનુષ્યરૂપી કુંભો-૧** મધુકુંભ મધુઢાંકણ, ૨ મધુકુંભ વિષ ઢાંકણ, ૩ વિષકુંભ મધુ ઢાંકણ, ૪ વિષકુંભ વિષઢાંકણ

• **મનુષ્યરૂપી પુષ્પો-૧** રૂપસંપન્ન ને શીલસંપન્ન, ૨ શીલસંપન્નનોશીલસંપન્ન, ૩ શીલસંપન્ન રૂપસંપન્ન, ૪ નોરૂપસંપન્ન નોશીલસંપન્ન.

• **દર્શન-૧** ચક્ષુદર્શન, ૨ અચક્ષુદર્શન, ૩ અવધિદર્શન, ૪ કેવલ દર્શન.

• **આહાર-૧** અસન, ૨ પાન, ૩ ખાદિમ, ૪ સ્વાદિમ

• **લોકપાલ-૧** પૂર્વે સોમ, ૨ દક્ષિણે યમ, ૩ પશ્ચિમે વરૂણ, ૪ ઉત્તરે કુબેર.

• **સ્ત્રી જાતિ-૧** પદ્મિની, ૨ ચિત્રાણી, ૩ હસ્તિની, ૪ શંખણી.

• **મનુષ્યોના વર્ણ-૧** બ્રાહ્મણ, ૨ ક્ષત્રીય, ૩ વૈશ્ય ૪ શૂદ્ર.

• **વેદ-૧** ઋગ્વેદ, ૨ યજુર્વેદ, ૩ સામવેદ, ૪ અર્ણવવેદ.

• **ગતિ-૧** દેવ, ૨ મનુષ્ય, ૩ તિર્યંચ, ૪ નરક,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- **બંધ**-૧ પ્રકૃતિબંધ, ૨ સ્થિતિબંધ, ૩ અનુભાગ બંધ, ૪ પ્રદેશ બંધ.
- **જિન-૧ નામજિન** -ઋષભાદિ, ૨ **સ્થાપનાજિન** -જિન પ્રતિમા, ૩ **દ્રવ્યજિન** -અતીત અનાગત જિનના જીવો, ૪ **ભાવજિન**-સમવસરણમાં રહેલા.
- **અનર્થદંડ** -૧ પાપોપદેશ, ૨ અપધ્યાન, ૩ સંયુક્ત અધિકરણ, ૪ પ્રમાદાચરણ.
- **મૂળ સૂત્ર**-૧ આવશ્યક, ૨ દશવૈકાલિક, ૩ પિંડનિર્યુક્તિ, ૪ ઉત્તરાધ્યયન.
- **સુખના કારણ**-૧ યોગાભ્યાસ કારણ, ૨ અભિમાન કારણ, ૩ વિષય કારણ, ૪ મુક્તિ કારણ.
- **ગંગા**-૧ સીતાગંગા, ૨ અલિકાગંગા, ૩ ચક્ષુગંગા, ૪ ભદ્રગંગા.
- **જીવનીખાણ**-૧ સ્વેદજ-યુકાદિ, ૨ અંડજ-પક્ષિસર્પાદિ, ૩ જરાયુજા-નૃગવાદિ, ૪ ઉદ્ભિજા-વનસ્પત્યાદિ.
- **કર્મ**-૧ સ્પષ્ટ, ૨ બદ્ધ, ૩ નિધત્ત, ૪ નિકાચિત.
- **બુદ્ધિ**-૧ સ્વાભાવિકી, ૨ ઉત્પાદિકી, ૩ કાર્મિકી, ૪ પારિણામિકી.
- **ગીત**-૧ સ્વરગીત, ૨ પદગીત, ૩ તાલ ગીત, ૪ અવધાન ગીત.
- **વાદ્ય**-૧ તત-વીણા પ્રભૃત, ૨ ઘન-તાલપ્રભૃત, ૩ શુષિર-વંશાદિક, ૪ આનદ્ધ-મુરજાદિક.
- **જીવના ભેદ**-૧ **અનાદિ-અપર્યવસિત**-જીવની આદી નથી અને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંત નથી અભવ્યજીવ, ૨ **અનાદિ સપર્યવસિત**-જીવની આદિ નહિ પણ અંત છે, જે ભવ્યજીવ મોક્ષે જાશે, ૩ **સાદિ સપર્યવસિત**- જીવને સમકિત આશ્રિ આદિ છે, તેમ મોક્ષેપણ જાશે-જે સમકિતધારિ જીવ છે તે, ૪ **સાદિ-અપર્યવસિત** એક જીવ આશ્રિ સિદ્ધની આદિ છે, પણ અંત નથી.

- **અભિનયો-૧** આંગિક, ૨ વાચિક, ૩ આચાર્ય, ૪ સાત્વિક.
- **અંતક્રિયા-૧ અલ્પકર્મ-અલ્પવેદના,** અલ્પ નિર્જરા, બહુસંયમી, બહુસંવરી-આદિશ્વરજી ભરતેશ્વરજી જાણવા, ૨ **કર્મ ઘણા**-વેદના ઘણી, નિર્જરા ઘણી, સંયમ અલ્પ, સંવર અલ્પ-ગજસુકુમાલજી જાણવા, ૩ **કર્મ ઘણા**-વેદના ઘણી, નિર્જરા ઘણી, સંયમ વિશેષ, સંવર વિશેષ-સનત્કુમાર ચક્રવર્તિ જાણવા, ૪ **અલ્પકર્મ-અલ્પવેદના,** અલ્પનિર્જરા, અલ્પસંયમ, અલ્પસંવર, મરૂદેવી માતાજી જાણવા.
- **ફૂલો-૧** એક ફુલ રૂપસંપન્ન છે પણ ગંધસંપન્ન નથી. રોહિડાનું ફુલ, ૨ એક ફુલ ગંધસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી પોદીણીના ફુલ, ૩ એક ફુલ રૂપ તથા ગંધસંપન્ન છે, મોગરા, ગુલાબના ફુલ, ૪ એક ફુલ રૂપ તથા ગંધસંપન્ન નહિ, આકડા ધંતુરાના ફુલ, એ ચારના દૃષ્ટાંતે પુરૂષો ચાર જાણવા.
- **પુરૂષ** એક પુરૂષ રૂપસંપન્ન છે, પણ શીલસંપન્ન નથી બ્રહ્મદત્તચક્રી પેઠે, ૨ એક પુરૂષ શીલસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી-હરિકેશીમુનિ પેઠે, ૩ એક પુરૂષ રૂપસંપન્ન છે તથા શીલસંપન્ન છે-આદિનાથ ભરત પેઠે, ૪ એક પુરૂષ રૂપસંપન્ન નથી ને શીલસંપન્ન નથી-કાલસૌરિક કસાઈના પેઠે.
- **જીવ નરકગતિનું આયુષ્ય બાંધે-૧** મહાઆરંભ ઘરબાર, હાટ, હવેલીના આરંભ કરે, અને અત્યંત તીવ્ર પરિણામે રાત્રિ દિવસ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આરંભ કરે, તેથી નરકગતિનુ આયુષ્ય બાંધે ૨ મહાપરિગ્રહ-પોતાના પાસે ઉપાર્જન કરેલ ઘણો પરિગ્રહ છતાં પણ તેને વિષે ગાઢ મૂર્છા કરી, બીજા પરિગ્રહને ઉપાર્જન કરવા માટે વાંછના કરે-ઈચ્છા કરે, મનમાં ચિંતવે કે અમુક જીવ સુખી છે. તો તેના જેવી મને કયારે સુખવૃત્તિ પ્રાપ્ત થાય, આવી ઈચ્છા કરનાર નરકગતિનું આયુષ્ય બાંધે છે, ૩ કુણિમ આહારેણં માંસ, મદ્ય, મધ, માખણ વિગેરે પ્રકારના ખરાબ આહારના કરવાથી નરકગતિનું આયષ્ય બાંધે ૪ પંચેંદ્રિયના વધથી નિરાપરાધિ પંચેદ્રિય જીવોની હિંસા જાણીબુજીને હિંસા કરવાથી નરકગતિનું આયુષ્ય બાંધે છે.

● **જીવ તિર્યંચગતિનું આયુષ્ય બાંધે-૧** માયાએ હૃદયમાં કપટ બહુ કેળવે, અને મોઢેથી મીઠું બહુ બોલે, ૨ ગાઢમાયાએ-મિત્રના જોડે ઘણી મિત્રાઈ કરીને, મિત્રને ઠગે, મોઢેથી મીઠું બોલે, અને તેના પાછળ નિંદા કરે, ૩ જુઠા વચને મનમાં કપટ કેળવીને જુઠું બોલે, તથા કૂડા તોલા માપ રાખે, ૪ કૂડા તોલા માપા-લેવડમાં પણ જૂદા અને દેવડમાં પણ જૂદા તોલા માપ રાખે.

● **જીવ મનુષ્યનું આયુષ્ય બાંધે-૧** દેવગુરૂધર્મ આચાર્યાદિકના વિનય કરવાથી તથા સરલપણું શાંત પ્રકૃતિ ધારણકરવાથી, ૨ સંતોષવૃત્તિધારણ કરી લોભને ત્યાગ કરીને ન્યાયનીતિથી વ્યાપાર કરવાવાળો જીવ આર્જવ માર્જવતાથી, ૩ તમામ જીવો ઉપર દયા ધારણકરવાથી, પરોપકાર કરવાથી, દુઃખીજીવોના દુઃખને દૂર કરવાની ભાવનાથી, ૪ સ્વલ્પ કષાયી-બીજાને નહિ ઠગનાર પોતે સારા માર્ગમાં વર્તન કરનાર અને બીજાને સારામાર્ગમાં જોડનાર સજ્જનાદિકસારા પ્રકારના માર્ગાનુસારી, તથા ધર્માનુસારી ગુણોને ધારણ કરી દાન આપનાર ઈર્ષ્યા રહિત હોવાથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દેવનું આયુષ્ય બાંધે

૧ સરાગસંયમથી-સરાગથી સંયમપાળે તથા વસ્ત્ર પાત્ર ઉપકરણ શિષ્યાદિકના ઉપર રાગ રાખવાથી

૨ સંયમાસંયમથી કાંઈક સંયમ અને કાંઈક અસંયમપણું, વિરતિ-અવિરતિપણું રાખવાથી,

૩ અકામ નિર્જરાથી રોષથી નિરંતર ક્ષુધાતૃષાને સહન કરે,

૪ બાલતપસ્યાથી-અજ્ઞાન તપસ્યા કષ્ટ ક્રિયા કરવાથી.

● **કર્મબંધન-**

૧. **પ્રકૃતિબંધ-** તે કર્મનો સ્વભાવ,

૨. **સ્થિતિબંધ** તેજેટલી સ્થિતિના કર્મ બાંધે, તેટલીજ સ્થિતિ સુધી તે કર્મોને ભોગવવા પડે તે,

૩. **અનુભાગબંધ-** તે શુભ અશુભ રસ ભોગવવો પડે તે.

૪. **પ્રદેશબંધ-** ન્યુનાધિક કર્મના પ્રદેશોને ગ્રહણ કરી બંધ પડે તે.

● **બુદ્ધિ-**

૧ **ઉત્પાતિકી-**તે બુદ્ધિ આપણા પોતાનાથીજ ઉત્પન્ન થાય,

૨ **વૈનેયિકી** તે વિનય કરતાં બુદ્ધિ ઉત્પન્ન થાય,

૩ **કાર્મિકી** તે કામ કરતાં સારી બુદ્ધિ ઉત્પન્ન થાય,

૪ **પારિણામિકી-** તે વય પરિણમતા બુદ્ધિ ઉત્પન્ન થાય.

● **આચાર્ય-**

૧ ચોલમજીઠ જેવા-પોતે વૈરાગ્યરંગથી રંગાયેલા છે, અને બીજાને વૈરાગ્ય રંગથી રંગે છે,

૨ પરવાળા જેવા- પોતે વૈરાગ્યથી રંગાયેલા છે, પરંતુબીજાને વૈરાગ્ય રંગચડાવે નહિ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩ ચૂના જેવા પોતે વૈરાગ્યમાં ઢીલા છે, પરંતુ બીજાને વૈરાગ્યમાં દ્રઢ કરે છે,

૪ ખડી જેવા- પોતે વૈરાગ્યમાં કાચા છે, અને બીજાને વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં પણ ઢીલા છે.

- **અમુલ્ય વસ્તુઓ-**

૧ સાતે ધાતુને વિષે લોખંડ અમૂલ્ય છે,

૨ પથ્થરમાં હીરો અમૂલ્ય છે,

૩ વસ્ત્રોમાં રૂ થી બનેલ વસ્ત્ર અમૂલ્ય છે,

૪ કાષ્ટમાં બાવનાચંદન અમૂલ્ય છે.

- **ચારમાં ચાર ઘણા-૧** નારકીમાં ક્રોધ ઘણો, ૨ મનુષ્યમાં માન ઘણો, ૩ તિર્યંચમાં માયા ઘણી, ૪ દેવતામાં લોભ ઘણો.

- **અજીર્ણો-૧** જ્ઞાનનું અજીર્ણ-અભિમાન, ૨ તપસ્યાનું અજીર્ણ-ક્રોધ, ૩ કાર્યનું અજીર્ણ-વિકથા, ૪ ખાવાનુ અજીર્ણ-વમન.

- **ચાર વૃક્ષના પરિવારો-**

૧. આંબાનું વૃક્ષને શાલનો પરિવાર-આદિનાથજી તથા ભરત ચક્રવર્તિ,

૨. આંબાનું વૃક્ષ ને એરંડાનો પરિવાર-ગર્ગાચાર્ય અને તેના શિષ્યોની પેઠે,

૩. એરંડો વૃક્ષ ને આંબાનો પરિવાર અંગારમર્દકઆચાર્ય અને તેના શિષ્યોની પેઠે,

૪. એરંડાનું વૃક્ષ ને એરંડાનો પરિવાર-કાલ સૌરિક કસાઈ અને તેના પરિવારની પેઠે.

- **મેઘ-૧** ક્ષેત્રને વિષે વરસે પણ અક્ષેત્રને વિષે વરસે નહિ ૨ અક્ષેત્રે વરસે પણ ક્ષેત્રને વિષે વરસે નહિ, ૩ ક્ષેત્રે પણ વરસે ને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અક્ષેત્રે પણ વરસે, ૪ ક્ષેત્રે પણ વરસે નહિ ને અક્ષેત્રે પણ વરસે નહિ.

• **એવી રીતે પુરૂષો-૧** સુપાત્રને દાન આપે પણ કુપાત્રને ન આપે. ૨ કુપાત્રને દાન આપે પણ સુપાત્રને ન આપે ૩ સુપાત્રને દાન આપે અને કુપાત્રને પણ આપે, ૪ સુપાત્રને પણ ન આપે, અને કુપાત્રને પણ ન આપે.

• **એવીજ રીતે બીજા ચાર પુરૂષો-૧** ઇચ્છાપૂર્વક દાન આપે પણ ઇચ્છારહિત ન આપે, ૨ ઇચ્છારહિત દાન આપે પણ ઇચ્છાસહિત ન આપે, ૩ ઇચ્છાસહિત ચાહના કરતો આપે ૪ ઇચ્છા અને અનિચ્છાથી પણ ન આપે.

• મેઘો-પુષ્કરાવર્ત-એકવાર વરસે જેથી દસહજાર વર્ષ સુધી નવીન ઘાસ, ધાન્ય પાણી પોતાની મેળે ઉત્પન્ન થયાજ કરે, તે પ્રથમ આરો બેસતા વરસે, ૨ **પ્રદ્યુમ્ન-તે** એકવાર વરસવાથી એક હજાર વર્ષ સુધી નવીન ઘાસ, પાણી, અન્ન પોતાની મેળેજ થયા કરે, તે બીજા આરામાં વરસે, ૩ **જીમૂત**-તે એકવાર વરસે એટલે દસ વરસ સુધી નવીન ઘાસ, પાણી, અન્ન, પોતાની મેળે થયાજ કરે, તે ત્રીજે ચોથે આરે વરસે, ૪ **જિમ્હમેઘ**-બહુવાર વરસે તો પણ કાંઇપણ થાય જ નહિ, તે પાંચમાં આરામાં વરસે.

• **ચાર મેઘ જેવા પુરૂષો-૧** સંયતિરાજા-ગર્દભિલ્લ રાજાની એકજવાર દેશના સાંભળીને દીક્ષા લીધી તે **પુષ્કરાવર્ત મેઘ** સમાન જાણવા, ૨ પ્રદેશી રાજા કેશીગણધર મહારાજની દેશના એકજવાર સાંભળી સમકિત મૂળ બાર વ્રત લીધા તે પ્રદ્યુમ્ન મેઘ જેવા, ૩ શ્રેણિક મહારાજા અનાથી મુનિની વાણી એકવાર સાંભલીને સમકિત પામ્યા તે **જીમૂત મેઘ** જેવા ૪ પાંચમાં આરામાં જે વારે બોધ સાંભલે ત્યારેજ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાંઈક પરિણામ કુણા થાય, વ્યાખ્યાનમાંથી ઉઠયા પછી કાંઈજ નહિ, તે **જીમ્હ મેઘ** જેવા.

- **વૃક્ષો-૧** વૃક્ષ ઉંચાને ફળ નીચા-ખજૂર દ્રાક્ષ બીજોરાદિક ૨ ફળ ઉંચાને વૃક્ષ નીચા-નાલીયેરાદિક, ૩ વૃક્ષ ઉંચાને ફળ ઉંચા તાડાદિક ૪ વૃક્ષ પણ નીચે ને ફળ પણ નીચા રીંગણા આદિક.

- **પુરૂષો-૧** પુરૂષ જાતિના ઉંચા પણ કરણિના નીચા-બ્રહ્મદત્ત ચક્રવર્તીની પેઠે, ૨ પુરૂષ જાતિના નીચા પણ કરણિના ઉંચા હરિકેશી, બળમુનિના પેઠે, ૩ પુરૂષ જાતિથી પણ ઉંચાને કરણિયાથી પણ ઉંચા- આદિનાથ તથા ભરત ચક્રીના પેઠે, ૪ પુરૂષ જાતિના પણ નીચા અને કરણીના પણ નીચા કાલસૌરિક કસાઈના પેઠે.

- **બળ-૧** એકને તપસ્યાનું બળ છે પણ આહારનું બળ નહિ, ૨ એકને આહારનું બળ છે, પણ તપસ્યાનું બળ નહિ, ૩ એકને આહારનું તથા તપસ્યાનું બન્નેનું બળ છે, ૪ એકને આહારનું પણ બળ નહિ, ને તપસ્યાનું પણ બળ નહિ.

- **સાધુઓ-૧ રત્નના ગોળા સમાન** ગણધરદેવ, ૨ **હીરાના ગોલાસમાન** સાધુ નિર્ગ્રંથ, ૩ **સોનાના ગોળાસમાન**- સાધુલક્ષણ યુક્ત ઉપયોગી સાધુ, ૪ **રૂપાના ગોળાસમાન** સામાન્ય સાધુ.

- **ધર્મિષ્ઠ પુરૂષો-૧** માખણનો ગોળો તાપે મૂકવાથી જેમ ગળી જાય, તેમ કોઈક જીવ બીજાના મિથ્યાવચનથી ધર્મને છોડી દે, ૨ લાખનો ગોળો તાપે મૂકવાથી ઓગળે નહિ, પણ અગ્નિ આગળ મૂકીયે તો ગળી જાય, તેમ કોઈક જીવ પુરૂષના વચન સાંભળી ધર્મને છોડે, પણ ગાલી પ્રમુખ દુર્વચન સાંભળીને ધર્મ છોડી દે, ૩ કાટનો ગોળો,તાપે મૂકવાથી ગળે નહિ, તેમજ અગ્નિના પાસે મૂકવાથી ન બળે, પણ અગ્નિમાં નાખવાથી બળી જાય તેમ કોઈક જીવ વચનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહેવાથી તેમજ ગાળો દેવાથી પણધર્મ છોડે નહિ પરંતુ મારવા કુટવાથી ધર્મને છોડી દે છે. ૪ માટીનો ગોળો તાપના પાસે મૂકો તો પણ ગળે નહિ, ને અગ્નિમાં નાખો તો પણ નહિ ગળતાં ઉલટો પાકો થાય, તેમ કોઈક જીવ વચન-ગાળો મારવા કુટવાથી પણ ધર્મને નહિ છોડતાં ધર્મને વિષે દ્રઢ થાય છે, કામદેવાદિકની પેઠે.

● **બુદ્ધિ ૧** તીર્થંકર મહારાજાની બુદ્ધિ સમુદ્ર જેવી, ૨ ગણધરની બુદ્ધિ સરોવર જેવી, ૩ ઉત્તમ સાધુની બુદ્ધિ કુવા જેવી, ૪ સામાન્ય સાધુની બુદ્ધિ ખાબોચીયા જેવી.

● **આચાર્યો-૧** આચાર્ય વિહાર કરે, પણ સભાને બોધ ન આપે, ૨ આચાર્ય વિહાર કરે ને સભાને બોધ પણ આપે, ૩ આચાર્ય વિહાર કરે ને સભાને બોધ પણ આપે, ૪ આચાર્ય વિહાર ન કરે ને બોધ પણ ન આપે.

● **પુરૂષ-૧** પુરૂષને ધર્મ ઉપર પ્રેમ છે, પણ ધર્મને વિષે દ્રઢતા નથી, ૨ પુરૂષને ધર્મ ઉપર દ્રઢતા છે, પણ ધર્મ કરવા ઉપર પ્રેમ નથી. ૩ પુરૂષને ધર્મ ઉપર પ્રેમ પણ છે, ને દ્રઢતા પણ છે, ૪ પુરૂષને ધર્મ ઉપર પ્રેમ પણ નથી ને દ્રઢતા પણ નથી.

● **પુરૂષ-૧** બીજાને ગુણ કરે પણ અભિમાન કરે, ૨ બીજાને ગુણ કરે પણ અભિમાન ન કરે, ૩ બીજાને ગુણ પણ કરે ને અભિમાન પણ કરે, ૪ બીજાને ગુણ પણ ન કરે ને અભિમાન પણ ન કરે.

● **પુરૂષ-૧** સત્યવાદિ છે, પરંતુ દયા સંયમાકિથી રહિત છે, ૨ સંયમી છે પરંતુ અસત્યવાદિ છે, ૩ સંયમી છે તેમજ સત્યવાદિ પણ છે, ૪ સંયમી પણ નથી અને સત્યવાદિ પણ નથી.

● **વસ્ત્રો-૧** સ્વભાવે ઉજવળ છે તેને નિર્મલપાણીથી ધોવાથી તે તત્કાળ ઉજવળ થાય છે, ૨ પ્રથમથી મેલું છે, પરંતુ પાણીવડે કરી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધોવાથી પાછળથી ઉજવળ થાય છે, ૩ પ્રથમથી પણ મેલું છે ને ધોયા પછી પણ મેલું જ રહે છે, ૪ પ્રથમથી ને પાછળથી સર્વથા મેલું જ હોય છે.

● **ચાર પ્રકારના પુરૂષો-૧** બાહારથી ન્હાઈ ધોઈને ઉજવળ દેખાવમાં થયેલા છે, પરંતુ પેટમાં મેલા છે, ૨ બાહિર મેલા છે, પરંતુ પેટના ઉજવળ છે, ૩ બાહિર અને પેટમાં ઉજવળ છે, ૪ બાહિરને પેટમાં મેલાજ છે.

● **વૃક્ષ અને ફળો-૧** વૃક્ષ સરલ પણ ફલ વાંકા, ૨ વૃક્ષવાંકા પણ ફળ સરલ, ૩ વૃક્ષ સરલ ને ફળ પણ સરલ, ૪ વૃક્ષ વાંકા ને ફળ પણ વાંકા.

● **ચાર પ્રકારના પુરૂષો**-દેખાવમાં સરલ પણ મનમાં કુટિલ વક્ર, ૨ દેખાવમાં કુટિલ કુબ્જ વામન પણ મનમાં સરલ, ૩ દેખાવમાં સરલ ને મનમાં પણ સરલ, ૪ એક પુરૂષ દેખાવમાં પણ વક્ર ને મનમાં પણ વક્ર.

● **વૃક્ષ અને ફળો-૧** આમ્રવૃક્ષને ઘણી જતનાથી ઘણા પ્રકારે સંભાળ કરવાથી ઘણા પ્રકારે ફળો આપે, ૨ તાડવૃક્ષને ઘણી જતનાથી સાચવે છતાં ફળ અલ્પ આપે, ૩ વેલડીની સેવા થોડી કરવાથી ફળ ઘણાં આપે, ૪ એક વૃક્ષની સેવા પણ થોડી ને ફળો પણ થોડા.

● **ચાર પ્રકારના પુરૂષો-૧** એક પુરૂષ ભગવંતનો માર્ગ ઘણો આરાધે ને ગુરૂમાહારાજની ભક્તિ પણ ઘણી કરે, અને મુક્તિ ફળ મેળવે-ગૌતમ સ્વામિના પેઠે, ૨ એક પુરૂષ એક માર્ગની સેવા ઘણી કરે પરંતુ ફળ અલ્પ મેળવે-કુલવાલક સાધુના પેઠે, ૩ એક પુરૂષ માર્ગ થોડો સેવે ને ફળ ઘણું મેળવે- અર્જુનમાળી તેમજ પ્રદેશીરાજાની પેઠે, ૪ એક પુરૂષ ભગવંતનો માર્ગ સ્વલ્પ સેવે ને ફળ પણ સ્વલ્પજ મેળવે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

● **પુત્રો-૧** પિતાથી અધિક-તે આદિશ્વરજી, ૨ પિતાથી હીન-તે ભરતચક્રી, ૩ પિતા પુત્ર બન્ને સરખા-આદિત્યયશા અને મહાયશા, ૪ એક કુલાંગાર કંડરિકના પેઠે.

● **એવા ચાર શિષ્ય-૧** એક શિષ્ય ગુરૂથી અધિકારસિંહગિરિથી વજસ્વામિની પેઠે. ૨ એક શિષ્ય ગુરૂથી હીના-તે ભદ્રબાહુથી સ્થૂલભદ્રની પેઠે, ૩ એક શિષ્ય ગુરૂના બરોબર-પ્રભવસ્વામીને શય્યંભવની પેઠે, ૪ એક શિષ્ય. ગુરૂને કલંક લગાડનાર-કુલવાલક તથા ઉદાયિનેમારનાર વિનેયરત્નની પેઠે.

● **ક્રોધ ઉપજે-૧** પોતાની ઉપર ક્રોધ ઉપજે, ૨ પરની ઉપર ક્રોધ ઉપજે, ૩ પોતાના અને પરના ઉપર ક્રોધ ઉપજે, ૪ વિના કારણે નાહક ક્રોધ ઉપજે.

● **ક્રોધ ૪ પ્રકારે ઉપજે-** શરીર નિમિત્તે ક્રોધ ઉપજે, ૨ વસ્ત્રનિમિત્તે ક્રોધ ઉપજે, ૩ ઉપકરણ નિમિત્તે ક્રોધ ઉપજે ૪ ક્ષેત્ર નિમિત્તે ક્રોધ ઉપજે.

● **જિનકલ્પી ચાર ઠેકાણે બોલે -૧** કોઈ વસ્ત્રાની યાચના કરવી હોય ત્યારે બોલે, ૨ પૂછવાને માટે બોલે, ૩ આજ્ઞા લેવાને માટે બોલે, ૪ કોઈએ કાંઇ પૂછવાથી ઉત્તર આપવા માટે બોલે.

● **પડિમા-સમાધિ પડિમા-**તે સમતાભાવ રાખે, ૨ **ઉપધાન પડિમા** તે તપસ્યા કરે, ૩ **વિવેક પડિમા-** તે શરીર ત્યાગ કરે, ૪ **વ્યુત્સર્ગ પડિમા-**તે કાઉસગ્ગ કરે.

● **આચાર્ય** - ૧ એક આચાર્ય વૈયાવચ્ચકરે નહિ અને કરાવે નહિ, ૨ એક આચાર્ય વૈયાવચ્ચ કરે નહિ પણ કરાવે ખરા, ૩ એક આચાર્ય વૈયાવચ્ચ કરે પણ કરાવે નહિ, ૪ એક આચાર્ય વૈયાવચ્ચ કરે ને કરાવે પણ ખરા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

● **હાથી-૧ ભદ્રજાતિનો** કલ્યાણકારી, ધૈર્યવંત, સંગ્રામ માંથી ખસે નહિ, ઉતાવળો ચાલે, આગળથી ઉંચા શરીરવાળો, પાછળથી નીચા શરીરવાળો સર્વ અંગોપાંગે શોભિત આંખો કાંઈક પીળી હોય છે, પૂછડું ઠેઠ ધરતી સુધી લાંબુ હોય છે શરદ ઋતુમાં તેને મદ ચડે, દાંતવડે કરીને પરજીવને મારે, એવા ગુણોથી ભદ્રજાતિનો હસ્તિ જાણવો, **૨ મંદ જાતિનો**-ધૈર્યવંત, ઉતાવળો ચાલે, આંખો પીળી હોય, પુંછડું આગળથી જાડું હોય, છેડે પાતળું હોય, નખ કેશ, ચામડી જાડી હોય, વસંતઋતુમાં મદ ચડે, સુંઢથી સંગ્રામ કરે, પરજીવને હણે, ૩ મૃગ જાતિનો નખ-કેશ પાતળા, ચામડી પણ બહુ પાતળી, ઘણો બીકણ, લડાઈમાંથી નાસે, હેમંતઋતુમાં મદ ચડે, સર્વ શરીરથી પરજીવને હણે, ૪ **સંકીર્ણહાથી** એ ત્રણે હાથીયોમાંથી થોડા થોડા ગુણોવાળો હોય, સર્વ ઋતુમાં મદ ચડે, આખે શરીરે કરીને પરજીવને હણે.

● **ચાર જાતના પુરૂષો**-પુરૂષ ભદ્રજાતિનો દેખાવમાં શોભનીક, મનનો કલ્યાણકારી, ધૈર્યવાળો, ૨ પુરૂષ મંદ જાતિનો કામ કરતાં ઢીલ ઘણી કરે, મનમાં ઘણો ડરે, પાપથી ડરે, લોકથી પણ ડરે, ૩ પુરૂષ મૃગજાતિનો મનમાં ડરે, પાપથી ડરે, લોકથી ડરે, ૪ પુરૂષ સંકીર્ણજાતિનો ઉપરલા ત્રણના થોડા ગુણો હોય.

● **પુરૂષ-૧** પરને ગુણ કરે પોતાનું અપમાન કરે, ૨ પોતાને ગુણ કરે પરનું અપમાન કરે, ૩ પરને ગુણ ન કરે પણ પોતાનું અપમાન કરે, ૪ પરને ગુણ પણ ન કરે તેમ પોતાનું અપમાન પણ ન કરે.

● **રોગો-૧** એક રોગ દેખાવમાં ખરાબ પણ વેદના નથી મેદ, ૨ એક રોગ દેખાવમાં ખરાબ નહિ પણ વેદના ઘણી-કંઠમાળ ૩ એક રોગ દેખાવમાં ખરાબને વેદના પણ ઘણી-પેટ માથા શૂળાદિક થાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે, ૪ એક રોગ દેખાવમાં ખરાબ નહિ ને વેદના પણ બહુ નહિ શુન્ય ભ્રમ.

• **શેઠીયા-૧** એક આદરમાન આપે પણ પૈસા ન આપે, ૨ એકપૈસા આપે પણ આદરમાન ન આપે, ૩ એક આદરમાન આપે ને પૈસા પણ આપે,૪ એક આદરમાન નહિ ને પૈસા પણ નહિ આપે.

• **વ્રત-૧** સિંહની પેઠે લે ને સિંહના પેઠે પાળે-ભરતની પેઠે, ૨ સિંહની પેઠે લે ને શીયાળની પેઠે પાળે કંડરીકના પેઠે, ૩ શિયાળની પેઠે લે ને સિંહના પેઠે પાળે, ૪ શીયાળની પેઠે લે ને શીયાળની પેઠે પાળે કાળકાચાર્યના કુશિષ્યો.

• **સ્નેહ-૧** તૃણની સાદડીની પેઠે તુટતા વાર લાગે નહિ, ૨ વાંસની સળીની સાદડીની પેઠે તુટતા થોડી વાર લાગે, ૩ ચામડાની સાદડીની પેઠે તુટતા વાર લાગે, ૪ કામલની સાદડીની પેઠે વિશેષ વાર લાગે.

• **ચાર જાતના પુરૂષ-૧** એક પોતાનું પાપ પ્રગટ કરે અને બીજા પાસે પાપ પ્રગટ કરાવે નહિ, ૨ એક બીજા પાસે પાપ પ્રગટ કરાવે અને પોતે પાપ પ્રગટ કરે નહિ, ૩ એક પોતાનું અને બીજાનું બન્નેનું પાપ પ્રગટ કરે કરાવે ૪ એક પોતાનું પાપ પ્રગટ કરે નહિ અને બીજાનું પાપ પ્રગટ કરાવે નહિ.

• **પુરૂષો-૧** એક પોતાના પાપની નિર્જરા કરે ને બીજાના પાપની નિર્જરા કરાવે નહિ-પ્રત્યેકબુદ્ધની પેઠે, ૨ એક પરના પાપ ખપાવે પણ પોતાના પાપ ખપાવે નહિ- અભવ્યની પેઠે, ૩ એક પોતાના તથા પરના બન્નેના પાપ ખપાવે સાધુની પેઠે, ૪ એક પોતાના તથા પરના બન્નેના પાપ ખપાવે નહિ-મિથ્યાત્વી.

• **દેવગતિનું આયુષ્ય બાંધે-૧** ઉદારચિત્તાવાળો, ૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુસ્વરકંઠવાળો ૩ ધર્મનો રાગી, ૪ દેવગુરૂનો રાગી.

- **તિર્યંચનું આયુષ્યબાંધે-૧** ઘણો ઉલ્લંઠ, ૨ અસંતોષી, ૩ માયાવી, ૪ મૂર્ખની સેવા કરનાર ક્ષુધાતુર-આળસું
- **મનુષ્યની ગતિનું આયુષ્ય બાંધે-૧** વિનયિ ૨ નિર્લોભી ૩ દયા-ધર્મ ઉપર પ્રેમ રાખનાર, ૪ પારકાના મનમાં સારો લાગનાર.
- **નરકનું આયુષ્ય બાંધે-૧** ક્રોધી, ૨ પંડિતાઈરહિત, ૩ કષાયી, ૪ કલકલીભૂત-ઘણો કલેશી.
- **ભુવનપતિમાં જાય-૧** ક્રોધ કરે તે, ૨ ક્રોધના સાથે પ્રતિબંધ કરે તે, ૩ નિમિત્ત ભાખે તે ૪ ઈહલોકને માટે તપશ્ચર્યા કરે તે.
- **નાટકીયા દેવ થાય ૧** કુમાર્ગનીદેશના દે, ૨ માર્ગને તોડી પાડે, ૩ વારંવાર નિયાણું કરે, ૪ અતૃપ્તિથી ભોગ ભોગવે.
- **કિલ્બિષિ દેવ થાય-૧** તીર્થંકરના અવર્ણ બોલે, ૨ કેવળી પ્રરૂપિત ધર્મના અવર્ણવાદ બોલે, ૩ ધર્માચાર્યના અવર્ણવાદ બોલે, ૪ ચતુર્વિધ સંઘના અવર્ણવાદ બોલે.
- **દેવ મનુષ્ય લોકે ન આવે-૧** દેવતા સંબંધિ સુખભોગથી તલાલીન છે તેથી, ૨ બીજાનો રાગ સ્નેહ તુટવાથી અને દેવતાનું નાટક જઘન્ય દસ દિવસ, મધ્યમ છ મહિના, ઉત્કુષ્ટ દસ હજાર વર્ષ થાય તેમાં સ્વજનવર્ગનું આયુષ્ય પુરૂં થઈ જાય તેથી ન આવે, ૩ મનુષ્ય લોકની દુર્ગંધ પાંચસો યોજન ઉંચી ઉછળે છે તેથી ૪ ચારસો યોજન પ્રથમ દ્વિતીય આરે મલમૂત્ર થોડા તેથી અને પાંચસો યોજન ચારે આરામાં ભરત ઐરવતે મળમૂત્ર ઘણા તેથી.
- **મનુષ્ય લોકમાં દેવ આવે-૧** તીર્થંકરના પાંચ કલ્યાણકે આવે, ૨ પોતાના ઉપકારી આચાર્ય ઉપાધ્યાયને વંદના નમસ્કાર કરવા અને પોતાની ઋદ્ધિ દેખાડવા આવે, ૩ તપસ્વીનો મહિમા કરવાને માટે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવે, ૪ સ્વજન મિત્રાદિકના સ્નેહથી બંધાયેલો આવે.

- **લોકમાં ઉદ્યોત થાય**-૧ તીર્થંકરના જન્મ કલ્યાણક વખતે, ૨ તીર્થંકરની દીક્ષા વખતે, ૩ તીર્થંકરના કેવળજ્ઞાન વખતે, ૪ તીર્થંકરના મોક્ષ વખતે.
- **ધર્મપામે નહિ**-૧ અહંકારી, ૧ ક્રોધી, ૩ રોગી, ૪ પ્રમાદી.
- **સજ્ઝાય ધ્યાન ન કલ્પે**-૧ સૂર્ય ઉદય પહેલાનીને ઉદય પછીની એક એક ઘડી, ૨ સૂર્ય અસ્ત થયાની પહેલાની ને પછીની એક એક ઘડી, ૩ મધ્યાન્હ વેલાયે, ૪ મધ્ય રાત્રિયે.
- **ચાર મહોત્સવ સ્વાધ્યાયમાં વિઘાત કરે**-૧ ઇંદ્ર મહોત્સવ, ૨ નાગ મહોત્સવ, ૩ ભૂત મહોત્સવ, ૪ જક્ષ મહોસવ.
- **મહા પડવા**-૧ આસો શુદિ પૂનમનો, ૨ કાર્તિક શુદિ પૂનમનો, ૩ માગશર શુદિ પૂનમનો, ૪ ચૈત્રશુદિ પૂનમનો
- **લોકનો મધ્યભાગ**-૧ ઉંચે લોકનો મધ્યભાગ પાંચમા દેવલોક સુધી, ૨ અધોલોકનો મધ્ય ભાગ ચોથી નરક સુધી ૩ તિર્ચ્છાલોકનો મધ્યભાગ મેરૂપર્વતના આઠ રૂચક પ્રદેશ, ૪ સર્વ લોકનો મધ્યભાગ પહેલી નરક સુધી.
- **ફળો**-૧ ઉપરથી કઠણ ને અંદરથી કોમળ નાળિયેરાદિક, ૨ બાહરથી કોમળ અને અંદરથી કઠણ બોર આદિક, ૩ બાહરથી અને અંદરથી કોમળ જાયફળાદિક દ્રાક્ષાદિક, ૪ બાહરથી અને અંદરથી કઠણ સોપારિ આદિક.
- **ચાર પ્રકારના પુરૂષો**-૧ પુરૂષ-૧ પુરૂષ ઉપરથી ઘણા કઠોર વચન બોલે પણ અંતરમાં નરમ, ૨ પુરૂષ ઉપરથી મીઠા વચન બોલે પણ અંતરમાં કઠોર, ૩ એક પુરૂષ ઉપરથી પણ મીઠું બોલે અંતરમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ નિર્મળ, ૪ એક પુરૂષ ઉપરથી પણ કઠોર બોલે અંતરમાં પણ કઠોર.

● **ચાર જાતના વિષ-૧** વીંછીનું અર્ધભરત પ્રમાણ, ૨ દેડકાનું આખા ભરત પ્રમાણ ૩ સર્પનું જંબુદ્વીપ પ્રમાણ, ૪ મનુષ્યનું અઢીદ્વિપ પ્રમાણ.

● **ચાર કારણથી નારકીના જીવો મનુષ્યમાં ન આવી શકે** ૧ પરમાધામીના મારથી, ૨ ક્ષેત્રવેદનાથી, ૩ ઘણી અશાતા વેદનાથી, ૪ ઘણા આયુષ્યથી.

● **નરકમાં ચાર પ્રકારે અંધારૂ-૧** નારકીનું અંધારૂ ૨ નારકીના જીવનું અંધારૂ, ૩ નરકવાસનું અંધારૂ, ૪ અશુભ પુદગલોનું અંધારૂ.

● **મનુષ્યમાં પ્રકાશ-૧** ચંદ્રમાનો પ્રકાશ, ૨ સૂર્યનો પ્રકાશ, ૩ અગ્નિનો પ્રકાશ, ૪ મણિ રત્નનો પ્રકાશ.

● **દેવલોકમાં પ્રકાશ-૧** દેવલોકની ભૂમિનો પ્રકાશ, ૨ વિમાનનો પ્રકાશ, ૩ દેવકાંતિનો પ્રકાશ, ૪ દેવના અલંકારોનો પ્રકાશ.

● **ચાર પ્રમાણ-૧ આગમ પ્રમાણ**-સિદ્ધાંતથી દેવ-મનુષ્ય વિગેરે જાણે, ૨ **અનુમાન પ્રમાણ**-જયાં અગ્નિ હોય ત્યાં ધૂમાડો હોય વિગેરે અનુમાનથી જાણે, ૩ **ઉપમા પ્રમાણ**-જેમ ગાય જેવો રોઝ છે એમ ઉપમાથી જાણે, ૪ **પ્રત્યક્ષ પ્રમાણ**-નજરે દેખીને જાણે.

● **ચાર ઉપમા-૧** અસતિ વસ્તુને સતિ ઉપમા, ૨ સતિ વસ્તુને અસતિની ઉપમા, ૩ સતિ વસ્તુને સતિની ઉપમા ૪ અસતિ વસ્તુને અસતિની ઉપમા.

● **જીવને કર્મસંયોગ-૧ દ્રવ્ય સંયોગ**-જે દ્રવ્યથી જીવ કર્મબાંધે તે દ્રવ્યથી જ કર્મ ભોગવે, ૨ **ક્ષેત્ર સંયોગ**-જે ક્ષેત્રે જીવ કર્મ બાંધે, તે ક્ષેત્રથીજ કર્મ ભોગવે, ૩ **કાલ સંયોગ**-જે કાળે કર્મ બાંધે તેજ કાળે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્મ ભોગવે, ૪ **ભાવસંયોગ**-જેવા પ્રમાણથી કર્મ બાંધે તેવાજ પ્રમાણથી કર્મ ભોગવે.

- **નિર્જરા ચાર પ્રકારની-૧** ઘણી વેદના અલ્પ નિર્જરા સાતમી નરકના જીવને, ૨ અલ્પ વેદના મહાનિર્જરા સામાન્ય સાધુને, ૩ મહાવેદના મહાનિર્જરા પડિમાધારી સાધુને, ૪ અલ્પ વેદના અલ્પ નિર્જરા-પાંચ અનુત્તર વિમાનના દેવોને.

- **અવધિજ્ઞાન ઉપજે-૧** ભગવંતે કહ્યા પ્રમાણે પરિસહ સહન કરવાથી અવધિજ્ઞાન ઉપજે, ૨ બાર કુળની ગોચરી નિઃસ્પૃહપણે કરે તો અવધિજ્ઞાન ઉપજે, ૩ ચાર વિકથા ત્યાગ કરે તો અવધિજ્ઞાન ઉપજે, ૪ રાત્રિએ ધર્મજાગરણ કરે તો અવધિજ્ઞાન ઉપજે.

- **અવધિજ્ઞઆન ન ઉપજે**-ભગવંતે કહ્યા પ્રમાણે પરિષહ સહન ન કરે તો અવધિજ્ઞાન ન ઉપજે, ૨ બાર કુળની ગોચરી નિઃસ્પૃહપણે ન કરે તો અવધિજ્ઞાન ન ઉપજે, ૩ ચાર વિકથા ત્યાગ ન કરે તો અવધિજ્ઞાન ન ઉપજે, ૪ રાત્રિયે. ધર્મજાગરણ ન કરે તો અવધિજ્ઞાન ન ઉપજે.

- **ચાર ને જીતવા બહુજ કઠણ-૧** વ્રતોમાં બ્રહ્મચર્યપાળવું બહુજ કઠણ ૨ આઠ કર્મમાં મોહનીયને જીતવું બહુજ કઠણ, ૩ પાંચ ઇંદ્રિયમાં રસેંદ્રિય જીતવી બહુજ કઠણ, ૪ ત્રણયોગમાં મનયોગ જીતવો બહુજ કઠણ.

- **ચાર પામવા બહુજ દુર્લભ-૧** પાંચ જ્ઞાનમાંકેવળજ્ઞાન પામવું બહુજ દુર્લભ છે, ૨ છ લેશ્યામાં શુકલલેશ્યા પામવી મહાદુર્લભ છે, ૩ ચાર ધ્યાનમાં ધર્મધ્યાન શુકલ ધ્યાન પામવું મહાદુર્લભ છે, ૪ યુવાન અવસ્થામાં શીયલપાળવું મહાદુર્લભ છે.

- **ચાર મહા દુર્લભ છે-૧** લઘુવયમાં શીયળ પાલવું મુશીબત છે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨ વિદ્યમાન ભોગોનો ત્યાગ કરી દીક્ષા લેવી દુર્લભ છે,૩ મોટા પુરૂષોને ક્ષમા કરવી મુશીબત છે, ૪ કૃપણને દાન આપવું મુશીબત છે.

- **ચાર ઠેકાણે કષાયો વસે છે-૧** કપાળે ક્રોધનો વાસો છે, ૨ ડોકે માનનો વાસો છે, ૩ હૃદયે માયાનો વાસો છે, ૪ સર્વ અંગે લોભનો વાસો છે.

- **બુદ્ધિની ચાર વાત-૧** જાગતાં ચોર નાસે, ૨ ક્ષમા કરતાં કલેશ નાસે, ૩ ઉદ્યમ કરતાં દારિદ્રય નાસે, ૪ ભગવાનની વાણી સાંભળતાં પાપ નાસે.

- **પ્રતિબંધ-૧ દ્રવ્ય પ્રતિબંધ**-તે શિષ્ય વસ્ત્ર પાત્ર વિગેરેનો પ્રતિબંધ, ૨ **ક્ષેત્રે પ્રતિબંધ**-તે ગામ નગર સ્થાનનો પ્રતિબંધ, ૩ **કાળ પ્રતિબંધ**-તે સમય આવલિ મુહુર્ત વિગેરેનો પ્રતિબંધ, ૪ **ભાવ પ્રતિબંધ**-તે રાગ દ્વેષ કષાયનો પ્રતિબંધ.

- **સુખ દુઃખ વેદવું-૧** સુખદુઃખ જાણે ને વેદે તે ચારે ગતિના જીવ, ૨ એક જાણે પણ વેદે નહિ-તે સિદ્ધના જીવ, ૩ એક વેદે પણ જાણે નહિ અસંજ્ઞિ, ૪ એક જાણે નહિ ને વેદે નહિ અજીવ દ્રવ્ય

- **પુરૂષ-૧** એક પોતે પરિસહ જીતે પણ બીજાને જીતાવે નહિ-જીનકલ્પી, ૨ એક બીજાને પરિસહ જીતાવે પણ પોતે જીતે નહિ-કંડરિક, ૩ એક પોતે પરિસહ જીતે ને બીજાને જીતાવે, ૪ એક પોતે જીતે નહિ અને બીજાને જીતાવે નહિ.

- **પુરૂષ**-એક પોતાના ને પરના કર્મનો અંત કરાવે છે-આદિશ્વરજી, ૨ એક પોતાના કર્મનો અંત કરે છે પણ બીજાનો નહિ પડિમાધારી, ૩ એક પરના કર્મનો અંત કરે પણ પોતાના કર્મનો અંત ન કરે-પડવાઇ સમ્યક્દ્રષ્ટિ, ૪ એક પોતાના ને પરના કર્મનો અંત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ન કરાવે પાંચમા આરાના ભગવાનની આજ્ઞાવિરાધક સાધુ.

● **આચાર્ય-૧** અંદરના તથા બહારના પરિસહ સહે-દેશ થકી તથા સર્વથકી આરાધક, ૨ એક અંદરના પરિસહ જીતે પણ બાહિરના સહન કરે નહિ તે દેશથકી વિરાધક અને સર્વથકી આરાધક, ૩ એક બાહિરના પરિસહ સહે ને અંદરના ન સહે તે દેશથકી આરાધકને સર્વથકી વિરાધક ૪ એક અંદર તથા બાહીરના પરિસહ ન જીતે તે દેશથકી તથા સર્વથકી વિરાધક.

● **સ્વલ્પ-૧** રત્નની ખાણો સ્વલ્પ, ૨ સત્યપુરૂષો સ્વલ્પ, ૩ કપૂરવાસિત શંખ સ્વલ્પ, ૪ સૂત્ર પ્રમાણે ઉપદેશ આપનારા સ્વલ્પ.

● **કાળ-૧** ચરકાળ, ૨ નિમિત્તકાળ, ૩ મરણકાળ, ૪ અદ્ધાસમય કાળ.

● **પુરૂષો થોડા-૧** પરના દુઃખે દુઃખી થોડા, ૨ પરનો ઉપકાર કરનારા થોડા, ૩ ગુણગ્રાહી લોકો થોડા,૪ નિર્ધન પર સ્નેહ રાખનારા થોડા.

● **ઘણા પુરૂષો-** ૧ પૂર્વદિશામાં ભોગી ઘણા, ૨ પશ્ચિમદિશામાં શોકી ઘણા, ૩ ઉત્તરદિશામાં યોગી ઘણા, ૪ દક્ષિણદિશામાં રોગી ઘણા.

● **દેવતા દુઃખ આપે-૧** હાસ્યના કારણથી, ૨ દ્વેષના કારણથી ૩ ભયના કારણથી ૪, પરીક્ષાના કારણથી.

● **આહારની ઈચ્છાના કારણ-૧** ઉણોદરીથી, ૨ ક્ષુધાલાગ્યાથી, ૩ આહારની વાત સાંભળવાથી, ૪ વારંવાર આહારની વાત સાંભળવાથી.

● **વિષય અભિલાષા થાય-૧** ઘણા લોહીમાંસની પુષ્ટિ, ૨ ઘણા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોહનીય કર્મથી ૩ વિષયની વાત સાંભળવાથી, ૪ રાગ રંગ સાંભળવાથી.

- **પરિગ્રહ સંજ્ઞા ઉત્પન્ન થાય-૧** ઘણું ધન મેળવવાથી ૨ પરિગ્રહના મોહથી, ૩ પરિગ્રહની વાત સાંભળવાથી, ૪ વારંવાર પરિગ્રહ સંભાળવાથી.

- **ગળણા-૧** પૃથ્વીનું ગળણું ઈર્યાસમિતિ, ૨ મનનું ગળણું શુભ ધ્યાન, ૩ વચનનું ગળણું નિર્દોષી ભાષા, ૪ સંસારનું ગળણું જાડું લુગડું.

- **આચાર્ય-૧** પોતે ભણે બીજાને ભણાવે, ૨ પોતે ભણે બીજાને ન ભણાવે, ૩ બીજાને ભણાવે પોતે ન ભણે, ૪ પોતે ન ભણે બીજાને ન ભણાવે.

- **સાધુ-૧** એક પોતાનું ભરણ પોષણ કરે બીજાનું ન કરે **જીન કલ્પી,** ૨ એક બીજાનું ભરણ પોષણ કરે પોતાનું નહિ **પરમ ઉપકારી સાધુ,** ૩ એક પોતાનું તથા પરનું બન્નેનું ભરણ પોષણ કરે **સામાન્ય સાધુ,** ૪ એક પોતાનુ તથા પરનુ ભરણ પોષણ ન કરે **દરિદ્રિ સાધુ.**

- **દુઃખ શય્યા-૧** ઉંચી નીચી જગ્યામાં સુવાથી દુઃખ ઉપજે તે દ્રવ્ય દુઃખ શય્યા, સંયમમાં દોષ લગાવે, ભગવંતની વાણીના ઉપર શંકા કરે, મનના પ્રણામ ઉંચા નીચા રાખે તે પહેલી દુઃખ શય્યા, ૨ પોતાને પ્રાપ્ત થયેલ વસ્તુમાં શંકા ન કરે, પરાઇ આશા રાખે, તે બીજી દુઃખ શય્યા, ૩ દેવ મનુષ્યના ભોગની વાંછા કરે તે ત્રીજી દુઃખ શય્યા, ૪ નાવું ધોવું મેલ વિગેરેને નહિ સહન કરી શકે, તે ચોથી દુઃખ શય્યા.

- **દિક્ષા ન દેવી-૧** રોગી ને, ૨ વિગયના લોલુપીને, ૩ ક્રોધીને, ૪ માયાવીને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

● **દેવ જણાય**-૧ આંખનુ મટકું નહિ મારવાથી, ૨ પડછાયો નહિ પડવાથી, ૩ પુષ્પ માળા નહિ કરમાવાથી, ૪ જમીનથી ચાર આંગુળ ઉંચે હોવાથી.

● **ધર્મ-૧ દાન ધર્મ**-ધન્નો શાલીભદ્ર અસંખ્ય ઋદ્ધિના ભોગી થયા, ૨ **શીયલધર્મ**-સુદર્શન શેઠ કલાવતી આદિ, ૩ **તપ ધર્મ**-દ્રઢપ્રહારી ઢંઢણઆદિ ઋષીઓ મોક્ષે ગયા, ૪ **ભાવ ધર્મ**-પ્રસન્નચંદ્રરાજર્ષિ, ઈલાચિકુમાર, કપિલસ્કંદકના શિષ્ય, ભરત મરૂદેવાદિક.

● **અનુષ્ઠાન**-૧ પ્રીતિ અનુષ્ઠાન, ૨ ભક્તિ અનુષ્ઠાન, ૩ વચન અનુષ્ઠાન, ૪ અસંગ અનુષ્ઠાન.

● **ક્રિયાના દૂષણો**-૧ દગ્ધ ક્રિયા ૨ શૂન્ય ક્રિયા, ૩ અવિધિ ક્રિયા ૪ અતિપ્રવર્તિ ક્રિયા.

● **ભરત મહારાજાએ બનાવેલા ચાર વેદ**-૧ સંસાર દર્શન વેદ ૨ સંસ્થાપન પરામર્શ વેદ, ૩ તત્વાવબોધ વેદ, ૪ વિદ્યાપ્રબોધ વેદ.

● **ગૌતમ**-૧ ઇંદ્રભૂતિ-ગૌતમ ગણધર શ્રી મહાવીરસ્વામી મહારાજના શિષ્ય, ૨ ગૌતમ બુધ-તે બૌદ્ધમત બૌદ્ધધર્મના ચલાવનાર જુદા છે, ૩ ગૌતમઋષિ તે વૈદિકમતમાં જુદા થયેલા છે, ૪ ગૌતમ-તે નૈયાયિક મતમાં જુદા થયેલ છે.

● **મૂર્ખો**-૧ રોગી છતાં પણ ખાવાનો લોલુપી હોય છે-તે મૂર્ખ કહેવાય છે ૨ ઉધરસનો રોગ છતાં પણ ચોરી કરવાની ટેવવાળો જે હોય છે તે મૂર્ખ કહેવાય છે, ૩ નિદ્રાળુ છતાં પણ પરસ્ત્રીને ઘરે જઈ તેને સેવન કરે તે મૂર્ખ કહેવાય છે ૪ ધનાઢ્ય છતાં પણ કલેશ કરનારો મૂર્ખ કહેવાય છે.

● **પુરૂષો**-૧ પુરૂષ જાત-શીલવંત, શ્રુતવંત, ઉપરત,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવિજ્ઞાતધર્મ, તેને હે ગૌતમ ! મેં દેશ આરાધક કહેલો છે, ૨ પુરૂષ જાત-શ્રુતવંત, અસીલવંત, અનુચરિત, વિજ્ઞાતધર્મ તેને દેશ વિરાધક કહેલો છે, ૩ પુરૂષ જાત-શ્રુતવંત, શીલવંત, ઉપરત, વિજ્ઞાતધર્મ, તેને સર્વ આરાધક કહેલો છે, ૪ પુરૂષ જાત-અશીલવંત અશ્રુતવંત, અનુપરત, અવિજ્ઞાતધર્મ, તેને સર્વ વિરાધક કહેલો છે.

- **કથા-૧** પંડિતોથી હેતુ દ્રષ્ટાંતો સ્યાદ્વાદધ્વનિ યુક્ત, પોતાનો મત જે સ્થાપન કરાય છે તે **આક્ષેપણી કથા,** ૨ પૂર્વાપર વિરોધતાને ધારણ કરનારા, એવા મિથ્યાદ્રષ્ટિયોના મતને સજ્જનો નિવારણ કરે તે **વિક્ષેપણી કથા,** ૩ શ્રેયના શ્રવણમાત્ર કરવાથી, ભવ્ય જીવોને મોક્ષની અભિલાષા થાય તેને વિદ્વાનોએ-**સંવેગની કથા** કહેલી છે. ૪ જેને વિષે સંસારના ભોગ, અંગ, સ્થિતિ લક્ષણનું, વૈરાગ્યના કારણભૂત, જે વર્ણન કરાય છે, તેને **નિર્વેદની કથા** કહેલી છે.

- **ભાવના-૧** કોઈપણ પાપકરો નહિ કોઈપણ દુઃખી થાઓ નહિ, આખું જગત પાપ અને દુઃખથી મુકત થાઓ, એવી જે ભાવના હોય છે તે **મૈત્રી ભાવના** કહેવાય છે, ૨ સમગ્ર દોષોનો ત્યાગ કરી, વસ્તુતત્વને જોનારા જીવોના ગુણોને વિષે જે પક્ષપાત કરવો, તે **પ્રમોદ ભાવના** કહેવાય છે, ૩ દીન, હીન, દુઃખી ભયાકુલ, જીવિતવ્યની યાચના કરનારને, સુખ ઉત્પન્ન કરવાનો ઉપાય કરવો તે **કારૂણ્ય ભાવના** કહેવાય છે, ૪ પાપી ક્રૂર નિઃશંકપણે દેવગુરૂ ધર્મનો નિંદક, અને જેપોતાની પ્રશંસા કરતો હોય તેને વિષે ઉપેક્ષા બુદ્ધિ રાખવી, તે **માધ્યસ્થ** ભાવના કહેવાય છે.

- **કામ ફલીભૂત થાય છે-૧** ઉત્તમને નમસ્કાર કરવાથી, કામ ફતેહ થાય છે, ૨ બલવંતના સાથે ભેદ કરવાથી કામ ફતેહ થાય છે, ૩ નીચને કાંઈક આપવાથી કામ ફતેહ થાય છે, ૪ બરાબરીયા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાથે પરાક્રમ કરવાથી કામ ફત્તેહ થાય છે.

• **તે ચારોના ઉપર ચાર દ્રષ્ટાંતો-૧** એક વખત એક મોલા હાથીને ખાવાની એક શીયાલને ઘણા દિવસથી ભાવના હતી. તેવામાં ત્યાં સિંહ આવ્યો તેને શીયાલે વિવેકથી, તેમજ ભક્તિથી, કહ્યું કે - આ મડદું તમારે ખાવા લાયક નથી, કારણ કે, તેને બીજાએ મારેલ છે. તે સાંભળી સિંહ ત્યાંથી ચાલ્યોગયો. એવી રીતે સિંહ ઉત્તમ હતો, તેની સાથે શીયાલે વિવેક અને ભક્તિથી પોતાનું કામ ફત્તેહ કર્યું. ૨ એવામાં વળી પાછો ત્યાં વાઘ આવ્યો, તેને શીયાલે કહ્યું કે, આ હાથીને મારીને સિંહ ન્હાવા ગયેલો છે અને આને સાચવવા માટે મને રખવાળ તરીકે ઇંહાં રાખેલ છે, આવી રીતે કહેવાથી વાઘ ગયો, એવી રીતે શીયાલે બલવંત સાથે ભેદ કરીને, પોતાનું કામ ફત્તેહ કર્યું, ૩ ત્યાર બાદ ત્યાં ચિત્તો આવ્યો તેને શીયાલે કહ્યું કે આ વાઘનું ભક્ષ્ય છે, માટે થોડું તમે લ્યો, અને થોડું મને આપો. એમ કહીને થોડું તેને આપીને અને થોડું પોતે લઇને ચિત્તાને જાતો કર્યો. એવી રીતે નીચને કાંઇક આપીને શીયાલે પોતાનું કામ ફત્તેહ કર્યું, ૪ ત્યારબાદ ત્યાં શીયાલિયા આવ્યા તેઓને શીયાલિયાયે એવું પરાક્રમ બતાવ્યું કે, તેઓ તેનાથી ભયભીત થઇને શીઘ્રતાથી ત્યાંથી ચાલ્યા ગયા. એવી રીતે જે સમાન હતા, તેઓને શીયાલીયાએ પોતાનું પરાક્રમ દેખાડી ત્યાંથી હાંકી કાઢીને પોતાનું કામ ફત્તેહ કર્યું

**શ્રાવકસાધુ ચૌભંગી-૧** કેટલાક હિતકારી, પણ પરલોક હિતકારી નહિ, ૨ કેટલાક શ્રાવક પરલોક હિતકારી, પણ ઇહલોક હિતકારી નહિ, ૩ કેટલાક શ્રાવક ઇહલોક હિતકારી, તથા પરલોક હિતકારી, ૪ કેટલાક શ્રાવક ઇહલોક હિતકારી નહિ તેમજ પરલોક હિતકારી નહિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧ જે શ્રાવક સાધુને ભકત પાન વસ્તુ વસ્ત્ર પાત્રાદિક આપે છે પણ શિથિલતાને ધારણ કરનારા સાધુને સારણા ન કરે, તે ઇહલોક હિતકારી કહેવાય, પણ પરલોક હિતકારી કહેવાય નહિ. ૨ જે શ્રાવક સંયમને વિષે પ્રમાદ કરનારને સારણા કરે છે, પણ ભક્ત, પાન, વસ્ત્ર, પાત્રાદિક આપતો નથી, તે પરલોક હિતકારી કહેવાય, પણ ઇહલોક હિતકારી કહેવાય નહિ, ૩ જે શ્રાવક સાધુને ભકત, પાન, વસ્ત્ર, પાત્રાદિક, પણ આપે છે તેમજ તેને સારણા પણ કરે છે, તે ઇહલોકે પણ હિતકારી, અને પરલોકે પણ હિતકારી ગણાય છે, ૪ જે શ્રાવક, સાધુને ભકત, પાન, વસ્ત્ર, પાત્રાદિક પણ આપે નહિ તેમજ સારણા, પણ કરે નહિ, તે ઇહલોકે પણ હિતકારી ન કહેવાય તેમજ પરલોકે પણ હિતકારી ગણાય નહિ.

- **કાલ વિભાગ-૧** દેવકુરૂ, ઉત્તરકુરૂને વિષે સર્વદા સુષમસુષમા કાળ, ૨ હરિવર્ષ રમ્યક્ ને વિષે સર્વદા સુષમા કાળ, ૩ હિમવંત હૈરણ્વંતને વિષે સર્વદા સુષમદુષમા કાળ ૪ વિદેહક્ષેત્રને વિષે, તથા છપ્પન્ન અંતરદ્વિપને વિષે સર્વદા દુષમસુષમા કાળ.

- **હિંસા-૧** આકુટ્ટી હિંસાતે ભડથાદિક કરવાતે, ૨ દર્પહિંસા, તેચડસથી ગાડી ઘોડા દોડાવવા તે, ૩ કલ્પહિંસા, તે વિષય સેવન માટે, ગોળી માજમ વિગેરે ખાવી તે, ૪ પ્રમાદ હિંસા, તે પ્રમાદથી હિંસા કરવીતે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પાંચ પ્રકાર.

- **નિગ્રંથ-૧** પુલાક, ૨ બકુશ, ૩ કુશીલ, ૪ નિગ્રંથ, ૫ સ્નાતક.
- **અભિગમ-૧** સચિત્તત્યાગ, ૨ અચિત્ત અત્યાગ ૩ એક સાડી ઉત્તરાસંગકરણ ૪ ચક્ષુસ્પર્શે અંજલીકરણ ૫ મનોવૃત્તિ એકત્ર કરણ.
- **મેરૂ-૧** સુદર્શન જંબુદ્વિપમાં, ૨ વિજય ઘાતકી ખંડમાં ૩ અછર્લ પુષ્કરાર્ધમાં, ૪ મંદિર ઘાતકીખંડે ૫ વિદ્યુન્માલી પુષ્કરાર્ધમાં.
- **શીવમતે પર્વ-૧** પૂર્ણિમા, ૨ અમાવાસ્યા, ૩ વ્યતીપાત, ૪ વૈધૃત, ૫ સંક્રાંતિ દિન.
- **જિનમતેપર્વી-૧** અષ્ટમી, ૨ ચતુર્દશી, ૩ પૂર્ણિમા, ૪ અમાવાસ્યા, ૫કલ્યાણકની તિથિયો.
- **શરીર-૧** ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તેજસ, ૫ કાર્મણ.
- **ચારિત્ર-૧** સામાયિક, ૨ છેદોપસ્થાપનિય ૩ પરિહાર વિશુદ્ધિ, ૪ સૂક્ષ્મ સંપરાય, ૫ યથાખ્યાત.
- **રાજ્યાભિષેક સમયે દિવ્ય-૧** છત્ર, ૨ ચામર, ૩ પૂર્ણકલશ ૪ હસ્તિ, ૫ અશ્વ.
- **અર્હત્‌પારણે પાંચ દિવ્ય-૧** સુવર્ણવૃષ્ટિ, ૨ ગંધોદક કુસુમવૃષ્ટિ, ૩ સુગંધવાસક્ષેપ, ૪ દેવદુંદુભિ, અહોદાનં અહોદાનં.
- **કામદેવના બાણ-૧** દ્રષ્ટિ, ૨ દ્રષ્ટિપ્રસર, ૩ પ્રસરેણરતી, ૪ રતીથી સદ્‌ભાવ, ૫ સદ્‌ભાવથી સ્નેહ, પુનઃ-૧ ઉન્માદ, ૨ શોષણ, ૩ તાપન, ૪ તાડન, ૫ મોહન.
- **ધાત્રી-૧** મજ્જન, ૨ મંડન, ૩ ક્રીડાકારક, ૪ અંકધાત્રિ, ૫ સ્તન્ય પાન વા બાલ સખી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- **પ્રભુત્વપણું-૧** નાગરિક, ૨ દંભ, ૩ દર્શન, ૪ ઈંદ્રિય ૫ માન પ્રભુત્વ.
- **મહોત્સવો-૧** ધર્મ મહોત્સવ, ૨ દ્રવ્યમહોત્સવ, ૩ કામ મહોત્સવ, ૪ પર્વ મહોત્સવ, ૫ મોક્ષ મહોત્સવ.
- **રાજ્યપાલન-૧** વક્ત્રીત્વં, ૨ આગામિકત્વં, ૩ શાસ્ત્ર સસ્કારં, ૪ પ્રૌઢતા, ૫ સારસ્વતં,
- **નમસ્કાર-૧** ભોજને, ૨ શયને, ૩ જાગરણે, ૪ ચાલતે, ૫ ભયવ્યસને સર્વ કાર્યોનો વિષે.
- **મિથ્યાત્વ : ૧** અભિગ્રહિક, ૨ અનભિગ્રહિક, ૩ અભિનિવેશિક, ૪ સંશયિક, ૫ અનાભોગિક.

૧ મારોજ મત રૂડો બીજાનો કાંઈ નહિ એ આપણા મતનો કદાગ્રહને **અભિગ્રહિક મિથ્યાત્વ,** ૨ મિથ્યાશાસ્ત્ર ભણનારા બ્રાહ્મણની પેઠે સર્વ ધર્મ ભલા સર્વ દર્શન સારા ઈત્યાદિક બધા ધર્મને વખાણે તે **અનભિગ્રહિક મિથ્યાત્વ.** ૩ મધ્યસ્થમાની મિથ્યાત્વી ગોપાલાદિકની પેઠે અહંકાર કરી કાંઈક પોતાનો મત થાપે કાંઈક જિનમત થાપે ગોષ્ટા માહિલ જમાલિ નિન્હવના પેઠે તે **અભિનિવેશિક મિથ્યાત્વ,** ૪ જે પરમેશ્વરના બોલેલા વચન ઉપર સંદેહ કરે, સાચી ખોટી વસ્તુનો નિશ્ચય ન જાણે, સાચા જીવાદિક પદાર્થને વિષે સંદેહ આણે, સાચો જૂઠો ન જાણે તે **સંશય મિથ્યાત્વ,** ૫ એકેંદ્રિય પ્રમુખ સમગ્ર જીવોને અચેતન અજ્ઞાન સર્વકાલ લગે કહેવું તે **અનાભોગિક મિથ્યાત્વ.**

- **આચાર-૧** જ્ઞાનાચાર, ૨ દર્શનાચાર, ૩ ચારિત્રાચાર, ૪ તપાચાર, ૫ વીર્યાચાર.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

● **જીવ કર્મબાંધે :** ૧ આઠમદ કરવાથી, ૨ વિષય સેવનથી, ૩ કષાયમોહનીયથી, ૪ નિંદા કરવાથી, ૫ ચાર પ્રકારની વિકથા કરવાથી.

● **સમકિતના લક્ષણો :** ૧ સમ, ૨ સંવેગ, ૩ નિર્વેદ, ૪ અનુકંપા, ૫ આસ્તિકયતા.

● **સમકિતના અતિચાર :** ૧ સમકિત ઉપર શંકા કરે, ૨ બીજા ધર્મની વાંછા કરે, ૩ ફળ પ્રત્યે સંદેહ લાવે, ૪ પરદર્શનના ધર્મની વાંછા કરે, ૫ પરદર્શનનો સંસ્તવન પરિચય કરે.

● **સમકિતના દુષણ :** ૧ પ્રથમ મિથ્યાત્વીને બોલાવે, ૨ વારંવાર તેના સામું જોવે, ૩ તેને પહોંચાડવા જાય, ૪ વિના પ્રયોજને તેને સ્થાનકે જાય, ૫ વિના પ્રયોજને વારંવાર તેને સ્થાનકે જાય.

● **સમકિતના ભૂષણ :** ૧ ધર્મને વિષે ચતુરાઈ રાખે, ૨ જૈનશાસન દીપાવે, ૩ સારા સાધુની સેવા કરે, ૪ ધર્મ થકી ચલાયમાન થતાને સ્થિર કરે, ૫ સાધુ સાધર્મિકોની વૈયાવચ્ચકરે.

● **ભગવાનના સમોવસરણમાં સમ્યગદષ્ટિ પાંચ અભિગમ સાચવે-**૧ સચિત્ત દ્રવ્ય દૂર કરે, ૨ અચિત્ત દ્રવ્ય પાસે રાખે, ૩ એક પટ વસ્ત્ર મુખના આડું રાખે, ૪ બન્ને હાથ જોડે, ૫ દ્રષ્ટિ સન્મુખ રાખે.

● **પાંચ અભિગમ રાજા સાચવે-**૧ છત્ર, ૨ ચામર, ૩ મુકુટ, ૪ ફુલની માળા, ૫ મુખમાંથી તાંબૂળ દૂર કરે.

● **ધાવ માતા-**૧ ખોળામાં બેસાડનારી, ૨ સ્નાન મજ્જન કરાવનારી, ૩ વસ્ત્રાલંકાર પહેરાવનારી, ૪ સ્તન્યપાન કરાવનારી, ૫ રમાડનારી.

● **નિદ્રા ત્યાગ થાય-**૧ સુખે કરીને, ૨ દુઃખે કરીને, ૩ સ્વપ્ન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેખીને, ૪ નિદ્રાક્ષય થયે, ૫ ક્ષુધા લાગવાથી.

- **પડિક્કમણાં-૧** મિથ્યાત્વને ત્યાગ કરી પાપનું પડિક્કમણું, ૨ અવિરતિનું પડિક્કમણું, ૩ કષાયનું પડિક્કમણું, ૪ પ્રમાદનું પડિકમણું, ૫ અશુભયોગનું પડિક્કમણું.

- **જીવ ધર્મ ન પામે-૧** અહંકારથી, ૨ ક્રોધથી, ૩ રોગથી, ૪ પ્રમાદથી, ૫ આળસથી.

- **ધર્મની પરીક્ષા-૧** ધર્મની ઉત્પત્તિ કયાં ? સત્ય વચન બોલે ત્યાં, ૨ ધર્મની સ્થાપના કયાં ? જયાં ક્ષમા હોય ત્યાં, ૩ ધર્મની વૃદ્ધિ કયાં ? તપ કરે દાન આપે ત્યાં, ૪ ધર્મની પુષ્ટિ કયાં ? ઉપસર્ગ આવ્યે ચડતા પરિણામ રાખે ત્યાં, ૫ ધર્મનો વિનાશ કયાં ? ક્રોધ માન માયા લોભ જોર કરે ત્યાં.

**મિથ્યાત્વ : ૧ લૌકિકમિથ્યાત્વ** ગોગા ક્ષેત્રપાલાદિકની-ઇહલોકાર્થે માનતા કરે, તેને પૂજે માને સંસારના સર્વ કાર્ય કરે તે લૌકિકમિથ્યાત્વ, ૨ **લોકોત્તર મિથ્યાત્વ**-તે દેવગુરૂ ધર્મને માનતા પૂર્વક સેવે, ૩ **કુપ્રાવચનીક મિથ્યાત્વ**-તે યોગી સન્યાસી ઇત્યાદિક કુતીર્થિયોનો માર્ગ સેવે, તે કુપ્રાવચનીક મિથ્યાત્વ, ૪ **ઉણાપસ્યિ મિથ્યાત્વ** તે ભગવંતની પ્રરૂપણાથકી ઓછી પ્રરૂપણા કરે તે, ૫ **અતિસ્કિત મિથ્યાત્વ** ભગવંતની પ્રરૂપણા કરતાં વધારે પ્રરૂપણા કરે તે.

- **મિથ્યાત્વ : ૧ વિપરિત મિથ્યાત્વ**-ભગવંતનો માર્ગ વિપરિત હીન્ કહે, ૨ **અક્રિય મિથ્યાત્વ** ક્રિયા સારી માને નહિ સર્વ વસ્તુનું નાસ્તિકપણું હોય, ૩ **અજાણ મિથ્યાત્વ**-તે સર્વભાવ ઉલટાપણાથી જાણે, ૪ **અવિનય મિથ્યાત્વ**-તે ગુણવંતનો અવિનય કરે, ૫ **આશાતના મિથ્યાત્વ** તે જ્ઞાન દર્શન ચારિત્રની આશાતના કરે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- **પાંચ સાધુ વંદન કરવા લાયક નહિ :** ૧ પોતાની સ્વેચ્છાએ ચાલનાર, ૨ સંયમ વિષેદોષ લગાડનાર, ૩ ગૃહસ્થનો પરિચય કરે તે, ૪ સંયમને પાછળ મૂકનાર, ૨ ખરાબ આચાર સેવનાર.
- **ચોમાસામાં પાંચ કારણે વિહાર થાય :** ૧ ભયથી, ૨ દુકાળથી, ૩ રાજય ભયથી, ૪ પાણી આવવાથી કરીને પાણી ફરી વળ્યા પહેલાથી, ૫ અનાર્ય પરિસહ કરે તેથી

**ચોમાસામાં પાંચ કારણે વિહાર કરે તો બાદ નહિ :** ૧ જ્ઞાન ભણવા માટે, ૨ દર્શન શુદ્ધિ માટે, ૩ ચારિત્ર રક્ષણ માટે, ૪ આચાર્યની વૈયાવચ્ચ માટે, ૫ આચાર્યના કાળ કરવાથી સાધુ સમુદાયની સારવાર માટે.

પાંચ ઈંદ્રિયોના આકાર બાહિરના તો અનેક પ્રકાર જાણવા પણ અંદરના : ૧ શ્રોતેંદ્રિયનો આકાર-કદંબના ફુલ જેવો, ૨ ચક્ષુઈંદ્રિયનો આકાર મસુરની દાળ સરખો, ૪ ધ્રાણેંદ્રિયનો આકાર-અતિમુકતક પુષ્પ જેવો, ૪ રસેંદ્રિયનો આકાર-ક્ષુરપ્ર જેવો, ૫ સ્પર્શેન્દ્રિયનો આકાર-નાના પ્રકારનો.

- **પાંચ પ્રકારના રજોહરણ-૧** ઉનનો, ૨ ઉંટની ઉનનો, ૩ મુંજનો, ૪ તૃણનો, ૫ છાલનો.
- **પાંચ પ્રકારના વસ્ત્રો :** ૧ ઉનનું, ૨ પાટનું, ૩ કપાસનું ૪ શણનું, ૫ આકડાના રૂનું.
- **પાંચની સાથે આહાર પાણી છોડી દેવો :** ૧ આકાર્ય કરી આલોવે નહિ, ૨ પ્રાયશ્ચિત લે નહિ, ૩ પ્રાયશ્ચિત લઈને રાખી મૂકે, ૪ પ્રાયશ્ચિત પુરૂ કરી આપે નહિ, ૫ ગુરૂથી ઉપરવટ ચાલે.
- **એક સાધું એક સાધ્વી સાથે રહે :** ૧ દુષ્કાળમાં માર્ગમાં અટવી આવવાથી એકાદ બે રાત્રી રહે તો વાંધો નહિ, ૨ નગરમાં સ્થાનક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નહિ મળવાથી તેમાં રહે તો વાંધો નહિ, ૩ વિહાર કરતાં સૂર્ય આથમી ગયો હોય તો નાગકુમાર જક્ષ વિગેરેના મંદિરમાં ભેગા રહે તો વાંધો નહિ, ૪ સાધુ સાધ્વી વિહાર કરતાં ચોર વસ્ત્ર પાત્ર ખુંચી લે તો ભેગા રહેવામાં વાંધો નહિ, ૫ અનાર્ય પુરૂષ ઉપસર્ગ કરે તો શીયલ રાખવાને માટે ભેગા રહે તો હરકત નહિ.

- **પાંચ કારણે સાધુ સાધ્વીની સંભાળ કરે તો હરકત નહિ :** ૧ સંયમથી પડેલા મનવાળાને સ્થિર કરવા સારૂ સંભાળ કરે, ૨ અત્યંત રોગથી પીડિત હોય તેને સ્થિર કરવા સારૂ સંભાળ કરે, ૩ વાયુના રોગથી પરવશ હોય તો સ્થિર કરવા સંભાળ કરે, ૪ યક્ષના પરવશપણામાં પડી હોય તો સ્થિર કરવા સારૂં સંભાળ કરે, ૫ પુત્ર તથા તેની માતાએ સંયમ લીધેલ હોય તેની સારવાર કરે.

- **પાંચ કારણે સાધ્વીનો સંઘટ્ટો કરે તો ભગવાનની આજ્ઞાને અતિક્રમણ ન કરે :** ૧ હાથી સુંઢમાં ઘાલી સાધ્વીને લઈ જતો હોય તો પકડી રાખવાથી, ૨ ખાડમાં પડી જતી હોય તો પકડી રાખવાથી, ૩ પાણિમાં ડુબતી હોય તો પકડી રાખવાથી, ૪ ભ્રમરી આવતી હોય તો પકડી રાખવાથી, ૫ ચક્રી આવતી હોય ને પડતીહોય તો પકડી રાખવાથી.

- **પાંચ પ્રકારના પ્રાયશ્ચિત :** ૧ **ગુરૂ માસ** તે ત્રીશ દિવસનું, ૨ **લઘુમાસ** તે સત્તાવીશ દિવસનું, ૩ **ગુરૂચૌમાસ**-તે ત્રીશ દિવસનો માસગણીને ચાર માસનું, ૪ **લઘુચૌમાસ**-તે'સત્તાવીશ દિવસનો માસ ગણીને ચાર માસનું, ૫ **આરોપણા** તે ફરીને પંચ મહાવ્રત ઉચરે.

- **પાંચ પ્રકારની આરોપણા - ૧ પઠવિયા**- તે ઘણા પ્રાયશ્ચિત્ત માથે આવેલા છે, ૨ **ઠવિયા**-તે ઘણામાંથી પ્રથમનું પ્રાયશ્ચિત લે તે, ૩ **કસિયા**-તે જેટલા પ્રાયશ્ચિત ગુરૂ આપે તેને અખંડ પણે પાળે, ૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અકસિણા** તે ગુરૂએ આપેલપ્રાયશ્ચિત સર્વને ખંડન કરી પૂરો પાડે, **૫** હડાહડા તે તુરતનો દંડ તુરત પ્રાયશ્ચિત.

- **પાંચ પ્રકારના માગણ-૧** રાંક દીન દયામણા વચને કરી માગે અને જમણ વખતે આવે તે અતિથિ માગણ, ૨ કૃપણ ધન ખાય પણ ખર્ચે નહિ તે વિનીપક, ૩ બ્રાહ્મણ માગણ, ૪ કુતરાની પેઠે જુમ જુમી રહીને માગે તે, **૫** શ્રમણ ગુણ રહિત વિનીપક.

- **પાંચ પ્રકારના માછલા-૧** પાણીના સામો ચાલે, ૨ પાણીના ઉપર ચાલે, ૩ પાણીના પડખે ચાલે, ૪ પાણીના વચ્ચે ચાલે, ૫ સર્વ પાણીમાં ચાલે.

- **તે દ્રષ્ટાંતે સાધુ ગોચરી પાંચ પ્રકારે કરે :** ૧ સન્મુખ ગોચરી, ૨ સ્થાનકની પૂંઠથી, ૩ છેડેથી ૪, મધ્ય વચ્ચેથી ૫ અનુક્રમે સઘળા ઘેરથી.

- **પાંચ પ્રકારના મૂર્ખ :** ૧ પોતે બોલે ને પોતે હસે તે, ૨ માર્ગમાં ચાલતા ખાય તે, ૩ કરેલા ઉપકારનો ગણ નહિ તે, ૪ ગઇ વસ્તુનો શોક કરે તે, **૫** બે વાત કરતાં હોય ને ત્યાં જાય તે.

- **પાંચ વિદ્યા ભણી શકે :** ૧ વિનીત, ૨ ઉદ્યમવંત, ૪ નિર્મળ બુદ્ધિવાળો, ૪ ઉપયોગવંત, ૫ આજીવિકાવાળો.

- **પાંચ પ્રકારે જ્ઞાન આવે :** ૧ સ્થાનક સરખું હોય, ૨ પુસ્તક હોય, ૩ અવસર દેખીને ભણે, ૪ ગુરૂ શિષ્યમાં રાગ હોય, ૫ સહાય હોય.

- **પાંચ પ્રકારની ક્રિયા :** ૧ વિષક્રિયા, ૨ ગરલ ક્રિયા, ૩ અનુષ્ઠાન ક્રિયા ૪ તદ્દહેતુ ક્રિયા, ૫ અમૃત ક્રિયા.

- **પાંચ પ્રકારના વ્યવહાર :** ૧ આગમ વ્યવહાર, ૨ શ્રુત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યવહાર, ૩ આજ્ઞા વ્યવહાર, ૪ ધારણા વ્યવહાર, ૫ જીત વ્યવહાર.

**પાંચ પ્રકારની ક્ષમા :** ૧ ઉપકાર ક્ષમા, ૨ અપકાર ક્ષમા, ૩ વિપાક ક્ષમા, ૪ વચન ક્ષમા, ૫ ધર્મ ક્ષમા.

**પાંચ ઈંદ્રિયોના નામ :** ૧ ચરપરી, ૨ અચરપરી, ૩ ગોચરી, ૪ અગોચરી, ૫ બ્રાહ્મી.

● **પાંચ પ્રકારના સ્વાધ્યાયો :** ૧ **કરણે**-તપ નિયમ વંદનાદિક અનુષ્ટાનને વિષે તત્પર, ૨ **વિનયે**-ગુર્વાદિકના વિનયાર્થે અભ્યુત્થાનાદિકને વિષે નિરંતર પ્રયત્ન શીલ રહે, ૩ **અભિનિવેશ**-સર્વ પ્રયોજનને વિષે પ્રજ્ઞાપનીય, ૪ **શ્રદ્ધાન**-ઉત્તમ પ્રકારની ઈચ્છા, ૫ **જિનવચને**-સ્વાધ્યાય કરવાને વિષે.

● **લોક સંજ્ઞા પાંચ પ્રકારે** - પોતાની મરજી મુજબ આચારોને કલ્પેલા હોય છે તે લોક સંજ્ઞા કહેવાય છે : ૧ અપુત્રિયાને ગતિ નથી, ૨ કુતરાઓ યક્ષ રૂપ છે, ૩ બ્રાહ્મણો દેવો છે, ૪ કાગડાઓ પિતૃઓ છે, ૫ મયૂર (મોર) ની પાંખના વાયુથી ગર્ભ રહે છે વિગેરે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૭ પ્રકાર

**છેદ ગ્રંથ** : ૧ નિશીથ, ૨ મહાનિશીથ, ૩ બૃહત્કલ્પ, ૪ પંચકલ્પ, ૫ વ્યવહાર, ૬ દશાશ્રુતસ્કંધ,

- **દર્શન** : ૧ જૈન, ૨ બૌધ, ૩ સાંખ્ય ૪ વૈશેષિક, ૫ નૈયાયિક, ૬ ચાર્વાક.
- **બ્રાહ્મણ કર્મ** : ૧ યજન, ૨ યાપન, ૩ અધ્યયન, ૪ અધ્યાપન, ૫ દાન, ૬ પતિગ્રહ.
- **શ્રાવક કર્મ** : ૧ દેવપૂજા, ૨ ગુરૂસેવા, ૩ સજ્ઝાય, ૪ સામાયિક, ૫ તપ, ૬ દાન.
- **પર્વતો** : ૧ હિમવંત, ૨ મહા હિમવંત, ૩ નિષધ, ૪ નીલવંત, ૫ રૂકમી, ૬ શિખરી.
- **૭ વસ્ત્ર સાધુને કલ્પે** : ૧ જેગિયં ઊર્ણિકં, ૨ ભંગીયં અતસીમયં, ૩ સાણિયં, ૪ પાતિયં, ૫ ખોમિયં, ૬ અક્કતૂલિયં, **શ્રી ઠાણાંગે.**
- **ભગવંત અસમર્થ** : ૧ ભવ્ય જીવને અભવ્ય કરી ન શકે, ૨ અભવ્ય જીવને ભવ્ય કરી ન શકે, ૩ જીવને અજીવપણું ન કરી શકે, ૪ અજીવને જીવપણું કરી ન શકે, ૫ સુખીને દુઃખી ન કરી શકે, ૬ દુઃખીને સુખી કરી ન શકે.
- **૭ પ્રકારે સાધુ મુક્તિનો ઘાત કરે** : ૧ દિક્ષાના મદથી, ૨ સૂત્રના મદથી, ૩ તપસ્યાના મદથી, ૪ શિલ્પ પુસ્તકના લાભના મદથી, ૫ ઘણી પર્ષદાની પૂજાના મદથી, ૬ આદર સન્માન સત્કારના મદથી.
- **૭ ક્ષેત્રમાં મનુષ્યો ઉપજે** : ૧ જંબુદ્વિપમાં, ૨ પૂર્વધાતકીમાં,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩ પશ્ચિમધાતકીમાં ૪ પૂર્વપુષ્કરાર્ધમાં, ૫ પશ્ચિમ પુષ્કરાર્ધમાં,૬ અંતરદ્વિપમાં.

• **છ રાજાએ મલ્લિનાથ પાસે દિક્ષા લીધી :** ૧ ઈષાગદેશનો પ્રતિબુધરાજા, ૨ કુણાલ દેશનો રૂપી રાજા, ૩ અંગ દેશનો ચંદ્રછાપરાજા, ૪ કાશી દેશનો શંખરાજા, ૫ કુંજ દેશનો અદિનશત્રુરાજા, ૬ પાંચાલ દેશનો જીતશત્રુરાજા.

• **મતો :** ૧ જૈનમાં દેવ અરિહંત ગુરૂ નિર્ગ્રંથ, ૨ બૌધમાં દેવ બુંધ ગુરૂ પાદરી, ૩ શિવમાં દેવ રૂદ્ર ગુરૂ યોગી, ૪ દેવમાં દેવ ધર્મ ગુરૂ વૈરાગી, ૫ ન્યાયમાં દેવ જગતકર્તા ગુરૂ સંન્યાસી, ૬ મીમાંસકમાં દેવ અલખ ગુરૂ દરવેશ.

• **ઋદ્ધિવંત :** ૧ તીર્થંકર, ૨ કેવલી, ૩ ચક્રવર્તી, ૪ વાસુદેવ ૫ બળદેવ, ૬ ભાવિક આત્મા અતિશયવંત સાધુ.

• **છ વસ્તુ પામવી દુર્લભ છે :** ૧ મનુષ્યભવ, ૨ આર્યકુલ, ૩ પંચેન્દ્રિયપણું, ૪ સિદ્ધાંત સાંભળવો, ૫ શ્રદ્ધા આપવી, ૬ સંયમ તપસ્યા ઉપર બળવીર્ય ફોરવવું.

• **છ કામ કરવાની શક્તિ નહિ :** ૧ જીવને અજીવ, ૨ અજીવને જીવ, ૩ પરમાણુનો ભેદ છેદ, ૪ એક સમયમાં બે ભાષા બોલવી, ૫ પોતાના કરેલા કર્મ પોતે જ ભોગવવા ૬ લોકની વસ્તુ અલોકમાં ન જાય.

• **છ ઠેકાણે ક્રિયા લાગે :** (૧) મિથ્યાત્વીને ૨૪ ક્રિયા લાગે ઈર્યાવહી સિવાય, (૨) સમ્યગદ્રષ્ટિને ૨૩ ક્રિયા લાગે-મિથ્યાત્વીકી તથા ઈર્યાવહી સિવાય (૩) શ્રાવકને ૨૨ ક્રિયા લાગે-બન્ને પૂર્વની તથા ત્રીજી અવિરતિ ત્રણે ક્રિયા સિવાય, (૪) પ્રમાદી સાધુને ૨૧ ક્રિયા લાગે-ત્રણ ઉપરની ચોથી પ્રાણાતિપાતકી એ ચાર સિવાય, (૫)


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અપ્રમત્ત સાધુને ૨ ક્રિયા લાગે માયાવર્તીકી સાંપરાયિકી, (૬) વીતરાગ સંયમવંતને એક ૧ ક્રિયા લાગે-ઈર્યાવહીકી.

• **સમકિતના આગાર** -૧ રાજાના આદેશથી, ૨ સ્વજન વર્ગાદિકના આદેશથી, ૩ બળકરી મનાવવાથી, ૪ દેવતાના યોગથી, ૫ ગુરૂ, માતા પિતાદિકના આદેશથી, ૬ આજીવિકાના નિમિત્તથી. એ ઉપરોક્ત છ કારણથી કદાચ અસંયતિને માનવા પડે તો દોષ નહિ.

• **સમિતિની જયણા-૧** અન્ય તીર્થિકના ગુણગાન ન કરે, ૨ અન્ય તીર્થિકને વંદે પૂજે નહિ, ૩ અન્ય તીર્થિકે બોલાવ્યા વિના બોલે નહિ, ૩ તેના જોડે આલાપ સંલાપ કરે નહિ, ૫ અન્ય તીર્થિકને ધર્મ નિમિત્તે આહાર પાણી ન આપે, ૬ અન્યને ધર્મ બુદ્ધિથી વસ્ત્ર પાત્ર ન આપે.

• **સમકિતની સ્થાપના-૧** જીવાદિક નવ પદાર્થ ચિંતવે, ૨ કર્મથી જીવની ઉત્પત્તિ વિનાશ, ૩ આત્મા શુભ કર્મના કર્તા, ૪ પોતાના કરેલા કર્મનો પોતેજ ભોકતા, ૫ કર્મને ભોગવી મુક્ત થઈ શકે, ૬ મોક્ષ અને મોક્ષનો ઉપાય આત્માજ છે.

• **છ પ્રકારે પલીમંથ-૧** કુચેષ્ટા કુતુહલ કરે તે સંયમનો પલિમંથ, ૨ અલીક અસત્ય કહે તે સંયમનો પલિમંથ, ૩ આઘો પાછો થઈ દ્રષ્ટિ ફેરવે તે ઈર્યાસમિતિનો પલિમંથ, ૪ ગોચરીને વિષે તણતણાટ કરે તે એષણા સમિતિનો પલિમંથ, ૫ ઈચ્છાનો રોધ ન કરે તે નિર્લોભિપણાનો પલિમંથ, ૬ તપ કરીને નિયાણું કરે તે મોક્ષનો પલિમંથ.

• **છ પ્રકારે સરખું પાપ આવે -૧** પ્રાણાતિપાત સેવે નહિ, ને બીજાને સેવવાનું કહે, ૨ મૃષાવાદ બોલે નહિ ને બીજાને બોલવાનું કહે, ૩ અદત્તાદાન લે નહિ ને બીજાને લેવાનું કહે, ૪ મૈથુન સેવે નહિ ને બીજાને સેવવાનું કહે, ૫ દાસ નહિ ને દાસ સરિખો વચન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહે તેને, ૬ નપુંસંક નહિ ને નપુંસંક સરિખા વચન કહે તેને.

- **૭ કારણે સાધુ આહારન લે-**૧ ક્ષુધા વેદની શમાવા માટે, ૨ ઉપસર્ગ આવ્યાથી, ૩ બ્રહ્મચર્ય રાખવા માટે, ૪ જીવોની દયા પાળવા માટે, ૫ તપસ્યા કરવા માટે, ૬ જાવજીવ અણસન કરવા માટે,
- **૭ પ્રકારે વાદ કરે-**૧ સામાને પાછો પાડવા વાદ કરે, ૨ સામાની વાત સાંભળીને વાદ કરે, ૩ સામાને મન ગમતા વચન બોલીને વાદ કરે, ૪ સભાને વેરી ગણીને વાદ કરે, ૫ તેના પેટના અંદર પેસીને વાદ કરે, ૬ તેના ભેગો થઈને વાદ કરે.

૭ કારણે સમકિત છાંડી મિથ્યાત્વ આદરે-૧ અરિહંતના અવર્ણવાદ બોલવાથી સમ્યકત્વ છાંડી મિથ્યાત્વ મેળવે, ૨ અરિહંત પ્રરૂપિત ધર્મના અવર્ણવાદ બોલવાથી સમ્યકત્વ વમન કરી મિથ્યાત્વ મેળવે, ૩ આચાર્ય ઉપાધ્યાયના અવર્ણવાદ બોલવાથી સમક્તિ વમીને મિથ્યાત્વને મેળવે, ૪ ચતુર્વિધસંઘના અવર્ણવાદ બોલવાથી સમ્યકત્વ વમીને મિથ્યાત્વ મેળવે, ૫ યક્ષના વશથી સમ્યકત્વ છાંડે અને મિથ્યાત્વ મેળવે, ૬ મોહના વશથી ઉન્માદપણાથી સમ્યકત્વ છાંડી મિથ્યાત્વને ઉપાર્જન કરે.

- **૭ પ્રકારે જીવ રાગ દ્વેષ કરે :** ૧ સાંભળવાને માટે, ૨ દેખવાને માટે, ૩ સુંઘવાને માટે, ૪ સ્પર્શને માટે, ૫ ખાવાને માટે, ૬ મનને માટે.
- **નરકગતિમાંથી આવેલાના ૭ લક્ષણો :** ૧ કાળો હોય, ૨ ક્લેશી હોય, ૩ રોગી હોય, ૪ અતિભયશીળ હોય, ૬ ક્રોધી હોય.
- **તિર્યંચમાંથી આવેલાના ૭ લક્ષણો :** ૧ લોભી હોય, ૨ કપટી હોય, ૩ જૂઠો હોય, ૪ અતિક્ષુધાળુ હોય, ૫ મૂર્ખ હોય, ૬ મૂર્ખના જોડે પ્રીતિ કરનાર હોય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

● **મનુષ્યમાંથી આવેલાના છ લક્ષણો :** ૧ સુભાગી હોય, ૨ મીઠા વચનવાળો હોય, ૩ દાતાર હોય, ૪ સરલ હોય, ૫ ચતુર હોય, ૬ ચતુરના સાથે પ્રીતિવાળો હોય.

● **દેવગતિમાંથી આવેલાના છ લક્ષણો :** ૧ સત્યવાદિ દ્રઢધર્મી હોય, ૨ દેવગુરૂનો ભક્ત હોય, ૩ ધનવાન હોય, ૪ રૂપવાન હોય, પંડિત હોય, ૬ પંડિતના જોડે પ્રીતિ કરનાર હોય.

● **નકારના છ લક્ષણ :** ૧ આંખો મીંચે, ૨ આડું દેખે, ઉંચુ નીચું દેખે, ૪ જમીન ખોતરવા લાગે, ૫ બીજાના જોડે વાત કરવા માંડે, ૬ મૌન પકડે-કામ વિલંબ કરે.

● **અવસર્પિણી કાળના છ આરા :** ૧ સુષમસુષમાં, ૨ સુષમાં, ૩ સુષમદુષમા, ૪ દુષમસુષમા, ૫ દુષમા, ૬ દુષમદુષમા.

● **ઉત્સર્પિણીના છ આરા :** ૧ દુષમદુષમા, ૨ દુષમા, ૩ દુષમસુષમા, ૪ સુષમદુષમા, ૫ સુષમા ૬ સુષમસુષમા.

● **છ કારણે છ કાયના જીવોની હિંસા કરે છે :** ૧ જીવવાને માટે, ૨ પ્રશંસાને માટે, ૩ માનને માટે, ૪ પૂજાને માટે, ૫ જન્મ મરણને માટે, ૬ દુઃખ નિવારણ માટે.

● **છ પ્રકારે લેશ્યાના પરિણામ :** ૧ કૃષ્ણ લેશ્યાવાળાના હિંસાના પરિણામ હોય, ૨ નીલ લેશ્યાને ચોરી કરવાના પરિણામ હોય, ૩ કાપોત લેશ્યાવાળાને મૈથુનના પરિણામ હોય, ૪ તેજો લેશ્યાવાળાને તપસ્યા કરવાના પરિણામ હોય, ૫ પદ્મ લેશ્યાવાળાને દાન કરવાના પરિણામ હોય, ૬ શુકલ લેશ્યાવાળાને મોક્ષે જવાના પરિણામ હોય.

● **છ કાયાના નામ :** ૧ ઈંદિથાવર કાય, ૨ બંભીથાવર કાય ૩ શીપિકાય, ૪ સુમીકાય, ૫ પીયાવચકાય, ૬ જંગમકાય.

● ષડ્ રી-૧ એકલ આહારી, ૨ ભૂમિ સંસ્તારી, ૩ પાદચારી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪ શુદ્ધસમ્યકત્વધારી, ૫ બ્રહ્મચારી, ૬ સચિત્તપરિહારી,

● **છ પ્રકારના મતો :** ૧ જૈન મતવાળા જેને કર્મ કહે છે, ૨ સાંખ્ય મતવાળા જેને પ્રકૃતિ કહે છે, ૩ વેદાંતિકો જેને માયા કહે છે, ૪ નૈયાયિક વૈશેષિક જેને અદ્રષ્ટ કહે છે, ૫ બૌધ મતવાળા જેને વાસના કહે છે, ૬ કોઈ કોઈ, જેને ઇશ્વરની લીલા કહે છે.

● **અંતરંગ શત્રુઓ :** ૧ કામ પરસ્ત્રી ઉપર દુષ્ટ વિચારો તે કામશત્રુ કહેવાય, ૨ ક્રોધ-પરના તથા પોતાના કષ્ટનો વિચાર કર્યા શિવાય, ક્રૌધ કરવો તે ક્રોધશત્રુ કહેવાય, ૩ લોભ સત્‌પાત્રને વિષે દાન આપવું નહિ, અને કારણ વિના પારકા ધનનું હરણ કરવું તે લોભશત્રુ કહેવાય, ૪ માનદુષ્ટ હઠ કદાગ્રહમાં મગ્ન થવું, તેમજ યુક્ત અયુક્તનો વિચાર ન કરવો તે માનશત્રુ કહેવાય, ૫ મદ-કુલ, બળ, રૂપ, ઐશ્વર્ય, તપ, વિદ્યા આદિનો મદ કરવો તે મદશત્રુ કહેવાય, ૬ હર્ષ-કોઈપણ પ્રકારના નિમિત્ત કારણ વિના નાહક બીજાના જીવોને દુઃખ ઉત્પન્ન કરીને તથા શીકાર, જુગાર, ચોરી, આદિનીચ કર્તવ્યો કરીને, મનમાં હર્ષ ધારણ કરવો તે હર્ષશત્રુ કહેવાય એ છ અંતરંગ શત્રુઓ આત્માના કટ્ટા દુશ્મનો છે, માટે તેનાથી દૂર રહેવા નિરંતર પ્રયત્ન કરવો.

● **છ પ્રકારના કલેશો :** ૧ દ્વિઘટીક-બેઘડીનો, ૨ પ્રાહરિક એક પહોરનો, ૩ દૈવસિક એક દિવસનો, ૪ ચાતુર્માસિક ચાર માસનો, ૫ વાર્ષિક એક વરસનો, ૬ આજન્મિક જીંદગીનો.

● ૧ એક સ્થાળીને વિષે જમનારાને બે ઘડીનો કલેશ હોય છે, ૨ એક શય્યાને વિષે સુઇ જનારને એક પહોરનો કલેશ હોય છે, ૩ એક ગાડામાં ભાડુ આપીને બેસીને જનારને એક દિવસનો કલેશ હોય છે, ૪ એકમેક થઇને ચોમાસાની ખેતી કરનારને ચાર માસનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્લેશ હોય છે, **૫** બારે માસની ખેતી સાથે કરનારને એક વર્ષનો ક્લેશ હોય છે, ૬ ઘણી ધણિયાણિને જીંદગી સુધીનો ક્લેશ હોય છે.

● **તીર્થ યાત્રા વખતે પાળવા લાયક ષટ્ રી-૧ સચિત્તપરિહારી-** કાચું પાણિ કાચું ધાન્ય. કાચી વનસ્પતિ, (ફળફુલ વિગેરે) તે તમામ અપરિપકવ હોય, સચૈતન્ય હોય ત્યાં સુધી તેવા ખાન પાનનો ત્યાગ કરવો, ૨ **એકલાહારી**-એક સ્થાને બેસીને નિયમિત રીતે એક વખત નિર્વધ, નિર્દોષી, અન્ન પાનનુંજ સેવન કરવું, ૩ **ગુરૂસાથે પાદચારી** ગુરૂમહારાજને આગળ કરીને તેમની પછવાડે વિનય સહિત વાહનાદિ રહિત ઉઘાડે પગે ચાલવું, ૪ **ભૂમિ સંથારી**-માંચો, પલંગ, ખાટ, પાટ, વિગેરેને ત્યાગ કરી ભૂમિ ઉપરજ સંથારો કરવો, **૫ બ્રહ્મચર્યધારી**-યાત્રાના દિવસોમાં સ્ત્રી પુરૂષોએ, વિષય વાસનાનો વિરોધ કરીને તથા સંતોષપણું ધારણ કરીને નિર્મલ શીલનું પ્રતિપાલન કરવું, ૬ **આવશ્યક દોયવારી** પ્રાતઃકાળે તથા સાયંકાળે બન્ને ટંકના પ્રતિક્રમણોને કરીને લાગેલા અતિચારોને ટાળવાનો ખપ કરવો.બીજે ઠેકાણે આવશ્યક દોષ વારીને બદલે, શુદ્ધ સમ્યકત્વ ધારી કહેલ છે, એટલે લૌકિક અગર લોકોત્તર કોઈ પણ પ્રકારના મિથ્યાત્વના સેવનથી સદંતર અલગા રહેવાને પ્રયત્ન કરવો.

● **મનુષ્ય આયુષ્ય બાંધતી વખતે છ બાંધે :** ૧ ગતિ, ૨ જાતિ, ૩ અવગાહના, ૪ અનુભાગરસ, ૫ પ્રદેશ, ૬ આયુષ્ય,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સાત પ્રકાર.

- **સાતનો સંગ્રહ કરવો :** ૧કીર્તિ, ૨ યશ, ૩ અર્થ, ૪ ગુણો, ૫ સુમિત્ર, ૬ કળા, ૭ વિજ્ઞાન.
- **સાતનો ત્યાગ કરવો :** ૧ દુર્જન સંગ, ૨ કુકલત્ર, ૩ વેશ્યા, ૪ પરસ્ત્રી, ૫ અસદ્ગૃહ, ૬ કુપુત્ર, ૭ બાલભાવ.
- **સાતને છોડવા નહિ :** ૧ ક્ષમા, ૨ ગુરૂવિનય, ૩ સુશીલપણું, ૪ જ્ઞાન, ૫ કુલક્રમ, ૬ ધર્મ, ૭ વિનય.
- **સાત ગુપ્તધારણ કરવા :** ૧ ઉપકાર, ૨ ગુરૂવચન, ૩ મંત્ર પરવંચના, ૫ દુશ્ચરિત, ૬ નિજમર્મ, ૭ પરનો મર્મ.
- **સાતનો વિશ્વાસ ન કરવો** - મુંઢનો, ૨ વ્યસનાસકતનો ૩ અસત્યવાદિનો, ૪ પોતાની સ્ત્રીનો, ૫ પાણીનો, ૬ અગ્નિનો ૭ વિરૂદ્ધ પુત્રનો.
- **ક્ષેત્રો સાત :** ૧ ભરત, ૨ હિમવંત, ૩ હરિવર્ષ, ૪ મહાવિદેહ, ૫ રંમ્યક, ૬ હૈરણ્યવંત, ૭ ઐરવત.
- **સાત સુપાત્ર ક્ષેત્ર**-૧ જિનભુવન, ૨ જિનબિંબ, ૩ જિનાગમ, ૪ સાધુ, ૫ સાધ્વી, ૬ શ્રાવક, ૭ શ્રાવિકા.
- **સાત વ્યસન :** ૧ જુગાર,૨ માંસ , મદિરા, ૪ શિકાર, ૫ વેશ્યા, ૬ પરસ્ત્રી, ૭ ચોરી.
- **સાત ભય :** ૧ ઇહલોકભય, ૨ પરલોકભય, ૩ આદાન ભય, ૪ અકસ્માતભય, ૫ આજિવિકાભય, ૬ અપયશભય, ૭ મરણભય.
- **સાત દ્વિપો :** ૧ જંબુ, ૨ પુષ્કલ, ૩ કુરૂ ૪ કુવ ૫ સાલી, ૬ ગોમેધ, ૭ પુષ્કર.
- **સમુદ્રસાત :** ૧ લવણ, ૨ ક્ષીર, ૩ દધિ, ૪ ધૃત ૫ ઇક્ષુ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬ મધુ ૭ અરૂણવર,

- **સાત ઈતિ :** ૧ અતિવૃષ્ટિ, ૨ અનાવૃષ્ટિ, ૩ મુષક, ૪ તીડ ૫ સૂડા, ૬ સ્વદેશસેના, ૭ પરદેશસેના.
- **સેના સાત :** ૧ હાથી, ૨ ઘોડા, ૩ રથ, ૪ પાયદળ, ૫ વૃષભ, ૬ વર્તક, ૭ ગંધર્વ.
- **નિતિ સાત :** ૧ રાજયસ્વામી, ૨ અમાત્ય, ૩ દેશ, ૪ દુર્ગ, ૫ ભંડાર, ૬ સૈન્ય, ૭ મંત્ર.
- **પુનઃ સાત :** ૧ દેશ, ૨ દુર્ગ, ૩ મંત્રી, ૪ નૃપતિ, ૫ મિત્ર, ૬ સૈન્ય, ૭ ભંડાર.
- **સાત વિદ્યા :** ૧ ધન્વંતરિ, ૨ દયો, ૩ દાસ, ૪ કંસરાજા, ૫ અશ્રિ, ૬ નકુલ, ૭ સહદેવ. સાતે વ્યાધિ હણનારા.
- **સાત ઋષિ :** ૧ ગૌતમ, ૨ અત્રિ, ૩ ભારદ્વાજ, ૪ વિશ્વામિત્ર, ૫ સસ્યપા. ૬ યમદગ્નિ, ૭ વશિષ્ટ.
- **સાત પ્રકારની કીર્તિ :** ૧ દાનકીર્તિ, ૨ પુણ્યકીર્તિ, ૩ વિદ્વજ્જન કીર્તિ, ૪ વકતૃત્વકીર્તિ, ૫ કાવ્યકીર્તિ ૬ વર્ણન કીર્તિ, ૭ શૌર્યકીર્તિ.
- **સાત પ્રકારનું ઉત્તમપણું :** ૧ પ્રિયાલાપ, ૨ અર્થભાષણ, ૩ સ્વપરાર્થ કરણ, ૪ અવિકત્થન, ૫ પરદારવર્જન, ૬ કૃતજ્ઞતા, ૭ પરલોકચિંતા.
- **સાતને સુતા જગાડવા નહિ :** ૧ સર્પ, ૨ સિંહ, ૩ રાજા. ૪ ગોવાળ, ૫ બાળક, ૬ પરશ્વાન, ૭ મૂર્ખ.
- **સાતને સુતા જગાડવા :** ૧ તૃષિત, ૨ ક્ષુધિત, ૩ કાર્યાર્થી, ૪ વિદ્યાર્થી, ૫ ગુરૂપોષક, ૬ ભંડારી, ૭ પર્વરૂચક.
- **ગૃહસ્થોને સાત સ્થાને મૌન :** ૧ ભોજને, ૨ વમને, ૩ સ્નાને,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪ મૈથુને, ૫ મલમોચકે, ૬ સામાયિકે, ૭ દેવાર્ચામાં.

- **સાધુને સાત સ્થાનકે મૌનં** પડિક્કમણે, ૨ ગમતે, ૩ ભોજને, ૪ પડિલેહણે, ૫ વડીનીતિમાં ૬ લઘુનીતિમાં, ૭ ગ્રહણે
- **લબ્ધિ સાત-૧** જ્ઞાન, ૨ દાન, ૩ ભોગ, ૪ વિજ્ઞાન, ૫ પાત્રસંગ્રહ ૬ નરેંદ્રત્વ. ૭ સર્વજ્ઞત્વ.
- **સપ્તવિધિ ભુક્તિ :** ૧ આહાર ભુક્તિ, ૨ શ્રૃંગાર ભુક્તિ, ૩ દ્રવ્ય, ૪ કામ, ૫ પરિવાર, ૬ ઐશ્વર્ય, ૭ પ્રભુત્વ ભુક્તિ.
- **પરસમયેસાતદ્વિપ નામ** (શિવમત) : ૧ જંબુદ્વિપ, ૨ રસદ્વિપ, ૩ મધ્યક, ૪ કુસ, ૫ ક્રૌંચ, ૬ શાલ્મલ, ૭ ગોમય.
- **સાત સમ્યકત્વ :** ૧ પાણી, ૨ ખારો, ૩ આછણ, ૪ છાશ, ૫ ઘી, ૬ તેલ, ૭ ચૂર્ણ.
- **સાધુના સાત મારણક્ષેત્રો :** ૧ કુશિષ્યો, ૨ કુશ્રાવકો, ૩ ચૌર, ૪ અગ્નિ, ૫ પાણી,૬ મૂષક, ૭ ઘાડપાડું.
- **નય સાત :** ૧ **નૈગમ** જેવું દેખે તેવું બોલે, ૨ **સંગ્રહ** ભાવ જણાવે, ૩ **વ્યવહાર** લોક માર્ગ બોલે, ૪ **ૠજુસૂત્ર** વિશેષ છાંડે, સામાન્યકહે, ૫ **શબ્દ નય**-ભાવ જાણી બોલે, ૬ **સમભિરૂઢ** સામાન્ય છાંડે, વિશેષ કહે ૭ **એવંભૂત**-નિશ્ચય કહે એકેક નયના ભેદો ૧૦૦ પ્રકારે, એવં ૭૦૦ પ્રકારે બીજે આદેશે પ્રકારાંતરે ૫૦૦ પ્રકારે.
- **સાતવાર ચૈત્યવંદન :** ૧ પડિલેહણે, ૨ દેરાસરે, ૩ પચ્ચખ્ખાણ પારતા, ૪ ભોજન પછી, ૫ પડિક્કમણે, ૬ સંથારા વખતે, ૭ પ્રભાતે-પડિક્કમણે તેમાંથી શ્રાવકને ૩-૫ ૭ જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટ હોય છે.
- **ચૈત્યવંદન :** ૧ જઘન્ય વંદન બે હાથ જોડી માથે લગાવે પંચાંગ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રણામ કરે તે, ૨ અરિહંત ચેઈયાણં કહી કાઉસગ્ગ કરી થોય કહે તે મધ્યમ ચૈત્યવંદણા, ૩ પાંચે શક્રસ્તવે અગર બે શક્રસ્તવે વિશેષ પ્રકારે યથાર્થ રીતે કરે તે ઉત્કૃષ્ટ ચૈત્યવંદણા.

● **કુળકર સાત :**

| | | |
|---|---|---|
| ૧ | વિમલવાહન | ૯૦૦ ધનુષ્ય દેહમાન |
| ૨ | ચક્ષુષ્મંત | ૮૫૦ ધનુષ્ય દેહમાન, |
| ૩ | યશમંત | ૮૦૦ ધનુષ્ય દેહમાન |
| ૪ | અભિચંદ્ર | ૭૫૦ ધનુષ્ય દેહમાન |
| ૫ | પ્રસેનજિત | ૭૦૦ ધનુષ્ય દેહમાન. |
| ૬ | મરૂદેવ | ૬૫૦ ધનુષ્ય દેહમાન, |
| ૭ | નાભિ | ૫૨૫ ધનુષ્ય દેહમાન, |

● **સાત કુલકર પત્નિ :** ૧ ચંદ્રયશા, ૨ ચંદ્રકાંતા, ૩ સરૂપા, ૪ પડિરૂપા, ૫ ચક્ષુકાંતા, ૬ શ્રીકાંતા, ૭ મારૂદેવા.

● **ચેડા મહારાજાની સાત પુત્રિયો :** ૧ પ્રભાવતી ઉદાયન રાજાને આપી, ૨ પદ્માવતી દધિવાહન રાજાને આપી, ૩ મૃગાવતી શતાનીક રાજાને આપી, ૪ શિવાદેવી ચંડપ્રદ્યોતન રાજાને આપી, ૫ જયેષ્ટા નંદીવર્ધન રાજાને આપી, ૬ સુજયેષ્ટા દિક્ષા લીધી, ૭ ચેલણા શ્રેણિક મહારાજાને આપી.

● **ભય :** ૧ ઇહલોક ભય - તે પોતપોતાની જાતિવાળાથી ભય ધારણ કરે, જેમકે દેવને દેવનો ડર, મનુષ્યને મનુષ્યનો ડર તિર્યંચને તિર્યંચનો ડર, નારકીને નારકીનો ડર વિગેરે, ૨ પરલોક ભય તે પરનાથી ભય ઉપજે, જેમકે દેવથકી મનુષ્યને ભય, તિર્યંચથી મનુષ્યને ભય, અગર પરલોકના દુઃખ સાંભલીને ભય ઉત્પન્ન થાય તે, ૩ આદાનભય ધન ધાન્યાદિક વસ્તુ ચોરાદિક ઉપાડી જશે તેનો ભય થાય તે ૪ અકસ્માત્ ભય વીજળી રણસંગ્રામાદિકના શબ્દને સાંભળી જે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભય ઉત્પન્ન થાય તે, ૫ આજીવિકાનો ભય, ૬ મરણનો જે ભય, ૭ અપયશ ભય અપયશથી ભય ઉત્પન્ન થાય તે.

- **વિનય :** ૧ જ્ઞાન વિનય, ૨ દર્શન વિનય, ૩ ચારિત્ર વિનય, ૪ મન વિનય, ૫ વચન વિનય, ૬ કાય વિનય, ૭ લોકોપચાર વિનય.

- **સાતે નિન્હવો કુશિષ્ય :** ૧જમાલી, ૨ મગુનામા, ૩ અવંતી, ૪ ત્રિરાશી, ૫ ગાંગિલ, ૬ ગુહિલ, ૭ ગોષ્ટામાહિલ.

- **૧ જમાલિ નિન્હવ**-ઘણા સમય લાગે ત્યારે કાર્ય ઉત્પન્ન થાય પણ કરવા માંડયો તે કર્યો નહિ એવી બુદ્ધિવાળો, ૨ **તિષ્ય ગુપ્ત** તે છેલ્લો એક પ્રદેશી જીવ માને, અસંખ્યાત પ્રદેશી જીવ માને નહિ, ૩ **આષાઢમતિ તે** જીવ અજીવ નોજીવ ત્રિરાશી માનનાર. ૪ **આસમંત** તે કોણ જાણે સાધુ કોણ ને દેવતા કોણ, ૫ **ગાંગેય** તે એક સમયમાં બે ક્રિયા માનનાર ૬ **ગુહિલ** તે જીવકર્મનો બંધ માને, અબંધ માને નહિ, ૭ **ગોષ્ટામાહિલ** તે ક્ષણ ક્ષણ પ્રત્યે નવા જીવો માને.

**સુખ :** ૧ જૈનધર્મની પ્રાપ્તિ, ૨ સારા શરીરવાળો, ૩ રોગ રહિત શરીર, ૪ ધર્મ કરનાર, ૫ સારા ઠેકાણે રહેનાર ૬ નિર્મળ પ્રણામ, ૭ પુન્ય કર્મના યોગે દુઃખથી મુક્ત.

**સાધુ ભાષા :** ૧ થોડું બોલે, ૨ મીઠું મધુર બોલે, ૩ વિચારીને બોલે, ૪ કામ પડયે બોલે, ૫ નિરવદ્ય વચન બોલે, ૬ કપટ રહિત બોલે, ૭ સૂત્ર સિદ્ધાંતને અનુસારે બોલે.

- **સાંભળવાના સાત પ્રકાર :** ૧ બોલ્યા વિના સાંભળે, ૨ હુંકારો જીકારો દે, ૩ ઇચ્છે, ૪ વિશેષ ઇચ્છે, ૫ પૂછે, ૬ પ્રમાણ કરે, ૭ નિશ્ચયકરીને ધારણ કરે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

● **સર્વ જીવ સાત પ્રકારના છે :** ૧ એકેંદ્રિય સૂક્ષ્મ, ૨ એકેંદ્રીય બાદર, ૩ બેઇંદ્રિય, ૪ તેઇંદ્રિય, ૫ ચૌરિંદ્રિય, ૬ સંજ્ઞી પંચેંદ્રિય, ૭ અસંજ્ઞી પંચેંદ્રિય.

● **સાત પ્રકારના દંડ :** ૧ હક્કાર, ૨ મકાર, ૩ ધિક્કાર, ૪ વચ્ચેથી તિરસ્કાર ૫ રોકી રાખો, ૫ કેદખાનમાં નાખે, ૭ નાક કાન કાપે.

● **પૈસાના સાત પ્રકારે ભય :** ૧ રાજાનો ભય, ૨ ચોરનો ભય, ૩ કુટુંબનો ભય, ૪ અગ્નિનો ભય, ૫ પાણીનો ભય, ૬ ભાગીદારનો ભય, ૭ વિનાશનો ભય.

● **પદવિયો :** ૧ આચાર્યની, ૨ ઉપાધ્યાયની, ૩ સ્થવિરની, ૪ પ્રવર્તકની, ૫ ગણની, ૬ ગણધરની, ૭ ગણાવચ્છની.

● **ગોચરી :** ૧ **ક્ષીરગોચરી**-આહાર પાણી કલ્પનીય દોષ સહિત લાવે, ૨ **અમૃત ગોચરી**-યાચના કર્યા વિના માગ્યા વિના અચિત્ત આહાર મળે, ૩ **મધુકર ગોચરી**-ભ્રમરના પેઠે ફરી સ્વલ્પ સ્વલ્પ લઇ આત્માને તત્પર કરે, પરને પીડા ઉત્પન્ન ન કરે, ૪ **રૂદ્ર ગોચરી**ડરીને લાવે, ૫ **અજગરની ગોચરી** એકજ ઘરેથી લાવે, ૫ **ગૌ ગોચરી** દરેક ઘરેથી થોડું થોડું લે, ૭ **ગદ્ધા ગોચરી** એકજ ઘરેથી તમામ લે.

● **કથા :** ૧ રાજકથા, ૨ દેશકથા, ૩ સ્ત્રીકથા, ૪ ભક્તકથા, ૫ જ્ઞાન ભેદકથા, ૬ દર્શન ભેદકથા ૭ ચારિત્ર ભેદકથા.

● **આયુષ્ય ઘટે :** ૧ ત્રાસ પામવાથી, ૨ તરવાર શસ્ત્રોથી, ૩ મંત્ર તંત્રના યોગથી, ૪ ઘણા આહારથી, ૫ શૂળાદિક વેદનાથી, ૬ સર્પાદિકથી, ૭ પોતાના શ્વાસોશ્વાસ ઘટી જવાથી.

● **દુઃખો :** ૧ ઘર આંગણે ઝાડ, ૨ પાડોસી ચાડ, ૩ ઘર આંગણે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુવો, ૪ દીકરો જુગારી, ૫ માથે દેવું ઘણું, ૬ ઘણી કન્યા, ૭ પંડિતની સંગતિ નહિ.

• **ગાઢ દુષમકાળ :** ૧ મેઘ અકાળે વરસે, ૨ મેઘ કાળે વરસે નહિ, ૩ અસાધુની પૂજા ૪ સાધુની પૂજા નહિ, ૫ મોટાને માને નહિ, ૬ મનમાં ચિંતા ઘણી, ૭ વચન ઘણા ખરાબ સાંભળવાથી દુઃખ.

• **ગાઢ સુષમકાળ :** ૧ કાળે મેઘ વરસે, ૨ અકાળે મેઘ ન વરસે, ૩ સાધુની પૂજા, ૪ અસાધુની પૂજા નહિ, ૫ પુત્ર શિષ્યો માબાપ ગુરૂનો વિનય ઘણો કરે સમકિત મેળવે, ૬ મનમાં શાન્તિ ઘણી, ૭ વચનની પણ ધણી શાન્તિ.

• **શરીરના સાત પ્રકારના વિનય :** ૧ જયણાથી ઉભો થાય, ૨ જયણાથી બેસે, ૩ જયણાથી ચાલે, ૪ જયણાથી ભોજન કરે, ૫ જયણાથી સુવે, ૬ જયણાથી બોલે, ૭ જયણાથી ઉલ્લંઘન કરે.

• **સર્વાર્થ સિદ્ધ વિમાનના ચંદ્રવાના સાત ઘેરાવામાં ૨૫૩ મોતીયો** એક વચમાં

| | | | | |
|---|---|---|---|---|
| એક વચમાં | | ૬૪ | મણનું મોતી | ૧ |
| ૨ તેની ચારે બાજુ | ૩૨ | ૩૨ | મણના મોતી | ૪, |
| ૩ તેની ચારે બાજુ | ૧૬ | ૧૬ | મણના મોતી | ૮, |
| ૪ તેની ચારે બાજુ | ૮ | ૮ | મણના મોતી | ૧૬, |
| ૫ તેની ચારે બાજુ | ૪ | ૪ | મણના મોતી | ૩૨, |
| ૬ તેની ચારે બાજુ | ૨ | ૨ | મણના મોતી | ૬૪ |
| ૭ તેની ચારે બાજુ | ૨ | ૨ | મણના મં.તી | ૧૨૮ |
| સર્વ મળીને | ૮૩૨ | સર્વ | મણના મં તી | ૨૫૩ |

• **સ્વર :** ૧ ષડજ, ૨ ઋષભ, ૩ ગાંધાર, ૪ મજ્જિમ, ૫ પંચમ, ૬ ધૈવત, ૭ નિષાદ.

• **પૈસામાં સાત રહેલા છે :** ૧ પૃથ્વી, ૨ અગ્નિ, ૩ પાણી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪ દેવતા, ૫ કુટુંબ, ૬ રાજા, ૭ ચોર.

● **સાત પ્રકારના ગળણા શ્રાવકોને રાખવાના :** ૧ જલનું, ૨ ખારનું, ૩ આછણનું, ૪ છાશનું, ૫ ઘીનું, ૬ તેલનું, ૭ ચૂર્ણ (લોટ)નું.

● **શ્રાવકોને સાત પ્રકારના ધોતિયા રાખવાના :** ૧ સામાયિક પ્રતિક્રમણ કરવાનું, ૨ દેવપુજા કરવાનું, ૩ ભોજન કરવાનું, ૪ બજારમાં પહેરીને ફરવાનું, ૫ રાત્રિયે સુતિ વખતે પહેરવાનું, ૬ વડીનીતિ (જંગલ) જવાનું, ૭૭ દેવપૂજા વખતે પહેરીને ન્હાવાનું.

● **સાત ઉપાયથી આજીવિકા ચાલે :** ૧ વ્યાપારથી, ૨ વિદ્યાથી, ૩ ખેતીથી, ૪ શિલ્પકળાથી, ૫ પશુ પાળવાથી, ૬ સેવા કરવાથી, ૭ ભિક્ષા માંગવાથી.

૧ વાણિઆઓની વ્યાપારથી, ૨ વૈદ્યોની વૈદ્ય વિદ્યાથી, ૩ કુટુંબિયોની ખેતીથી, ૪ ગોવાળીયાની પશુ પાળવાથી, ૫ ચિત્રકારોની ચિત્રકળાથી, ૬ સેવકોની સેવા કરવાથી, ૭ ભિક્ષુકોની ભિક્ષા માગવાથી.

● **દાન આપતા સાત કારણો : ૧ ભયદાન** જો હું દાન નહિ આપું તો શ્રાપ દેશે અગર લોકોને વિષે મહારૂં ખરાબ બોલશે તેવા ભયથી દાન આપવું તે, ૨ **લોભદાન** જો હું ધન આપીશ તો ઇહભવ પરભવને વિષે મને સમૃદ્ધિ મળશે તેવા પ્રકારના લોભથી દાન આપવું તે, ૩ **પરીક્ષાદાન** આ વ્યક્તિ લોભ રહિત સંભળાય છે માટે હું આપું તે લે છે કે નહિ તેવા પ્રકારની પરીક્ષા કરવા દાન આપે તે, ૪ **કારૂણ્યદાન** જો હું દાન નહિ આપુ તો આ બિચારાનો નિર્વાહ કેમ થશે એવા પ્રકારે કારૂણ્ય ભાવથી દાન આપે તે, ૫ **સમૃદ્ધિદાન** અમુકે દાન આપ્યું અને હું શું તેનાથી કમ કયાં છું એવી રીતે હુંશા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુંશાથી મત્સર ધરીને દાન આપે તે, ૬ **કીર્તિદાન**-ગ્રહણ કરનારના મુખથી અગર બીજાના મુખથી પોતાની પ્રશંસા સાંભળવાના ઈરાદાથી દાન આપે તે, ૭ **પ્રશ્નાર્થિદાન** જો હું દાન આપીશ તો જ્યોતિષ નિમિત્તાદિક કાંઈક કહેશે એવા ઈરાદાથી દાન આપે તે.

## આઠ પ્રકાર.

- **અષ્ટપ્રવચન માતા-૧** ઈર્યાસમિતિ ૨. ભાષાસમિતિ, ૩. એષણાસમિતિ ૪. આદાનભંડ મત્તાનિકખેવણાસમિતિ ૫. પારિષ્ઠાપનિકાસમિતિ ૬. મનગુપ્તિ ૭. વચનગુપ્તિ ૮. કાયગુપ્તિ.
- **મદસ્થાન :** ૧ જાતિમદે-હરિકેષી, ૨ કુલમદે-મરિચિ, ૩ બળમદે- સંભૂતિ, ૪ રૂપમદે-સનતકુમાર, ૫ તપમદે-કુરગડુ, ૬ ઋદ્ધિમદે-દશાર્ણભદ્ર, ૭ જ્ઞાનમદે-સ્થુલિભદ્ર, ૮ લાભ મદ-સુભૂમચક્રી.
- **પૂજા :** ૧ વરગંધોદક, ૨ ચંદન, ૩ અક્ષત, ૪ કુસુમ, ૫ નૈવેદ્ય, ૬ દીપક, ૭ ધૂપ, ૮ ફુલ.
- **પિંગલ શાસ્ત્રે આઠ ગણ :** ૧ મગણ, ૨ નગણ, ૩ ભગણ, ૪ યગણ, એ સારા, ૫ રગણ, ૬ સગણ, ૭ તગણ, ૮ જગણ, એ ખરાબ.
- **માંગલિક આઠ :** ૧ દર્પણ, ૨ વર્ધમાન, ૩કલસ, ૪ મત્સ્યયુગ્મ, ૫ શ્રીવત્સ, ૬ સ્વસ્તિક, ૭ ભદ્રાસન, ૮ નંદાવર્ત.
- **કૃષ્ણની પટરાણીયો :** ૧ પદ્માવતી, ૨ ગૌરી, ૩ ગંધારી, ૪ લક્ષ્મણા, ૫ સુસીમા, ૬ જાંબુવંતી, ૭ સત્યભામા, ૮ રૂકમણી.
- **આચાર્યની સંપદા :** ૧ આચાર, ૨ શ્રુત, ૩ શરીર, ૪ વચન, ૫ વાંચન, ૬ મતિ, ૭ પ્રયોગ મતિ, ૮ સંગ્રહ પરિજ્ઞા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- **ભરતની પાટે આઠ આરિસા ભુવનમાં કેવલી :** ૧ આદિત્યયશા, ૨ મહાયશા, ૩ અતિબલ, ૪ બલિભદ્ર, ૫ બલવીર્ય, ૬ કાતવીર્ય. ૭ જલવીર્ય, ૮ દંડવીર્ય.
- **આઠ સ્ત્રીનો વિશ્વાસ ન રાખવો :** ૧ ભરતાર પરાંમુખી, ૨ પરમુખ આલાપી, ૩ દીર્ઘગોષ્ટી, ૪ નિરંકુશા, ૫ અવિવેકી, ૬ વિવસ્ત્રા, ૭ અતિદુષ્ટા, ૮ અતિક્રોધી.
- **પંડિતના ગુણો :** ૧ ગર્વ ન કરે, ૨ નિષ્ઠુર ભાષા ન બોલે, ૩ કોઈયે અપ્રિય કહેલ હોય તેને સહન કરે, ૪ ક્રોધને ધારણ ન કરે, ૫ લક્ષણ રહિત પરના કાવ્ય સાંભળી મુંગો રહે,૬ પારકાના દોષને આચ્છાદાન કરે, ૭ પોતે દોષોને ઉત્પન્ન ન કરે, ૮ પારકાની નિંદા ન કરે.
- **આઠ પ્રકારનો જય :** ૧ શત્રુજય, ૨ માનજય, ૩ વાદજય, ૪ આહારજય, ૫ કર્મજય, ૬ ક્રોધજય, ૭ પાનજય, ૮ ભૂમિજય.
- **ભોગ :** ૧ સુંગધ, ૨ વસ્ત્ર, ૩ વનિતા, ૪ ગીત, ૫ તાંબૂલ, ૬ ભોજન, ૭ આભરણ, ૮ મંદિર.
- **બુદ્ધિના ગુણો :** ૧ સુશ્રુષા, ૨ શ્રવણ, ૩ ગ્રહણ, ૪ અવધારણ, ૫ ઉહાપોહ, ૬ અર્થવિજ્ઞાન, ૭ તત્વવિજ્ઞાન ૮ નિરિક્ષણ.
- **મૂર્ખ :** ૧ અપ્રસ્તાવજ્ઞ, ૨ અનાત્યન્ય, ૩ કુવ્યસની, ૪ સ્વાર્થભ્રંશી, ૫ સ્વમર્મ પ્રકાશક, ૬ કોક વિહારાભિજ્ઞ, ૭ કુપઠિત, કુબુદ્ધિ, ૮ કલા રહિત
- **અપમાનના લક્ષણો :** ૧ શુદ્ધ ગુણ રહિત, ૨ શુદ્ધ ગુણી પ્રશંસા વિમુખ, ૩ સ્વાત્મ બહુમાનીપણું, ૪ અસૂયા, ૫ પર નિંદા, ૬ પર વિનય વિકલ, ૭ કઠોરભાષી ૮ આત્મ પ્રશંસા પ્રિયપણું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- **આઠ પ્રકારે મૌન :** ૧ વડીનીતિ વખતે, ૨ લઘુનીતિ વખતે, ૩ મૈથુને, ૪ હોમે, ૫ દંતધાવને, ૬ સ્નાન ૭ ભોજને, ૮ જાપે.
- **આત્મા આઠ પ્રકારે :** ૧ દ્રવ્યાત્મા, ૨ કષાયાત્મા, ૩ યોગાત્મા, ૪ ઉપયોગાત્મા, ૫ જ્ઞાનાત્મા, ૬ દર્શનાત્મા, ૭ ચારિત્રાત્મા, ૮ વીર્યાત્મા.
- **દિગ્ગજ :** ૧ ઐરાવણ ઈંદ્રદિશિ, ૨ પુંડરીક અગ્નિખુણે, ૩ વામન યમદશિ, ૪ મુકુંદ નૈરૂત્યખુણે, ૫ અંજનો વરૂણદિશિ, ૬ પુષ્પ વાયવ્યખુણે, ૭ સર્વભોમ કુબેર દિશિ, ૮ સુપ્રતિક ઈશાનખુણે.
- **આઠ સ્થાને મોતી નિપજે :** ૧ ગજે, ૨ વરાહદ્રંષ્ટાયામ્, ૩ મત્સિ, ૪ અહિમસ્તકે, ૫ વંશે, ૬ શંખે, ૭ ઘને, ૮ શુકતૌ. પુનઃ ૧ ગજકુંભે, ૨ શંખમધ્યે, ૩ મત્સ્યમુખે, ૪ વંશે, ૫ વરાહદ્રંષ્ટાયામ્, ૬ સર્પ મસ્તકે, ૭ મેઘમુખે ૮ શુક્તપુટે.
- **આઠનો વિશ્વાસ ન કરવો :** ૧ કામ, ૨ ભુજંગમ, ૩ જલ, ૪ જવલન, ૫ યુવતી, ૬ રોગ, ૭ રિપુ, ૮ ભૂમિનાથ.
- **અષ્ટવિદ્યા નાયિકા :** ૧ વાસક સજ્જા, ૨ વિવાહોત્કંઠિતા, ૩ ખંડિતા, ૪ પ્રોષિત ભર્તૃકા, ૫ કલહાંતરિતા, ૬ અભિસારિકા, ૭ સ્વાધિપતિકા, ૮ ઉત્કા.
- **આઠ પ્રકારના વાદ :** ૧ વિધિવાદ, ૨ ચરિતાનુવાદ, ૩ યથાસ્થિતિવાદ, ૪ જ્ઞેયવાદ, ૫ હેયવાદ, ૬ ઉપાદેયવાદ, ૭ વ્યવહારવાદ, ૮ નિશ્ચયવાદ.
- **આઠ પ્રકારના પ્રણામ :** ૧ પદ્ભ્યામ્, ૨ કરાભ્યામ, ૩ જાનુભ્યામ ૪ ઉરસા, ૫ શિરસા, ૬ મનસા, ૭ વચસા ૮ દષ્ટયા.
- **ગુરૂવિનય આઠ પ્રકારે :** ૧ ગુરૂદેખી ઉભા થવું, ૨ ગુરૂ આવતા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય ત્યારે સન્મુખ જવું, ૩ ગુરૂ દેખી મસ્તકે અંજલી કરવી, ૪ ગુરૂને પોતે આસન આપવું, ૫ ગુરૂ બેઠા પછી બેસવું, ૬ ગુરૂને વંદન કરવું, ૭ ગુરૂની ઉપાસના કરવી, ૮ ગુરૂ આવતા હોય ત્યારે સન્મુખ જવું.

• **જ્ઞાનના આઠ અતિચાર :** ૧ કાલે ભણ્યો નહિ, અકાલે ભણ્યો તે, ૨ વિનય પૂર્વક ભણવું છોડી અવિનયથી ભણ્યો તે વિનય અતિચાર, ૩ અબહુમાને-ગુરૂને અબુહુમાન કરી ભણ્યો તે, ૪ ઉપધાને તપ કર્યા વિના ભણ્યો તે, ૫ નિન્હવણે બીજા પાસે ભણી બીજાનું નામ લે તે, ૬ વ્યંજન અને અક્ષર કાનો માત્ર આઘો પાછો ભણે તે, ૭ અર્થ ખોટો કહે તે. ૮ સૂત્ર અર્થ બન્ને ખોટો કહે તે અતિચાર.

• **દર્શનાચારના આઠ અતિચાર : ૧ નિઃકાંક્ષિત**-તમામ દર્શનસારાતેમ મનમાં ચિંતવે તે, ૩ **નિવ્વિતિગિચ્છ**-દાન તપ કરી મનમાં ફળની શંકા કરે તે, ૪ **અમૂઢદ્રષ્ટિ** બ્રાહ્મણ તપસ્વી અતિશય વંત દેખી મનમાં રાગ કરે તે, ૫ ઉવવૂહ ચતુર્વિધ સંઘની ગુણશ્લાઘા નહિ કરે તે, ૬ **અસ્થિરિકરણ** અભિનવ શ્રાવકને ધર્મસ્થિર નહિ કરવા તે, ૭ **વાત્સલ્ય** સ્વામીભાઈયોનું વાત્સલ્ય નહિ કરે તે, ૮ **પ્રભાવના** જૈન શાસનની પ્રભાવના નહિ કરે તે અતિચાર.

**ચારિત્રાચારના આઠ અતિચાર :** ૧ શ્રાવક પૌષધ સામાયિક લે ત્યારે,૫ સમિતિ, ૩ ગુપ્તિ એ આઠ પ્રવચન માતા નહિ પાળવાથી અતિચાર લાગે તે.

• **સાધુના આઠ અતિચાર :** ૧ શયન, ૨ આસન, ૩ અન્ન ૪ પાણી, ૫ ચૈત્ય, ૬ વ્રત, ૭ કાય, ૮ વડીનીતિ લઘુનીતિ. પુનઃ ૧ પડિલેહણા, ૨ પમજ્જણા, ૩ ભિખાયરિયા, ૪ લોચ, ૫ ભુંજણા, ૬ પાત્રક ઘોણ, ૭ સ્થંડિલ, ૮ આવશ્યક વિગેરે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

● **આઠ પ્રકારની પૃથ્વી-સાત નરક** ૮મી ઈષત્પાગ્ભારા. **આચાર્યની આઠ સંપદા :** ૧ આચારસંપદા, ૨ શરીરસંપદા, ૩ સૂત્રસંપદા, ૪ વચનસંપદા, ૫ વાચનાસંપદા, ૬ મતિસંપદા, ૭ સંગ્રહસંપદા, ૮ પરિણામિક સંપદા.

● **આઠ અવગુણે સાધુ એકલો રહે :** ૧ ક્રોધી હોય, ૨ માની હોય, ૩ માયાવી હોય, ૪ લોભી હોય, ૫ કુતુહલી હોય, ૬ ધૂર્તહોય, ૭ પાપમાં રક્ત હોય, ૮ ખરાબ આચારવાળો હોય.

● **આઠ ગુણે સાધુ એકલો રહે :** ૧ સંયમને વિષે દ્રઢ, ૨ જઘન્યથી દસ, ને ઉત્કૃષ્ટથી ચૌદપૂર્વી, ૩ ચાર જ્ઞાનનો ધણી, ૪ ત્રણ જ્ઞાનનો ધણી, ૫ કલેશ રહિત, ૬ બળસહિત ૭ સંતોષી, ૮ ધૈર્યવંત.

● **આઠ પ્રકારથી વનસ્પતિ ઉત્પન્ન થાય :** ૧ અગ્રબીજ, ૨ મૂલબીજ, ૩ સ્કંધબીજ, ૪ પૌરબીજ, ૫ બીજરૂહા, ૬ સંમુર્ચ્છિમાં, ૮ વનસ્પતિ કાયિકા.

● **ત્રસજીવોને ઉત્પન્ન થવાના આઠ ઠેકાણા : ૧ અંડજા** તે ઇંડાથી ઉત્પન્ન થનારા, પક્ષીયો, ૨ **કોષજા** તે કોથળીથી ઉત્પન્ન થનારા હરિત આદિક, ૩ **જરાયુજા** તે જરાથી ઉત્પન્ન થનારા ગાય પ્રમુખાદિક, ૪ **રસજા**-તે રસથી ઉત્પન્ન થનારા ચલિત રસના જીવ, ૫ **સંસ્વેદજા** તે પરસેવાથી ઉત્પન્ન થનારા જું, માંકડ વિગેરે, ૬ **સંમુચ્છિમાં** તે શરદ ગરમીથી ઉત્પન્ન થનારા, ૭ **ઉજ્જિતા**-તે પૃથ્વી તોડીને ઉપજે પતંગાદિક, ૮ **ઉપપાતિક** તે નારકીના જીવ કુંભીપાકમાં ઉપજે, દેવતાઓ શય્યામાં ઉત્પન્ન થાય.

● **આઠ પ્રકારના અનર્થ દંડો :** ૧ પોતાને માટે પાપ કરે, ૨ નાત જાતને માટે પાપ કરે તે, ૩ ઘરહાટને માટે પાપ કરે તે, ૪ કુટુંબ પરિવારને માટે પાપ કરે તે, ૫ મંત્રાદિક સાધવાને માટે પાપ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરે, ૬ ભૂતને માટે પાપ કરે તે, ૭ જક્ષને માટે પાપ કરે તે, ૮ નાગદેવની પૂજાને માટે પાપ કરે તે.

● **આઠ પ્રકારના આંધળા :** ૧ જન્માંધ, ૨ રાત્રિ અંધ, ૩ દિવસે અંધ, ૪ કામ અંધ, ૫ ક્રોધઅંધ, ૬ માનઅંધ, ૭ માયાઅંધ, ૮ લોભ અંધ.

● **આઠ પ્રકારે ઉદ્યમ કરવો સારો :** ૧ પૂર્વના પાપ ખપાવવાને માટે, ૨ નવા પાપ ઉપાર્જન ન થાય તેને માટે, ૩ આગળ ભણેલું વિચારવાને માટે, ૪ નવીન ભણવાને માટે, ૫ નવીન શિષ્યા કરવાને માટે, ૬ જૂના શિષ્યને ભણાવવાને માટે, ૭ ચતુર્વિધ સંઘનો કલેશ મટાડવા માટે, ૮ તપ સંયમને વિષે વીર્યસ્ફૂરણાય માન કરવાને માટે.

● **આઠ જાણવા લાયક :** ૧ જાણે નહિ, આદરે નહિ, પાળે નહિ તે **લૌકિક મિથ્યાત્વ**, ૨ જાણે નહિ, આદરે નહિ, પાળે **તે જોગી સંન્યાસી**, ૩ જાણે નહિ, આદરે છે, પણ પાળે નહિ, ભદ્રિક ભાવી, ૪ જાણે નહિ, આદરે છે, પાળે છે, **તે અગીતાર્થ, ૫** જાણે છે, આદરે નહિ, પાળે નહિ, તે **અવિરતિ સમ્યગદષ્ટી,** ૬ જાણે છે, આદરે નહિ, પાળે છે, **તે શ્રાવક પ્રમુખ,** ૭ જાણે છે, આદરે છે, પાળે નહિ, તે **પાસત્થાદિક**, ૮ જાણે છે, આદરે છે, પાળે છે, તે સારા **સાધુ સાધ્વીયો.**

● **આઠ સમજવા લાયક :** ૧ ક્રોધ સમાન ઝેર નહિ, ૨ માન સમાન વૈરી નહિ, ૩ માયા સમાન ભય નહિ, ૪ લોભ સમાન દુઃખ નહિ, ૫ સંતોષ સમાન સુખ નહિ, ૬ પચ્ચખ્ખાણ સમાન હેતુ નહિ, ૭ દયા સમાન અમૃત નહિ, ૮ સત્યના સમાન શરણું નહિ.

● **આઠ વચનોનો આદર કરવો :** ૧ જ્ઞાન ભણવાનો ઉદ્યમ કરવો, ૨ નવા કર્મોને આવતા રોકવા, ૩ જૂના કર્મને તપસ્યા કરી નાશ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરવા, ૪ નિર્ધન ઉપર સ્નેહ રાખવો, ૫ નવીન સાધુને જ્ઞાન ભણાવવું, ૬ જ્ઞાન ભણીને વિચારવું, ૭ પોતાની જાતિઓમાં કલેશ થયો હોય તો શાન્ત કરવો, ૮ વૃદ્ધ બાળ ગ્લાનિ તપસ્વીની વૈયાવચ્ચ કરવી.

• **આઠ કર્મના આઠ દૃષ્ટાંતો :** ૧ જ્ઞાનાવરણીય તે ઘાંચીના બળદને પાટાનો દ્રષ્ટાંત, ૨ દર્શનાવરણીય તે રાજાના દ્વારપાળનુ દ્રષ્ટાંત, ૩ વેદનીય તે મધુલિપ્ત ખડગધારાનો દ્રષ્ટાંત, ૪ મોહનીય તે મદિરાપાનથી મદોન્મત્ત ગાંડા થયેલાનું દ્રષ્ટાંત, ૫ આયુષ્ય તે હેડમાં નાખેલા માણસનું દ્રષ્ટાંત, ૬ નામ તે ચિતારાનું દ્રષ્ટાંત ૭ ગોત્ર તે કુંભારના ભાંડનું દ્રષ્ટાંત, ૮ અંતરાય તે રાજાના ભંડારીનું દ્રષ્ટાંત.

• **આઠ પ્રકારે ગાંડો થાય :** ૧ સ્ત્રીના પાસે બેસે તે, ૨ બાળકને રમાડે તે, ૩ બાળકના જોડે મિત્રાઇ કરે તે, ૪ ભાંગદારૂપીવે તે, ૫ મસ્તક પગ ઘસે તે, ૬ વિવાહમાં ગાળો દે તે, ૭ આરિસામાં મોઢું જુવે તે, ૮ હોળીમાં રમે તે.

• **આઠ પ્રકારના મિત્રો :** ૧ જન્મનો મિત્ર માતા, ૨ ઘરનો મિત્ર ધન, સ્ત્રી, ૩ દેહનો મિત્ર અન્ન, ૪ આત્માનો મિત્ર જ્ઞાન દર્શન, ચારિત્ર, ૫ રોગીનો મિત્ર ઔષધ, ૬ સંગ્રામનો મિત્ર હાથ, ૭ પરદેશનો મિત્ર વિદ્યા ૮ અંતકાળનો મિત્ર પરમાત્મા.

• **મહાપાપી :** ૧ આપઘાત કરનાર, ૨ વિશ્વાસ ઘાત કરનાર, ૩ ગુણોની લુપ્ત કરનાર, ૪ ગુરૂદ્રોહી, ૫ ખોટીસાક્ષી પૂરનાર, ૬ ખોટી સલાહ આપનાર, ૭ હિંસામાં ધર્મ સ્થાપનાર, ૮ વારંવાર પચ્ચખ્ખાણ ભાંગનાર.

• **શિક્ષા :** ૧ ભગવંતના જાપ પૂર્વક પૂજા સ્તવના કરવી, ૨ ગુરૂની આજ્ઞામાં રહેવું, ૩ દયા પાળવી, ૪ સત્ય વચન બોલવું, ૫ શીયલ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાળવું, ૬ સંતોષ રાખવો, ૭ ક્ષમા કરવી, ૮ પરને દગો ન દેવો.

- **પ્રમાદ :** ૧ અજ્ઞાન, ૨ વિષય, ૩ વિપર્યાસ, ૪ રાગ, ૫ દ્વેષ ૬ સ્મૃતિભ્રશ, ૭ યોગ દુઃપ્રણિધાન, ૮ ધર્મનો અનાદર.

- **આઠ પ્રકારના આધાર :** ૧ ભય પામેલાને શરણનો આધાર, ૨ પક્ષીને આકાશનો આધાર, ૩ તૃષાળુને પાણીનો આધાર, ૪ ભૂખ્યાને ભોજનનો આધાર, ૫ સમુદ્રમાં બુડતાને પાટીયાનો આધાર, ૬ ચતુષ્પદને સ્થાનનો આધાર, ૭ રોગીને ઔષધનો આધાર, ૮ ભુલા પડેલાને વાહનનો આધાર.

- **બુદ્ધિના આઠ ગુણો :** ૧ **શુશ્રૂષા** સાંભલવાની ઈચ્છા, ૨ **શ્રવણ** સાંભળવું, ૩ **ગ્રહણ**-શાસ્ત્રાર્થનું ગ્રહણ કરવું, ૪ **ધારણ** અવિસ્મરણ, ૫ **ઉહા**-જાણેલ અર્થનું અવલંબન કરી બીજા તથા પ્રકારના અન્ય અર્થોને વિષે વિતર્કણા કરવી, ૬ **અપોહ**ઉક્તિ અને યુક્તિ વિરૂદ્ધ અર્થ સંયુક્ત, હિંસાદિકથી પાછા ફરવું, અથવા ઉહ સામાન્ય જ્ઞાન, અપોહ વિશેષ જ્ઞાન, ૭ **અર્થવિજ્ઞાન** ઉહાપોહ યોગ્ય મોહાદિકના સંદેહ વિપરીત વ્યુદાસીન જ્ઞાન, ૮ **તત્વજ્ઞાન** ઉહાપોહ વિશુદ્ધજ્ઞાન, આ પ્રકારે નિશ્ચયજ છે તે.

- **આઠ શબ્દો સમજવા લાયક પ્રશ્નોત્તર :** ૧ **પ્રશ્ન** પંડિત કોણ? **ઉત્તર** પાપથી ડરે તે, ૨ **પ્રશ્ન** દાનેશ્વરી કોણ ? **ઉત્તર** જીવદયા પાળે તે, ૩ **પ્રશ્ન** ચતુર કોણ ? **ઉત્તર** ધર્મ કરણિ કરે તે, ૫ **પ્રશ્ન** શૂરવીર કોણ ? **ઉત્તર** જે ઇંદ્રિયોનું દમન કરી જીતે તે, ૬ **પ્રશ્ન** પૂર્ણ કોણ? **ઉત્તર** જે પરોપકાર કરવામાં તત્પર હોય તે, ૭ **પ્રશ્ન** સિંહ કોણ ? ઉત્તર જે સત્યવાદિ હોય તે, ૮ **પ્રશ્ન** ધનવંત કોણ ? **ઉત્તર** જે નિર્ધન સાથે સ્નેહ કરે તે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

• **શ્રાવક કોને કહેવા ?** ૧ થોડું બોલે તેને શ્રાવક કહેવો, ૨ કામ પડે ત્યારે જ બોલે તેને શ્રાવક કહેવો, ૩ મીઠું બોલે (ધર્મની બાધા રહિત) તેને શ્રાવક કહેવો, ૪ ચતુરાઈથી બોલે તેને શ્રાવક કહેવો, ૫ કોઈ દિવસ કોઈના મર્મના વચનો ન બોલે તેને શ્રાવક કહેવો, ૬ અહંકાર રહિત બોલે તેને શ્રાવક કહેવો, ૭ ભગવાનના વચનો સહિત સૂત્ર સિદ્ધાંતમાં કહ્યા પ્રમાણે બોલે તેને શ્રાવક કહેવો, ૮ સર્વ જીવને સુખ ઉપજે એવું સૂત્ર અનુસાર વચન બોલે તેને શ્રાવક કહેવો.

## નવ પ્રકાર.

• **નવ વાસુદેવ :** ૧ ત્રિપૃષ્ટ, ૨ દ્વિપૃષ્ટ, ૩ સ્વયંભૂ,૪ પુરૂષોત્તમ, ૫ પુરૂષસિંહ, ૬ પુરૂષવરપુંડરીક, ૭ દત્ત, ૮ લક્ષ્મણ, ૯ કૃષ્ણ.

• **નવ વાસુદેવના પિતા :** ૧ પ્રજાપતિ, ૨ બ્રહ્મ, ૩ ભદ્ર, ૪ સોમ, ૫ શિવ, ૬ મહાશ્રી, ૭ અગ્નિશિખ, ૮ દશરથ, ૯ વસુદેવ.

• **નવ વાસુદેવની માતા :** ૧ મૃગાવતી, ૨ પદ્મા, ૩ પૃથ્વી, ૪ સીતા, ૫ નિયાય, ૬ લક્ષ્મી, ૭ અગ્નિ, ૮ સુમિત્રા, ૯ દેવકી.

• **નવ બલદેવ :** ૧ અચલ, ૨ વિજય ૩ ભદ્ર, ૪ શ્રીપ્રભ, ૫ સુદર્શન, ૬ આણંદ, ૭ નંદન, ૮ પદ્મ ૯ રામ.

• **નવ બલદેવ માતા :** ૧ ભદ્રા, ૨ સુભદ્રા, ૩ સુપ્રભા, ૪ સુદર્શના, ૫ જયા, ૬ વિજયા, ૭ જયંતા, ૮ અપરાજિતા, ૯ રોહિણી.

• **નવ પ્રતિવાસુદેવ :** ૧ અશ્વગ્રીવ, ૨ તારક, ૩ મેરક, ૪ મહાકીટ, ૫ નિશુંભ, ૬ બલી ૭ પ્રલ્હાદ, ૮ રાવણ, ૯ જરાસંઘ.

• **નવ વાસુદેવ નગરી :** ૧ દ્વારિકા૨ પોતનપુર, ૩ દ્વારિકા, ૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્વારિકા ૫ પોતનપુર,૬ ચક્રપુરી, ૭ વાણારસી, ૮ અયોધ્યા, ૯ દ્વારિકા.

- **નવ બલદેવ ગતિ :** ૮ મોક્ષે, ૧ પાંચમે દેવલોક બળભદ્ર.
- **નવ વાસુદેવ ગતિ :** ૧ સાતમી નરકે, ૨ - ૩ - ૪ - ૫ - ૬ છઠ્ઠી નરકે, ૭ પાંચમી નરકે, ૮ ચોથી નરકે, ૯ ત્રીજી નરકે.
- **નવ રસો :** ૧ શ્રૃંગાર, ૨ હાસ્ય, ૩ કરૂણા, ૪ રૌદ્ર, ૫ વીર ૬ ભયાનક, ૭ બીભત્સ, ૮ અદ્ભૂત, ૯ શાંત.
- **બ્રહ્મચર્યની નવ વાડ**-૧ વસહિ, ૨ કથા, ૩ નિષદ્યા, ૪ ઇંદ્રિય, ૫ કુડયંતર, ૬ પૂર્વ ક્રીડિત, ૭ પણીપ, ૮ અઈઆહાર, ૯ વિભૂસણાઈ.
- **પરસમયે નવખંડ :** ૧ ભરત, ૨ હરિ, ૩ એલાવ, ૪ રામ, ૫ હરિન્ન, ૬ વનં, ૭ કુરૂખંડ, ૮ કિતુમાલે, ૯ ઈરાવદ્ર.
- **નેમ રાજીમતિના નવભવો :** ૧ ધનધનવતી, ૨ સૌધર્મ, ૩ ચિત્રગતિખેચર રત્નવતી, ૪ માહેંદ્રે, ૫ અપરાજિત પ્રિયમતિ, ૬ આરણે, ૭ શંખ યશોમતિ, ૮ અપરાજિત વૈમાને, ૯ નેમ-રાજીમતી.
- **નવ લોકાંતિક દેવો :** ૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વરૂણ, ૪ વન્હિ, ૫ ગર્દિત, ૬ તુષિત, ૭ અવ્યાબાધ, ૮ આગ્નેય, ૯ અરિષ્ટ. એ નવે પાંચમા બ્રહ્મદેવલોકે ત્રીજે પ્રતરે લોકાંતિક દેવો આઠ સાગરોપમના આયુષ્યવાળા મહા સુખીયા તીર્થંકરને દિક્ષા કલ્યાણક જણાવનારા એકાવતારી હોય છે.
- **નવ ગ્રૈવેયક :** ૧ સુદર્શન, ૨ સુપ્રતિષ્ઠ, ૩ મનોરમ, ૪ સર્વતોભદ્ર, ૫ સુવિશાલ, ૬ સૌમન, ૭ પ્રીતિકર, ૮ સૌવમનસ, ૯ નંદિકર.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- **નવ વિધ ગાત્રભોગ :** ૧ સુગંધતૈલાદિવાસે, ૨ સુખાસને, ૩ સુવસ્ત્રે, ૪ ઉદ્વર્તને, ૫ ઉદકે, ૬ વિલેપને, ૭ અલંકારે, ૮ ભોજને, ૯ મનોહર તુલિકે.
- **નવ વાહન :** ૧ ખર, ૨ હય, ૩ ગય, ૪ મહિષ, ૫ જંબુક, ૬ સિંહ, ૭ કાગ, ૮ મોર, ૯ હંસ.
- **નવ વાહન ફળ :** ૧ રાસભે લક્ષ્મિહાની, ૨ હયે ધનલાભ, ૩ ગજે સુખ બહુ, ૪ મહિષ મરણં, ૫ જંબુક સર્વ સુખને હરણ કરે, ૬ સિંહ પિશૂન-મરણ ૭ કાગડો નિશ્ચય અત્યંત દુઃખદાઈ, ૮ મોર અર્થલાભને કરે, ૯ હંસ સકલ પ્રકારના સુખની વૃદ્ધિ કરે.
- **ચંદરવા નવ :** ૧ પાણિયારા ઉપર, ૨ ચૂલા ઉપર, ૩ ઘંટી ઉપર, ૪ ખાડણી ઉપર, ૪ વલોણાની જગ્યા ઉપર, ૬ ભોજન સ્થાને, ૭ શયન સ્થાને, ૮ સામાયિકાદિક ધર્મ ક્રિયા કરવાને સ્થાને, ૯ દેરાસરે. એક વધારે રાખવો અવસરે કામ પ્રસંગમાં આવે.

મહાવીર મહારાજા સમયે નવજણે તીર્થંકર ગોત્ર બાંધ્યું : ૧ શ્રેણિક, ૨ સુપાર્શ્વ, ૩ પોટિલ, ૪ ઉદાયી, ૫ શંખ, ૬ શતક, ૭ દ્રઢાયુ, ૮ સુલસા, ૯ રેવતી.

- **નિયાણા નવ :** ૧ ધનનું, ૨ રાજાનું, ૩ સ્ત્રીનું, ૪ નરનું, ૫ દેવનું, ૬ અપ્પપ્યવયાર, ૭ અપ્પવિયારત્તં, ૮ શ્રાવકનું ૯ દરિદ્રનું.
- **નવ પ્રકારે કાયા સુખી :** ૧ સુખે બેસવાથી, ૨ સુખે સુવાથી, ૩ મૈથુનથી, ૪ સુખે વડીનીતિ લઘુનીતિ, ૫ સુખે પ્રવાસથી, ૬ દાતણથી, ૭ ભોજનથી, ૮ જલથી, ૯ સિલક (પૈસાથી).
- નવે નારદ કયા તીર્થંકરના વારામાં થયા ? તે નીચે પ્રમાણે.

૧ **અગ્નિશર્માનારદ**, શ્રી શ્રેયાંસનાથના વારામાં, ૨ **સુશર્માનારદ**, શ્રી વાસુપૂજ્ય સ્વામીના વારામાં, ૩ **શિવશર્માનારદ**,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી વિમલનાથજીના વારામાં, ૪ **ઉર્ણશર્માનારદ**, શ્રી અનંતનાથજીના વારામાં, ૫ **શિખિનારદ**, શ્રી ધર્મનાથજીના વારામાં, ૬ **શિખંડીનારદ**, તતો અંતરે, ૭ **રૂદ્રનારદ**, તદનંતરે, ૮ **બ્રહ્માનારદ**, તદનંતરે, ૯ **રૂદ્રનારદ**, શ્રી નેમનાથજીના વારામાં

એ ઉપરોક્ત સર્વેનારદો બ્રહ્મચર્યના પ્રતાપે સ્વર્ગે ગયા છે, એકાવતારી છે, તેઓ માનુષ્ય જન્મ પામીને , દીક્ષા લઇને કેવળજ્ઞાન ઉપાર્જન કરીને મોક્ષે જશે, પરંતુ, આઠમો બ્રહ્મા નામનો નારદ દેવલોકથી ચ્યવીને, મલ્લ નામના તીર્થંકર થઇને મોક્ષે જશે.

## સંખ્યાના શાસ્ત્રીય નામો

**સંખ્યા શૂન્ય**-ખ, ગગન, આકાશ, અંબર, અભ્ર, વિયત્, વ્યોમ, અંતરિક્ષ, નભ, પૂર્ણ, રંધ્ર, આદિ.

(૧) આદિ, રાશી, ઇંદુ, વિધુ, ચંદ્ર શીતાંશુ, શીતરશ્મિ, સોમ, શશાંક, સુધાંશુ, અબ્જ, ભૂ,ભૂમિ, ક્ષિતિ, ધરા, ઉર્વરા, ગો, વસુંધરા, પૃથ્વી, ક્ષ્મા, ધારણી, વસુધા, ઇભા, કુ, મહી, રૂપ પિતામહ, નાયક, તનું, આદિ.

(૨) યમ, યમલ, અશ્વિન, નાસત્ય, દસ્ર, લોચન, નેત્ર, અક્ષિ, દ્રષ્ટિ, ચક્ષુ, નયન, ઇક્ષણ, પક્ષ, બાહુ, કર, કર્ણ, કુચ, ઓષ્ટ,ગુલ્ફૂ, જાનું, જંઘા, દ્રવ્ય, દ્વંદ, યુગલ, યુગ્મ, કુટુંબ, રવિચંદ્રૌ, આદિ.

(૩) રામ, ગુણ, ત્રિગુણ, લોક, ત્રિજગત્, ભુવન, કાલ, ત્રિકાલ, ત્રિગત, ત્રિનેત્ર, સહોદરા, અગ્નિ, વન્હિ, પાવક, વૈશ્વાનર, દહન, તપન, હુતાસન, જવલન,શિખિન, કૃશાનુ, હોતૃ, આદિ.

(૪) વેદ, શ્રુતિ, સમુદ્ર, સાગર, અબ્ધિ, જલધિ,ઉદધિ, જલનિધિ,્બુધિ, કેંદ્ર, વર્ણ, આશ્રમ, યુગ, તુર્ય, કૃત, અય, આય, દિશ, બંધુ, કોષ્ટ, વર્ણ, આદિ,

(૫) બાણ, શર, સાયક, ઇશુ, ભૂત,પર્વ, પ્રાણિ, પાંડવ, અર્થ, વિષય, મહાબૂત, તત્વ, ઇંદ્રિય, રત્ન, આદિ,

(૬) રસ, અંગ, કાય રૂતુ, માસાર્દ્ધ, દર્શન, રાગ, અરિ, શાસ્ત્ર, તર્ક, કારક, આદિ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૭) નગ,અગ,ભૂભૃત, પર્વત, શૈલ, અદ્રિ, ગિરિ, રૂષિ, મુનિ,અત્રિ, વારસ્વર, દાતુ,અશ્વ, તુરગ, વાડિ, છંદ, ધી, કલત્ર, આદિ.

(૮) વસુ, અહિ, નાગ, ગજ, દંતિ,દિગ્ગજ, હસ્તિ, માતંગ, કુંજર, દ્વિપ, સર્પ,તક્ષ,સિદ્ધિ, ભૂતિ, અનુષ્ટુભ, મંગળ, આદિ,

(૯) અંક, નંદ, નિધિ, ગૃહ, રંધ્ર, છિદ્ર, દ્વાર,ગો, પવન,આદિ.

(૧૦) દિશ, દિશા, આશા, અંગુલી, પંક્તિ, કકુભ, રાવણ, શિરમ્, અવતાર, કર્મન્ આદિ.

(૧૧) રૂદ્ર, ઈશ્વર, હર આદિ, ભવ, ભર્ગ, શૂલિન, મહાદેવ અક્ષૌહિણી, આદિ.

(૧૨) રવી, સૂર્ય, અર્ક, તાર્તંડ, દ્યુમણિ, ભાનું, આદિત્ય દિવાકર, માસ, રાશિ, વ્યય, આદિ.

(૧૩) વિશ્વેદેવા, કામ અતિજગતિ, અષોષ, આદિ

(૧૪) મનુ, વિદ્યા, ઈંદ્ર, શક્ર, લોક, આદિ.

(૧૫) તિથી, ઘસ્ત્ર, દિન, અહન, પક્ષ, આદિ.

(૧૬) નૃપ, ભૂપ, ભૂપતિ, અષ્ટિ, કલા, આદિ.

(૧૭) અત્યષ્ટિ.

(૧૮) ધૃતિ.

(૧૯) અતિધૃતિ.

(૨૦) નખ, કૃતિ.

(૨૧) ઉત્કૃતિ, પ્રકૃતિ, સ્વર્ગ,

(૨૨) કૃતિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨૩) વિકૃતિ

(૨૪) ગાયત્રિ, જિન અર્હત્, સિદ્ધ, આદિ.

(૨૫) તત્વ

(૨૭) નક્ષત્ર, ઉડુ, ભ, આદિ.

(૩૨) દંત, રદ, આદિ.

(૩૩) દેવ, અમર, ત્રિદશ, સુર, આદિ.

(૪૦) નરક.

(૪૮) જગતી

(૪૯) તાન

અક્ષર ઉપરથી આંકની સમજ : ક્ ૧, ખ્ ૨, ગ્ ૩, ઘ્ ૪, ઙ્ ૫, ચ્ ૬, છ્ ૭, જ્ ૮, ઝ્ ૮, ઞ ૧૦, ટ્ ૧૧, ઠ્ ૧૨, ડ્ ૧૩, ઢ્, ૧૪ ણ્ ૧૫, ત્ ૧૬, થ્ ૧૭, દ્ ૧૮, ધ્ ૧૯, ન્, ૨૦, પ્ ૨૧, ફ્ ૨૨, બ્ ૨૩, ભ્ ૨૪, મ્ ૨૫, ય્ ૩૦, ર્ ૪૦, લ્ ૫૦, વ્ ૦ શ્ ૭૦ ષ્ ૮૦, સ્ ૯૦ હ્ ૧૦૦, અ ૧, ઈ ૧૦૦૦, ઉ ૧૦૦૦૦, ઋ ૧૦૦૦૦૦૦, ભૃ ૧૦૦૦૦૦૦૦૦, એ ૧૦૦૦૦૦,૦૦,૦૦૦, ઐ ૧૦૦૦૦૦,૦૦,૦૦,૦૦૦, ઓ ૧૦૦૦૦૦૦૦,૦૦,૦૦,૦૦૦, ઔ ૧૦૦૦૦,૦૦૦,૦૦,૦૦, ૦૦,૦૦૦.

## સામુદ્રિક શાસ્ત્રની સામાન્ય વાતો.

(૧) જેના નખ, પગ, હાથ, જીભ, હોઠ,તાળવું, અને આંખના ખુણા લાલ હોય તે પુરૂષ ભાગ્યવાન જાણવો, તે પુરૂષ સપ્તાંગ લક્ષ્મીને ભોગવે છે, (૨) જેનું મુખ, નાક, હડપચી, ગળાનો ભાગ, કાખ, અને છાતી, એ છવાનાં. જેના ઉંચા હોય તે પુરૂષ સર્વ પ્રકારે ઉન્નતિ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મેળવનાર થાય, (૩) જેનાં કેશ, દાંતચામડી, આંગળીના વેઢા, અને નખ, એ પાંચ પાતળા હોય, સુકાયેલા હોય, તે પુરૂષ ધનવાન ઘણો થાય, (૪) જેનાં આંખો, સ્તનનું અંતર, નાક, ગળુ, હાથ, એ પાંચે લાંબા હોય, તે પુરૂષનું આયુષ્ય લાંબુ હોય, અને તે ધન ઘણું જ મેળવે, તેમજ પરાક્રમી હોય, (૫) જેનાં મુખ, લલાટ, અને પેટ, એ ત્રણે મોટા હોય તો, તે પુરૂષ રાજા થાય, (૬) જેની ડોક, જાંઘ, અને પુરૂષ ચિન્હ, એ ત્રણે ટુંકા હોય, તે રાજા થાય, (૭) જેનો સ્વર, તથા ડુંટી, તથા સત્વ એ ત્રણે ગંભીર હોય, તે પૃથ્વીપતિ થાય, પરમાર્થી થાય, (૮) જેની આંખ સફેદ હોય, લાલ હોય, કાબર ચિત્રી હોય, તે સહજ ઓછી અકકલનો હોય, છે, (૯) જેની દાઢી નાની હોય, તેજસ્વી આંખ હોય, તથા ખુલ્લી પાંપણો હોય અને માથામાં ઘણાજ સખતવાળ હોય, તેનાથી દૂર રહેવું કારણ કે તે માણસ ઝેરી સર્પ જેવો હોય છે, (૧૦) જેના વાળ શરાબી રંગના સખત હોય, તે દમામદાર, તથા બહાદુર અને તંદુરસ્તી હોય છે, (૧૧) જેના વાળ નરમ હોય છે, તે જ્ઞાતિવાળો હોય છે, તથા બીકણપણું ધારણ કરનારો ઇતરાજી હોય છે, (૧૨) જેના કાન, તથા ખંભા ઉપર વાળ હોય છે, તેઓ હિમ્મતવાન તથા બેવકુફ હોય છે, (૧૩) જેના પેટ ઉપર તથા છાતી ઉપર ઘણાવાળો હોય છે, તે રોગી તથા જુલમગિરિના કામો કરવા વાળો થાય છે, (૧૪) જેના પીળાવાળ હોય છે તે ચોરી કરનાર ક્રોધી, ને બેવકુફી હોય છે, (૧૫) જેના કાળા શાહીજેવા વાળ હોય છે, તે અક્કલવાળો, અને વિચાર શીલ થાય છે, (૧૬) જેના કાળા, અને રાતારંગના વાળ હોય છે તે વિચારોનું સમતુલપણું જાણનારો થાય છે, (૧૭) જેનું કપાળ મોટું હોય અને ભ્રકુટી પાસે કડચલી નહિ હોય તે લડાઇ ટંટા કરવા વાળો થાય છે, (૧૮) જેની નાની પાંપણો હોય, અને સાધારણ પાંપણો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય તે અને ભ્રકુટી પાસે કરચલી હોય તો સત્યવાદી શાહુકાર જાણવો, (૧૯) જેના કાન મોટા હોય તે મૂર્ખતા ધારણ કરનાર, તથા કડક મીજાજનો, તેમજ મરદાઈનો ભંડાર હોય છે, (૨૦) જેના કાન નાના હોય, તે મુરખ, અને ચોર હોય છે, (૨૧) જેના કાન સાધારણ હોય છે, તે સમધારણ વિચારશીલ જાણવો, (૨૨) જેની ભ્રકુટી મોટી કાળી હોય છે, તે બોલવામાં સખત ભાષા વાપરનાર હોય છે, (૨૩) જેના કાનની વચ્ચેનો ભાગ સુધી લંબગોળ ખેંચાયેલ હોય તે ખોટી ડીંગ મારનાર, અને મગરૂરી હોય છે, (૨૪) જેની આંખ લીલારંગની હોય છે તે ઘણોજ ખરાબ હોય છે, (૨૫) જેની આંખ મોટીને તેજસ્વી હોય તે અદેખો હોય છે, (૨૬) જેની ઠરેલી આંખ હોય છે તે દાની, ને શતાબીખોર હોય છે, નઠારો, ને હરકત કરનાર હોય છે, (૨૭) જેની આંખ લાલ હોય છે તે બહાદુર અને હુશીયાર હોય છે, (૨૮) જેને આંખની કીકીની આસપાસ પીળોરંગ અગર તેવા પીળારંગની આંખો હોય, તો તોફાની તથા ટંટાખોર થાય છે, (૨૯) જેની આંખ લાંબી, પોહોળી, નાની, મોટી, રૂપરંગમાં સમધારણ હોય, તે અક્કલવાળો, હુશીયાર, અને ચોખ્ખી દાનતનો હોય છે, (૩૦) જેનું નાક નાનું હોય છે, તે ચાલાક, અને નરમ સ્વભાવનો હોય છે, (૩૧) જેનું નાક વાંકુ હોય છે, તે બાહાદુર હોય છે. (૩૨) જેનું નાક પોહોળું હોય છે, તે મિત્રોને વધારનાર, અને હુશીયાર હોય છે, (૩૩) જેના નસકોરા મોટા હોય, તે લુચ્ચો, અને જુલમ કરનાર હોય, (૩૪) જેના નાકની ડાંડી આંખ સુધી પોહોળી હોય,તે અસત્યવાદિને વિષે શિરોમણિ હોય છે, (૩૫) જેના નાકની ડાંડી સમધારણ હોય, તો અક્કલવાળો ને હુશીયાર હોય છે, (૩૬) જેનું મોઢું મોટુ હોય તે બુદ્ધિવાળો ને બહાદુર થાય છે, (૩૭) જેના હોઠ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોહોળા હોય તે ખરાબ અને બેવકુફ થાય છે, (૩૮) જેના હોઠ લાલ હોય છે, તે ડાહ્યો ને શાણો થાય છે (૩૯) જેના દાંત સીધીલાઈન વગરના વાંકા ચુકા હોય તે તાલમબાજ અને બુરીદાનતનો હોય ફિતુર કરનાર છે (૪૦) જેના દાંત સિધા લાઈન બદ્ધ હોય તે પ્રમાણિક, ન્યાયી, ને ઈન્સાફ વાળો થાય છે, (૪૧) જેના ગાલ ફુલેલ, અને માંસથી ભરેલા હોય છે, તે પણ ખરાબ લાઈનનો હોય છે, (૪૨) જેના પીળા ગાલ હોય તેપણ ખરાબ વિચારનો હોય છે, (૪૩) જેના ગાલ સાધારણ રીતસર હોય, તે સારો હોય છે, (૪૪) જેનો અવાજ મોટો હોય,તે બહાદુર હોય છે, (૪૫) જેનો અવાજ નાનો હોય, તે મિથ્યાભિમાની, અને વેહેમ કરનાર હોય છે, (૪૬) જેનો ઘાંટો સાધારણહોય તે સારો ફાયદો કરનાર જાણવો, (૪૭) જેનો અવાજગુંગણો હોય છે, તે મૂરખ હેવાન હોય છે, (૪૮) ધીમે બોલનાર, લાયકાતીવાળોહોય છે, (૪૯) જે વાતો કરતા હાથના ચાળા કરનાર હોય, તે શાણો, હુશીયાર હોય છે, (૫૦) જેની ગરદન ટુંકી હોય, તે તાલમબાજ ફીસાદીખોર, હરામદાનતનો, દગાબાજ, અને બીજાઓનું નિરંત્તર બુરૂ ઈચ્છનારો, તથા બીજાનું સારૂ થાય તેમાં હર્ષ રહિત થાય છે, (૫૧) જેની ગરદન લાંબી, પાતળી હોય, તે સત્યવાદી, ને પરમાત્માનો ભક્ત હોય, (૫૨) જેની છાતી, અને મોટું પેટ હોય, તે સર્વથા ખોટો, ને ખરાબ સમજવો, (૫૩) જેની છાતી, પેટ સાધારણ હોય, તે અક્કલવાળો, અને શાણો હોય છે, (૫૪) જેની ખાંધ, અને પીઠ, પોહોળી હોય, તે જોરાવર હોય પણ તેનામાં બુદ્ધિ થોડી હોય છે, (૫૫) જેની કાંધ નાની હોય,તે ખરાબ અને અધર્મી હોય છે, (૫૬) જેના હાથ અનેઆંગળા લાંબા હોય તે શાણો અને હકુમતવાળો હોય છે, (૫૭) જેના પગનો નળો જાડો હોય તે નાદાન, અને લડાઈ ખોર હોય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે, (૫૮) જેના પગનો નળો સાધારણ હોય, તે બુદ્ધિવાળો હોય છે, (૫૯) જેની આંખનો રંગ બ્લુ રંગવાળો હોય, તે મિત્રોનો વધારો કરનાર હોય છે, (૬૦) તેવી બ્લુ રંગ વાળી આંખ જો સ્ત્રીની હોય તો તે નાજુક હોય, પ્યાર બતાવનારી હોય, બીજાની મરજી સાચનારી હોય, તથા દુઃખોને માટે દિલસોજી બતાવનારી, તેમજ પોતાને ગુણ રહિત માનનારી, તથા પોતાના પિતાને પરમેશ્વરતુલ્ય માનનારી, અને સ્ત્રી જાતિના તમામ ગુણોકોમળતા તે સ્ત્રીને વિષે હોય છે, (૬૧) જેની આંખ બદામી રંગની હોય, તે શત્રુને વધારનાર હોય, (૬૨) જો સ્ત્રીની આંખ બદામી રંગની હોય, તો તે અદેખી, નિર્દય, અને વિશેષે કરીને બિલાડીને વિષે જેટલા ગુણો હોય છે,તેટલા ગુણો, તેવી આંખવાળી સ્ત્રીયોને વિષે હોય છે, (૬૩) જો પુરૂષની આંખ બદામી હોય, તો તે વહેમી, જીંદગી સુધી બીનપરવાઇવાળો, બીજાના દુઃખનીબેદરકારીવાળો શૂરવીર, હિમ્મતવાન, અને ડામાડોળ ચિત્તવાળો થાય છે, પરંતુ મિત્રના કામમાં તત્પર રહેનારો હોય છે, (૬૪) જેની આંખ રાખના રંગવાળીહોય, તે સ્વભાવનો ઠંડો પણ સાચો દિલસોજી બતાવનાર હોય છે. અને તેને વિષે કવિપણાના ગુણો પણ હોય છે, (૬૫) જેની આંખો લીલા રંગની હોય છે, તે માણસો હલકા, લુચ્ચા, અને ઘાતકી હોય છે.

## શકુન વિચાર

૧ ગામ્રાંતર પ્રત્યે ગમન કરતાં શાક પાંદડુ મળે તો સારૂં પણ કલેશ કાંઇ થાય નહિ. ૨ ઘી સામુ મલ્યું હોય, દીઠું હોય, નામ સાંભલ્યું હોય તો સારૂં ૩ પરગામ પ્રત્યે ચાલતાં તેલ સામુ મલ્યુ હોય,દીઠુ હોય, નામ સાંભળ્યું હોય તોખરાબ, ૪ પરગામ પ્રત્યે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાલતાં માછલાનું જોડલું સામું મળે તો સંપૂર્ણ ઉત્તમ ફળ પ્રાપ્ત થાય, ૫ પરગામ પ્રત્યે ચાલતાં આરિસો સામો મળ્યો હોય, અગર દેખવામાં આવે તો તેમાં મુખ જોઈએ ચાલવાથી વાંછિત ફલની પ્રાપ્તિ થાય, ૬ પરગામ પ્રત્યે ચાલતા ફુલની જાતિ મળે તો તમામ જાતિ સારી પણ રાતા ફુલો મળે તો ખરાબ. ૭ પરગામ પ્રત્યે ચાલતાં ગુંથેલી ફુલની માળા સામી મળે તો બહુજ ઉત્તમ. ૮ પરગામ પ્રત્યે ચાલતાં સામા વસ્ત્રો મળે તો સારા. પણ ધોયેલા મળે તો ખરાબ. ૯ પરગામ પ્રત્યે ચાલતાં તમામ ધાતુઓ સામી મળે તો ખરાબ તેમાં પણ લોઢું સામું મળે તો મરણ થાય. ૧૦ પરગામ પ્રત્યે ચાલતાં પાષાણ મય દેવ દેવીની મૂર્તિ પૂજા કરેલી સામી મળે તો ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય. ૧૧ પરગામ ચાલતાં સ્ત્રી હાથમાં છાણ લઈને સામી મળે તો સારૂં ૧૨ પરગામ પ્રત્યે ચાલતાં પુરૂષને માથે વાંસનું ભાજન હોય અને છાણથી ભરેલું હોય તે સામું મળે તો ખરાબ. ૧૩ પરગામ પ્રત્યે ચાલતા સર્વ પ્રકારના શ્રૃંગારો વડે કરી શોભિત થયેલી સ્ત્રી સામી મળે તો ઉત્તમ. ૧૪ પરગામ પ્રત્યે ચાલતાં છુટા કેશવાળી,રૂદન કરનારી, દૂષણવાળી, સગર્ભા, ઋતુવંતી અને યોગિની એટલી સ્ત્રીઓ સામી મળે તો ખરાબ. ૧૫ પરગામ પ્રત્યે ચાલતાં દહીંનું ભરેલું વાસણ સામું મળે તો ઉત્તમ. ૧૬ પરગામ પ્રત્યે ચાલતાં તર ઉતારેલ દહીનું વાસણ સામું મળે તો ખરાબ. ૧૭ પરગામ પ્રત્યે ચાલતાં હસ્તિ, અને ઘોડો હેષારવ કરતા સામા મળે તો ઉત્તમ. ૧૮ પરગામ પ્રત્યે ચાલતાં ઘોડો સામો મળે તો ઉત્તમ ૧૯ પરગામ પ્રત્યે ચાલતાં માંસ મદિરા સામા મળે તો સર્વ કાર્ય સિદ્ધ કરનાર થાય. ૨૦ પરગામ પ્રત્યે ચાલતાં ચામર તથા છત્ર સામા મળે તો તમામ પ્રકારનો લાભ આપનારા થાય. ૨૧ પરદેશ પ્રત્યે ચાલતાં સર્વ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકારનાં ધાન્ય તથા ચોખા ઘંઉ તથા યુગંધરી આદિ સામા મળે તો સર્વ કાર્ય સિદ્ધ કરનાર થાય પરંતુ મગ, અડદ, તલ, સરસવ, રાઈ , તથા જેમાં તેલ હોય એટલે જેને પીલતા તેમાંથી તેલ નીકળેતેવા ધાન્યો સામા મળે તે ખરાબ. ૨૨ પરગામ પ્રત્યે ચાલતાં કાંગ આદિ તુચ્છ ધાન્ય સામું મળે તો અલ્પ લાભ થાય. ૨૩ પરગામ પ્રત્યે ચાલતાં પીઠાનું અન્ન સામું મળે તો તમામ ખરાબ. ૨૪ પરગામ પ્રત્યે ચાલતાં રાધેલું અન્ન સામું મળે તો તમામ કાર્યને સિદ્ધ કરનારૂં થાય. ૨૫ પરગામ પ્રત્યે ચાલતાં કોહાઈ ગયેલું અન્ન સામુ મળે તો કામ સિદ્ધ થાય નહિ. ૨૬ પરગામ પ્રત્યે ચાલતાં ગાડામાં ભરીને તથા માથા ઉપર ચડાવીને કાંટા થોરને લઈ જતા સામા સ્ત્રી, પુરૂષ મળે તથા વૈરી સામો મળે તો પોતાનું કામ સિદ્ધ થાય નહિ. ૨૭ પરગામ પ્રત્યે ચાલતાં શ્વેતવસ્ત્રો ધારણ કરનારા સાધુનું દર્શન થાય તો સર્વથા પ્રકારે ઉત્તમ છે, પરંતુ તેમાં પણ જો આચાર્ય સન્મુખ મળે તો તે ઉત્તમ પ્રકારના રાજ્યયોગના ફળને આપનાર થાય છે, ૨૮ પરગામ પ્રત્યે ચાલતાં સાધુશ્રમણ, ઘોડો, રાજ, મોર, હસ્તિ, બળદ જો સામા મળે તો સર્વ પ્રકારની સિદ્ધિ કરનારા થાય છે, અને ગામમાં પ્રવેશ કરતાં સામા મળે તો પણ સર્વપ્રકારની સિદ્ધિ કરનારા થાય છે, ૨૯ પરગામ પ્રત્યે ચાલતાં નિર્ગ્રંથ સાધુ સામા મળે તો સર્વ કાર્ય સિદ્ધ થાય. ૩૦ પરગામ પ્રત્યે ચાલતાં ભરેલા પાત્ર સહિત તમામ ધર્મના દર્શનીયો સામા મળે તો કામ કરનારા થાય, પરંતુ કાલી પાત્ર હોય ને સન્મુખ મળે તો અનર્થની પરંપરાને કરનારા થાય. ૩૧ પરગામ પ્રત્યે ચાલતાં ખાટા એવા બોર સામા મળે તો કષ્ટને કરનારા થાય. ૩૨ પરગામ પ્રત્યે ચાલતાં એક પાણીનો ભરેલો પૂર્ણ ઘડો સામો મળે તો સંપૂર્ણ લાભ તથા ફલને આપનારા થાય. ૩૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરગામ પ્રત્યે ચાલતાં અડધો પાણીનો ઘડો સામો મળે તો અડધો લાભ થાય. ૩૪ પરગામ પ્રત્યે ચાલતાં બે બે ઘડા ભરેલા સામા મળે તો તે ઇચ્છિત વસ્તુને આપનારા થાય તેમાં પણ તે બન્ને જો પુરૂષને મસ્તકે રહેલા હોયતો તમામ પ્રકારની સિદ્ધિના કારણ ભૂત થાય છે. ૩૫ પરગામ પ્રત્યે ચાલતાં ગણેશ (તેતર) ડાબી બાજુ બોલે તો કુશલતા જણાવે, જમણી બાજુ બોલે તોલાભદેખાડે તથા કન્યાના વરને શોધવા જાતાં જમણી બાજુ બોલે તો વર મળે, પણ સર્વથા પ્રકારે ડાબુ બાડુ બોલે તો સારો, ડાબો બોલીને 'જમણો બોલે તો ફલ પ્રાપ્ત થાય, રાત્રિએ બોલે તો દેશ ભંગ થાય, બપોરે તેતર બોલે તો ભય શમી જાય, એક સ્થાનકે રહીને સર્વખુણે બોલે તો ભય ઉત્પન્ન થાય. ગણેશ ડાબી બાજુ કુશલતા સૂચવે, ડાબા ઉપર જમણો વાહન મેળવે, ગામમાં પ્રવેશ કરતાં જમણો બોલે તો ઉત્તમ છે તથા રોગીને વિષે ગણેશ ડાબો હોયતોરોગીને સમાધિ થાય. ૩૬ પરગામ પ્રત્યેચાલતાં દુર્ગા (કાળીચકલી) ડાબી બાજુ શબ્દ કરે તો ઉત્તમ તથા કુશલતા કહે ડાબીબાજુથી શબ્દોને કરતી જમણી બાજુ જાય તો પણ કુશળ બીજીવાર જાય તો કાર્ય સિદ્ધ થાય, ત્રીજીવાર દુર્ગા જમણી બાજુ જાય તો લાભના લોભ સહિત રાજ્ય મેળવે, સુખકારી કલ્યાણકારી હોય, જમણી બાજુથી ડાબી બાજુ જાય તો દુઃખદાયી થાય, દુર્ગા શબ્દ કરતી નીચી જાય તો નીચલાભ સૂચવે, પરગામ જતાં પાણીના સ્થાનકે બેઠેલી દુર્ગાા બોલે તો ચિંતા ઉત્પન્ન થાય, અને પ્રાસાદ તથા વૃક્ષ ઉપર બેઠેલી બોલે તો ઉત્તમ લાભ સૂચવે. રસ્તામાં સાથે ચાલે, આગળ ચાલે, વચ્ચે ચાલે તો આગળ ઉપરલાભ થાય, તથા સુકા લાકડા ઉપર તથા સુકાયેલા વૃક્ષઉપર બેઠેલી બોલે તો હાનિ થાય, તથા રોગીને અર્થે જોતા જો બેઠી હોય ત્યાંથીઉંચી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચડે તો રોગ ઘણો થાય, ને નીચે ઉતરે તો રોગનો નાશ થાય, ડાબી બોલે તો કુશળતા સુચવે, ઘરના અંદર બેસીને, તથા મોભે બેસીને બોલે તો સ્વામીનું મરણ થાય શય્યા ઉપરબેસીને બોલે તો સ્ત્રીનું મરણ થાય, ચતુષ્પથે ધ્વજા ઉપર છત્ર ઉપર શબ્દ કરે તો જય થાય, રાજાના મહેલ ઉપર બેસીને બોલે તો શાંતિ કરે. ૩૭ પરગામ પ્રત્યે ચાલતાં જો ઘૂવડ ડાબો હોય તો રાજાને કુશળ છે, જમણો હોય તો મરણ થાય, રસ્તામાં ચાલવા માંડયો તથા નગરમાં પ્રવેશ વખતે ઘૂવડ દેખવામાં આવે તો ખરાબ સાયંકાલે ભૂમિ ઉપર બેસી જો ઘૂવડ બોલે તો રોગની ઉત્પત્તિ થાય, અને અત્યંત આર્તધ્યાન પીડા ભય હોય તો તેનું નિવારણ કરે, પહેલે પોહોરે ઘૂવડ જંગલમાં જમણા હોય તો નહિ ફળેલ ફળ મળે. ૩૮ પરગામ પ્રત્યે ચાલતાં ભૈરવ જમણી બાજુ ઉત્તમ ૩૯ પરગામ પ્રત્યે ચાલતાં શિયાલિયા ડાબા ઉત્તમ. ૪૦ પરગામ પ્રત્યે ચાલતાં ધોળા હરણ જમણી બાજુ ઉતરે તો સારા. ૪૧ પરગામ પ્રત્યે ચાલતાં પહેલા પોહોર પછી ડાબા હરણ ઉત્તમ, ૪૨ પરગામ પ્રત્યે ચાલતા કાળા હરણ ડાબા ઉત્તમ. ૪૩ પરગામ પ્રત્યે ચાલતાં જે હરણ ઉતરીને આપણા સામું જોવે તો લાભ કહે ૪૪ પરગામ પ્રત્યે ચાલતાં ભૈરવ, તેતર, કુકડો, જમણી બાજુ જઇને જો વસે તો એક કામે નીકળેલ હોય તો પણ સો કામ કરીને આવે છે. ૪૫ રાત્રિયે જો તેતર બોલે તથા દિવસે જો શિયાલ બોલે તો દેશને છોડી દેવો, ન છોડી દે તો બહુજ દુઃખ અને મરણ થાય. ૪૬ જો કુતરા આકાશને વિષે સૂર્યના સન્મુખ પોતાનું મોઢું રાખીને ભસે તો છ માસમાં તે ગામનો કે નગરનો નાશ થાય. ૪૭ પરગામ પ્રત્યે ચાલતાં ડાબો ખર (ગધેડો) ઉત્તમ, અને ગામમાં પ્રવેશ કરતાં જમણો ઉત્તમ,પૂઠે ખર બોલે તો ગામ જવું નહિ, ચાલતાં જો સામો પર બોલે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો માર્ગ ભાંગે ખર જો આગલા પગ માથા ઉપર કરી શબ્દ કરે તો આગળ ઉપર ચાલવું નહિ ત્યાંજ રહેવું, છતાં જો જઇયે તો ચોરનો ભય ઉત્પન્ન થાય, પરગામ પ્રત્યે ચાલતાં રસ્તામાં ખરને મૈથુન સેવન કરતો દેખવામાં આવે તો કાર્યની સિદ્ધિ થાય. ખર જો ડાબી બાજુ રહી ક્રુર શબ્દ બોલે તો કલેશ કાર્ય ન હોય, પહેલે પોહોરે હાનિ થાય, બીજે સિદ્ધિદાયક થાય, ત્રીજે જવું નહિ, ચોથે સ્ત્રીનો સમાગમ થાય, પાંચમે ભય થાય. છટ્ઠે મરણ થાય. સાતમે કલેશ થાય, આઠમે લાભ થાય. ૪૮ પરગામ પ્રત્યે ચાલતાં હજામત કરાવવી નહિ,તેલનું મર્દન કરાવવું નહિ, સ્ત્રીનું સેવન કરવું નહિ, કલેશ કરવો નહિ, લડાઇ ટંટો કરવો નહિ, રોવું નહિ, મદ્યપાન કરવું નહિ, જુગટુ રમવું નહિ, એટલા કામો કરવા નહિ, ૪૯ પરગામ પ્રત્યેચાલતાં ખાટુ ખાવું નહિ, કડવું ખાવું નહિ, દુધ ખાવું નહિ, ખાંડ ખાવી નહિ, માંસ ખાવું નહિ, તેલ ખાવું નહિ, મધ ખાવું નહિ, શેકેલું ધાન્ય ખાવું નહિ, એટલા પદાર્થો ત્યાગ કરવા. ૫૦ પરગામ પ્રત્યે ચાલતાં ખરાબ શુકન થાય તો પાછા વળવું, અને આઠ શ્વાસોશ્વાસ મુકયા પછી ચાલવું, વળીખરાબ શુકન થાય તો પાછા વળવું, અને સોળ શ્વાસોશ્વાસ મુકયા પછી ચાલવું, ત્રીજીવાર જો ખરાબ શુકન થાય તો તે દિવસે પરગામ જવું જ નહિ બીજે દિવસે સારે શુકને ચાલવું.

## છીંક વિચાર

૧ રવીવારે પ્રથમ ચોઘડીયે પૂર્વ દિશાયે શનિશ્વરનું ઘર છે તેથી તે તરફ છીંક થાય તો ક્લેશ ઉપજે. ૨ રવીવારે બીજે ચોઘડીયે અગ્નિખુણે રાહુનું ઘરહોય છે તેથી તે તરફ છીંક થાય તો મરણ ઉપજે ૩ રવીવારે દક્ષિણ દિશાયે સૂર્યનું ઘરછે તેથી તે તરફ છીંક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાય તો કાર્યની હાનિ થાય. ૪ રવીવારે નૈરૂતખુણે ચંદ્રમાનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો કાર્ય સિદ્ધ થાય, ૫ રવીવારે પશ્ચિમ દિશાયે મંગળનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો મૃત્યુ થાય, ૬ રવીવારે વાયવ્યખુણે બુધનું ઘર હોય છે, તેથી તે તરફ છીંક થાય તો મિત્રનો મેલાપ થાય. ૭ રવીવારે ઉત્તમ દિશાને વિષે બૃહસ્પતિનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો સર્વ પ્રકારનું સુખ પ્રાપ્ત થાય. ૮ રવીવારે ઈશાનખુણે શુક્રનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાયતો સર્વકાર્યની સિદ્ધિ થાય છે. ૯ સોમવારે પૂર્વ દિશાને વિષે શુક્રનું ઘર છે તેથી તે તરફ છીંક થાય તો સારૂ થાય, રૂડુ થાય, ૧૦ સોમવારે અગ્નિખુણે શનિશ્વરનું ઘર હોય છે, તેથી તે તરફ છીંક થાય તો કલેશ થાય, ૧૧ સોમવારે દક્ષિણ દિશાને વિષે રાહુનું ઘર હોય છે તેથીતે તરફ છીંક થાય તો ઘણા પ્રકારના દુઃખો અને કષ્ટો ઉત્પન્ન થાય. ૧૨ સોમવારે નૈરૂત્યખુણે સૂર્યનું ઘર હોયછે તેથી તે તરફ છીંક થાય તો કાર્યની હાનિ થાય, ૧૩ સોમવારે પશ્ચિમ દિશાને વિષે ચંદ્રમાનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો. સર્વ કાર્યની સિદ્ધિ થાય છે, ૧૪ સોમવારે વાયવ્યખુણે મંગલનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો નિર્બળ વાર્તા સંભળાય ૧૫ સોમવારે ઉત્તરદિશાને વિષે બુધનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો સર્વ સગા વાહાલનો મેળાપ થાય, ૧૬ સોમવારે ઈશાનખુણે બૃહસ્પતિ ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો સર્વ પ્રકારની સંપત્તિ પામે. ૧૭ મંગળવારે પૂર્વ દિશાને વિષે બૃહસ્પતિનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો ધનનો લાભ થાય છે. ૧૮ મંગળવારે અગ્નિખુણે શુક્રનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો સર્વ કાર્યની સિદ્ધિ થાય છે, ૧૯ મંગળવારે દક્ષિણ દિશાને વિષે શનિશ્વરનું ઘર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય છે તેથી તે તરફ છીંક થાય તો કલેશ કરાવે. ૨૦ મંગળવારે નૈરૂતખુણે રાહનુ ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો શત્રુનો ભય ઉત્પનન થાય. ૨૧ મંગળવારે પશ્ચિમ દિશાને વિષે સૂર્યનું ઘર હોય છે, તેથી તે તરફ છીંક થાય તો કાયાની હાની થાય છે, ૨૨ મંગળવારે વાયવ્યખુણે ચંદ્રમાનું ઘર હોયછે, તેથી તે તરફ છીંક થાય તોકાર્યની સિદ્ધિ થાય છે. ૨૩ મંગળવારે ઉત્તર દિશાને વિષે મંગળનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો કષ્ટ ઉત્પન્ન થાય. ૨૪ મંગળવારે ઈશાનખુણે બુધનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો સગા સ્નેહીયો ઘરે આવે. ૨૫ બુધવારે પૂર્વ દિશાને વિષે બુધનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો મિત્રનો મેલાપ થાય. ૨૬ બુધવારે અગ્નિખુણે બૃહસ્પતિનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો ધનનો લાભ થાય ૨૭ બુધવારે દક્ષિણ દિશાને વિષે શુક્રનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો સારૂં થાય, ૨૮ બુધવારે નૈરૂતખુણે શનિશ્ચરનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો કલેશ ઉત્પન્ન કરે. ૨૯ બુધવારે પશ્ચિમ દિશાને વિષે રાહુનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો શત્રુ તરફથી ભય ઉત્પન્ન થાય. ૩૦ બુધવારે વાયવ્યખુણે સૂર્યનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો કાર્યનીં હાનિ થાય ૩૧ બુધવારે ઉત્તર દિશાને વિષે ચંદ્રમાનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો સંપત્તિ પામે. ૩૨ બુધવારે ઈશાનખુણે મંગળનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો કલેશ ઉપજે. ૩૩ ગુરૂવારે પૂર્વ દિશા તરફ મંગળનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો કાંઈક અશુભ વાર્તા સાંભળવામાં આવે. ૩૪ ગુરૂવારે અગ્નિખુણે બુધનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો ઘણો જ સંતોષ ઉત્પન્ન કરે. ૩૫ ગુરૂવારે દક્ષિણ દિશાને વિષે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બૃહસ્પતિનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો સર્વ કાર્યની સિદ્ધિ થાય છે. ૩૬ ગુરૂવારે નૈરૂતખુણે શુક્રનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો સુખની વાર્તા સાંભળે. ૩૭ ગુરૂવારે પશ્ચિમ દિશાને વિષે શનિશ્ચરનું ઘર હોય છે, તેથી તે તરફ છીંક થાય તો કાર્યની હાનિ થાય. ૩૮ ગુરૂવારે વાયવ્યખુણે રાહુનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો શત્રુ તરફથી ભય ઉત્પન્ન થાય. ૩૯ ગુરૂવારે ઉત્તર દિશાને વિષે સૂર્યનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો મરણ ઉત્પન્ન થાય. ૪૦ ગુરૂવારે ઈશાનખુણે ચંદ્રમાનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો કાર્યની સિદ્ધિ થાય. ૪૧ શુક્રવારે પૂર્વ દિશાને વિષે ચંદ્રમાનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાયતો નિશ્ચય સંપદા મેળવે. ૪૨ શુક્રવારે અગ્નિકુણે મંગળનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો બીજા ગામથી સગા સંબંધીની વાર્તા સંભળાય. ૪૨ શુક્રવારે દક્ષિણ દિશાને વિષે બુધનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો ભાઈ બાંધવનો મેલાપ થાય. ૪૪ શુક્રવારે નૈરૂતખુણે બૃહસ્પતિનું ઘર હોય છે તેથી તેતરફ છીંક થાય તો લાભ થાય. ૪૫ શુક્રવારે પશ્ચિમ દિશાને વિષે શુક્રનું ઘર હોય છે, તેથી તે તરફ છીંક થાય તો સર્વ કાર્યની સિદ્ધિ થાય છે. ૪૬ શુક્રવારે વાયવ્યખુણે શનિશ્ચરનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો કલેશ ઉત્પન્ન થાય છે. ૪૭ શુક્રવારે ઉત્તર દિશાને વિષે રાહુનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો શત્રુનો ભય થાય છે. ૪૮ શુક્રવારે ઈશાનખુણે સૂર્યનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો કાર્યની હાનિ થાય છે. ૪૯ શનિવારે પૂર્વ દિશાને વિષે સૂર્યનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો કાર્યની હાનિ થાય છે. ૫૦ શનિવારે અગ્નિખુણે ચંદ્રમાનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો સંપદા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પામે છે. **૫૧** શનીવારે દક્ષિણ દિશામાં મંગળનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો બીજા ગામથી સ્વજન સંબંધીની વાર્તાસિંભલાય છે. **૫૨** શનીવારે નૈરૂતખુણાને વિષે બુધનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો પોતાનો ભાઈ મળે છે. **૫૩** શનીવારે પશ્ચિમ દિશાને વિષે બૃહસ્પતિનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો ધનનો લાભ થાય છે. **૫૪** શનીવારે વાયવ્યખુણે શુક્રનું ઘર હોય છે તેથી તે તરફ છીંક થાય તો સર્વ કાર્યની સિદ્ધિ થાય છે. **૫૫** શનીવારે ઉત્તર દિશાને વિષે શનિશ્ચરનું ઘરહોય છે, તેથીતેતરફ છીંક થાય તો કલેશ ઉત્પન્ન થાય **૫૬** શનીવારે ઇશાનખુણે રાહુનું ઘર હોય છે, તેથી તે તરફ છીંક થાય તો શત્રુ થકી ભય ઉત્પન્ન થાય, એ ઉપરોક્ત સાતેવારમાં એક એક દિવસના આઠ ચોઘડીયા ગણવા, અને તે પ્રમાણે ફળ જાણવું, **૫૭** યાત્રા કાલે છીંક થાય તો સર્વથા શુભા. **૫૮** પહેલા સારા શુકન થાય, અને પાછળ છીંક થાય તો ઠીક નહિ. **૫૯** સારા શુકન ન થાય ને છીંક થાય તો ચાલવાને માટે નિષેધ કરે છે, એમ જાણવું, **૬૦** ડાબે કાને ચાલતી વેલા છીંક થાય તો નિષ્ફળ જાણવી **૬૧** ચાલતી વેળા જમણે કાને છીંક થાય, તો સર્વથા ગમન કરવાની મનાઇ કરે છે, તેમ જાણવું. **૬૨** ચાલતાં પાછળ છીંક થાય તો જાણવું કે પાછળથી શુભ થાય. **૬૩** ચાલતાં આગળ છીંક થાય તો આગળ ઉપર કષ્ટદાયક થાય. **૬૪** સ્ત્રી થકી પીડા પામેલાને છીંક આવે તો, ચાલ્યા જવું **૬૫** માલ વેચતી વખતે છીંક આવે અને માલ ન વેચે તો ભવિષ્યમાં લાભ થાય. **૬૬** ગયેલી વસ્તુ શોધવાને માટે ચાલવા માંડયે છીંક થાય તો ગયેલી વસ્તુ પાછી મળે **૬૭** વસ્ત્ર પહેરવા માંડયે વસ્ત્ર પ્રાપ્ત થયે છતે, ભોજનને છેડે, હોમને અંતે, અને ધર્મકર્તવ્ય કરવા માંડયે, તથા પૂજાને છેડે, તથા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મંગલિક કર્તવ્યને છેડે, જો છીંક થાય તો ફરીથી તે તે કર્તવ્યોને વિશેષે કરી કરાવનારી થાય છે. ૬૮ કોઈપણ ક્રિયા પછાડી છીંક થાય, તો ફરીથી તે કર્તવ્ય કરાવે. ૬૯ શત્રુનો નાશ કરવા ચાલવા માંડયે જો છીંક થાય તો શત્રુનું અતિ બલીષ્ટપણું સૂચવનારી થાય. ૭૦ સ્થાને બેઠેલાને છીંક થાય, તો વૈરી હાથમાં આવી જાય છે ૭૧ રોગીને માટે વૈદ્યને બોલાવા ચાલતા જો છીંક થાય, તો રોગીને મહાન કષ્ટ સૂચવનારી થાય છે ૭૨ વૈદ્યને આવતા જો છીંક થાય તો રોગીના રોગને નાશ કરે છે. ૭૩ ભોજન કરવા બેસતી વખતે છીંક આવે તો તે આહારથી વિકાર થાય છે. ૭૪ શત્રુને જીતીને આવતા છીંક થાય તો પાછો શત્રુનો ભય ઉત્પન્ન થાય. ૭૬ વ્યવહારને વિષે દ્રવ્ય બોલતા છીંક થાય તો દ્રવ્યના નાશને માટે થાય છે. ૭૬ ઔષધ લેતા છીંક થાય તો રોગને નાશ કરે છે. ૭૭ વરસાદ થતો ન હોય, અને તેને નિમિત્તે વરસાદના શુકન જોવાને માટે ચાલવા માંડયે, છીંક થાય, તો વરસાદની વૃષ્ટિને સૂચવે છે. ૭૮ વ્યાપાર કરવાને માટે ચાલવા માંડયે છીંક થાય તો વ્યાપારકરવા જવા માટે ના પાડે છે, એમ જાણવુ. ૭૯ મેહમાન પરોણાને મુકીને પાછા વળતા જો છીંક થાય છે, તો ફરીથી મેહમાન પરોણાનું આગમન સૂચવે છે. ૮૦ દીપ્ત દિશાને વિષે, જ છીંક થાય તો વળાવેલા મેહમાન પરોણાને રસ્તામાં ચોરનો ભય થાય. ૮૧ સર્વ સારા કાર્યને છેડે છીંક થાય તો સારી શુભ કહેવાય છે. ૮૨ સર્વ અશુભ કાર્યને છેડે છીંક થાય તો અશુભ કહેવાય છે. ઈતિ છીંક વિચાર સંપૂર્ણ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ગરોળી પડે તેનો વિચાર ૧ લો.

૧ ગરોળી-શ્રીમંતના મસ્તક ઉપર પડે તો તેને કષ્ટ થાય. ૨ ગરોળી-શ્રીમંતના મસ્તક ઉપર પડે તો તેની લક્ષ્મી નાશ પામે. ૩ ગરોળી-શ્રીમંત કષ્ટમાં પડેલો હોય તે વખતે તેના મસ્તક ઉપર પડે તો તેનું કષ્ટ નાશ થાય, તે કષ્ટમાંથી છૂટે. ૪ ગરોળી-દરિદ્રિના મસ્તક ઉપર પડે તો લાભ થાય દરિદ્રિપણાનો નાશ કરે. ૫ ગરોળી-કપાળ ઉપર પડે તો રાજાથી લાભ થાય. ૬ ગરોળી-નાક ઉપર પડે તો વૈરી મરણ પામે. ૮ ગરોળી-હોઠ ઉપર પડે તો ચિંતા મટાડે રોગ રહિત થાય. ૯ ગરોળી-ગળા ઉપર પડે તો ભય ઉત્પન્ન કરે. ૧૦ ગરોળી-જમણા કાન ઉપર પડે તો પરદેશની વાત સંભલાવી ચિંતા ઉત્પન્ન કરે. ૧૧ ગરોળી ડાબા કાન ઉપર પડે તો સારી નહિ. ૧૨ ગરોળી-જમણા ડાબા ખંભા ઉપર પડે તો સ્ત્રીને નવા વસ્ત્રોની પ્રાપ્તિ થાય. ૧૪ ગરોળી-કુખ ઉપર પડે તો હર્ષ થાય, તથા પુત્ર તેમજ પુત્રીનો લાભ થાય. ૧૬ ગરોળી-જાગતા હૃદય ઉપર પડે તો ખુશાલી ઉપજાવે. ૧૭ ગરોળી-નિદ્રામાં પોતે ન દેખે, પણ અન્ય કોઈક કહે તો છ માસમાં કષ્ટ ઉત્પન્ન થાય તથા રોગાદિક થાય. ૧૮ ગરોળી-પેટ ઉપર પડે તો મીઠું ભોજન મળે. ૧૯ ગરોળી નાભી ઉપર તથા હેઠળ પડે તો જુઠુ કલંક માથે આવે ૨૦ ગરોળી-કમ્મર (કડ) ઉપર પડે તો વસ્ત્રની પ્રાપ્તિ થાય. ૨૨ ગરોળી-સ્ત્રીને ડાબી બાંહ ઉપર પડે તો ખરાબ વાત સંભળાય ભર્તારની ચિંતા સંભળાવે. ૨૩ ગરોળી-વાંસા (પીઠ) ઉપર પડે તો દ્રવ્યહિન થાય, પરને હાથે માર ખાય, ૨૪ ગરોળી-કોણી ઉપર પડે તો લાભ થાય. ૨૫ ગરોળી જમણા કાંડા ઉપર પડે તો રાજમુદ્રા પામે લાભ થાય ને વ્યાધિ થાય. ૨૬ ગરોળી-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ડાબા કાંડા ઉપર પડે તો હાનિ કરાવે. ૨૭ ગરોળી-જમણા હાથના પોંચા તથા હથેળી ઉપર પડે તો તુરત મરણ થાય, અગર બંદીખાનામાં પડે. ૨૮ ગરોળી-ડાબા હાથની હથેલી ઉપર પડે તો ચિંતા કરાવે ૨૯ ગરોળી-ઇંદ્રિ ઉપર પડે તો મરણ કહે, ૩૦ ગરોળી-ગુહ્ય સ્થાન ઉપર પડે તો સ્ત્રીનો સમાગમ કરાવે. ૩૧ ગરોળી જમણા પગની જાંઘ ઉપર પડે તો સ્ત્રી તથા પુત્રનો લાભ કરે. ૩૨ ગરોળી ડાબા પગની જાંઘ ઉપર પડે તો સ્ત્રીને પુરૂષની પ્રાપ્તિ થાય. ૩૩ ઘરોળી-જમણા પગના ઢીંચણ ઉપર પડે તો અકસ્માત ચિંતા ઉત્પન્ન કરે તથા રોગ કરે. ૩૪. ઘરોળી સ્ત્રીને ડાબા ઢીચણ ઉપર પડે તો શોક સંતાપ ટળી જઇ લાભ મળે. ૩૫ ગરોળી જમણા પગની પિંડિયે થતા ઘુંટી ઉપર પડે તો ગામતરૂ કરાવે, અને બંધનાદિક કષ્ટ ઉત્પન્ન કરે. ૩૬ ઘરોળી -સ્ત્રીને ડાબા પગની પિંડિ ઉપર તથા ઘુંટી ઉપર પડે તો રોગ શાંત કરે. ૩૭ ગરોળી-પગની આંગળીયો ઉપર પડે તે સંતાપ ઉત્પન્ન કરે. ૩૮. ગરોળી સ્ત્રીને ડાબા પગની આંગળીયો ઉપર પડે તો ભય કરનાર થાય. ૩૯ ગરોળી પુરૂષને જમણા પગ ઉપર અગર જમણા પગના તલીયા ઉપર પડે તો ગ્રામાંતર જવું પડે. ૪૦ ગરોળી સ્ત્રીને ડાબા પગ ઉપર અગર ડાબા પગના તલીયા ઉપર પડે તો હાનિ કરાવે. ૪૧ ગરોળી-ખોળામાં પડે તો નવું ફળ આપે. ૪૨ ગરોળી ફળ ઉપર પડે તો ફળનો નાશ કરે. ૪૩ ગરોળી-ભોજન સહિત થાળીમાં પડે તો. લક્ષ્મીનો લાભ આપે. ૪૪ ગરોળી ભોજન રહિત થાળીમાં પડે તો લક્ષ્મીનો નાશ કરે. પુરૂષોને જમણા અંગોપાંગો, અને સ્ત્રીયોને ડાબા અંગોપાંગો સમજવા. ઇતિ વિચાર ઘરોળી ૧ લો સંપૂર્ણ :



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ગરોળી પડે તેનો બીજો વિચાર

૧ ગરોળી, પૈસા પાત્રના માથા ઉપર પડે તો દરિદ્ર થાય. ૨ ગરોળી, દરિદ્રિના માથા ઉપર પડે તો, પૈસા પાત્ર થાય. ૩ ગરોળી, પૈસા પાત્રને કષ્ટ પડેલું હોય, ને તેને માથે ચડે તો કષ્ટ નાશ પામે. ૪ ગરોળી, કપાળે ચડે તો નવનિધિ થાય. ૫ ગરોળી, કપાળને નીચે ચઢે તો રાજ્ય તરફથી માન મળે. ૬ ગરોળી, ડાબા કાન ઉપર પડે તો આયુષ્ય ઓછું થાય. ૭ ગરોળી, જમણા કાન ઉપર પડે તો કલેશ થાય, ૮ ગરોળી, નાક ઉપર પડે તો વૈરી મરે. ૯ ગરોળી, હોઠ ઉપર પડે તો ભોજનનું સુખ થાય. ૧૦ ગરોળી, હૃદયને ફરસે સ્પર્શ કરે તો લક્ષ્મીનો નાશ થાય ૧૧ ગરોળી જમણે ખંભે પડે તો રોગ રહિત થાય. ૧૨ ગરોળી, ડાબે ખંભે પડે તો બહુજ રોગ થાય. ૧૩ ગરોળી, જમણે અંગે ચડે તો મિત્ર મળે. ૧૪ ગરોળી, જમણે અંગે ચડે તો સ્ત્રી ઋતુવંતી થઇ, સંતાનને ઉત્પન્ન કરે. ૧૫ ગરોળી, પેટ ઉપર પડે તો મીઠું ભોજન મળે. ૧૬ ગરોળી, નાભિ ઉપર પડે તો સંતાનનો લાભ થાય. ૧૭ ગરોળી, ગુહ્યસ્થાન ઉપર પડે તો પર સ્ત્રીનો સમાગમ થાય. ૧૮ ગરોળી, જમણા હાથ ઉપર પડે તો લક્ષ્મી તથા કન્યાનો લાભ થાય. ૧૯ ગરોલી ડાબા હાથ ઉપર પડે તો પરદેશ પ્રત્યે ચાલવાનું થાય. ૨૦ ગરોળી, ઉંચીચડીને પગ ઉપર પડે, તો પરદેશ જવાનું થાય. ૨૧ ગરોળી, પગના નીચે જાય, અગર પગના તળીયાને સ્પર્શ કરે તો જગતને વિષે યશ માન વધે. ૨૨ ગરોળી, પગની આંગલી ઉપર સ્પર્શ કરે તો શરીરે સુખ થાય ૨૩ ગરોળી નખને સ્પર્શ કરે તો વ્યાધિ થાય. ૨૪ ગરોળી, પૂંઠે પડે તો બંધવનો નાશ થાય. ૨૫ ગરોળી, પૂંઠ આગળથી ઉતરેતો બંધવ નિરોગી થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૬ ગરોળી, નિદ્રામાં સુતા છતા પોતાના શરીર ઉપર પડેલી દેખે તો પોતાની સ્ત્રી ફકત છ માસ જીવે. ૨૭ ગરોળી, નિદ્રામાં પોતાના શરીરે પડેલી દેખીને તુરત જાગે તો સુખ થાય, ૨૮ ગરોળી, પડવે પડે તો મનુષ્યને રોગ થાય. ૨૯ ગરોળી, બીજ અને ત્રીજે પડે તો રાય થકી સન્માન પ્રાપ્ત થાય. ૩૦ ગરોળી ચોથે પડે તો બહુજ ખરાબ છે. ૩૧ ગરોળી, પાંચમે પડે તો ધન આપે. ૩૨ ગરોળી, છઠ અને સાતમે પડે તો પ્રીતિ વધારે. ૩૩ ગરોળી, આઠમ નોમ દશમે પડે તો હાનીને સૂચવે, ૩૪ ગરોળી, અગ્યારશે પડે તો પુત્રનો લાભ આપનારી થાય. ૩૫ ગરોળી, બારશે પડે તો ધનનો સંજોગ કરાવનારી થાય. ૩૬ ગરોળી, એ ઉપરની તિથિયો શિવાય પડે તો તે તમામ ત્યાગ કરવા લાયક છે. ૩૭ ગરોળી, સોમ બુધ ગુરૂ ને શુક્રવારે પડે તો સુખકારી થાય. ૩૮ ગરોળી, શનિ રવી ને મંગળવારે પડે તો અશુભ કરનારી થાય. ૩૯ ગરોળી, રવીવારે પહેલે પોહોરે પડે તો લક્ષ્મીનો લાભ થાય. ૪૦ ગરોળી રવીવારે બીજે પોહોરે પડે તો રાજ્ય થકી સન્માન પ્રાપ્ત થાય. ૪૧ ગરોળી રવીવારે ત્રીજે પોહોરે પડે તો માથામાં ઘણું દુઃખ ઉત્પન્ન થાય, ૪૨ ગરોળી, રવીવારે ચોથે પોહોરે માથા ઉપર પડે તો સજ્જનનો મેળાપ થાય. ૪૩ ગરોળી, સોમવારે પહેલે પોહેરે પડે તો ઉચાટ કરાવે. ૪૪ ગરોળી, સોમવારે બીજે પોહોરે પડે તો અસંભવિત વાત સંભળાય ૪૫ ગરોળી, સોમવારે ત્રીજે પોહોરે પડે તો કલેશ થાય, ૪૬ ગરોળી, સોમવારે ચોથે પોહોરે પડે તો લક્ષ્મીનો લાભ થાય. ૪૭ ગરોળી, મંગળવારે પહેલે પોહોરે પડે તે મરણ થાય. ૪૮ ગરોળી મંગળવારે બીજે પોહોરે પડે તો દુઃખ થાય. ૪૯ ગરોળી, મંગળવારે ત્રીજે પોહોરે પડે તો ખરાબ વાત સંભળાય. ૫૦ ગરોળી, મંગળવારે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોથે પોહોરે પડે તો ધનની પ્રાપ્તિ કરાવે **૫૧** ગરોળી, બુધવારે પહેલે પોહોરે પડે તો સજ્જનનો મેલાપ થાય. **૫૨** ગરોળી બુધવારે બીજે પોહોરે પડે તો કલેશ થાય. **૫૩** ગરોળી, બુધવારે ત્રીજે પોહોરે પડે તો કોઈક શસ્ત્રથી ઘા પડે. **૫૪** ગરોળી, બુધવારે ચોથે પોહોરે પડે તો પરદેશમાં જવાનું થાય. **૫૫** ગરોળી, ગુરૂવારે પેહેલે પોહોરે પડે તો ચિંતવેલો લાભ પ્રાપ્ત થાય. **૫૬** ગરોળી, ગુરૂવારે, બીજે પોહોરે પડે તો લડાઈ ટંટો થાય. **૫૭** ગરોળી, ગુરૂવારે ત્રીજે પોહોરે પડે તો સુખકારક થાય. **૫૮** ગરોળી ગુરૂવારે ચોથે પોહોરેપડે તો મોટી પદવીની પ્રાપ્તિ થાય. **૫૯** ગરોળી, શુક્રવારે પહેલે પોહોરે પડે તો સારૂ થાય. ૬૦ ગરોળી, શુક્રવારે બીજી પોહોરે પડે તો લક્ષ્મીની પ્રાપ્તિ થાય. ૬૧ ગરોળી શુક્રવારે ત્રીજે પોહોરે પડે તો યુદ્ધ થાય. ૬૨ ગરોળી, શુક્રવારે ચોથે પોહોરે પડે તો સુખ થાય. ૬૩ ગરોળી, શનિવારે પહેલે પોહોરે પડે તો અંગ ભોગ થાય. ૬૪ ગરોળી, શનિવારે બીજે પોહોરે પડે તો શરીરે પીડા થાય. ૬૫ ગરોળી, શનિવારે ત્રીજે પોહોરે પડે તો ભોજનનો લાભ થાય. ૬૬ ગરોળી, શનિવારે ચોથે પોહોરે પડે તો અગ્નિ અગર પવનનો ભય થાય. ૬૭ ગરોળી, મેષ, મિથુન, કર્ક, ધન, મકર, કુંભ, મીનના ચંદ્રમાંમાં પડે તો સુખ થાય. ૬૮ ગરોળી, વૃષભના ચંદ્રમાં પડે તો સુખનો નાશ થાય. ૬૯ ગરોળી, સિંહના ચંદ્રમાં પડે તો પુત્રનું સુખ થાય. ૭૦ ગરોળી, કન્યાના ચંદ્રમાં પડે તો દુઃખ પડે, હવે તે ચંદ્રમાં વારનો ચંદ્ર સમજવો જેવાર હોય તેનો ચંદ્રમાં સમજવો. ૭૧ ગરોળી, અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુષ્પ, પુનર્વસુ, ભરણી, અનુરાધા નક્ષત્રમાં પડે તો સુખની પ્રાપ્તિ થાય. ૭૨ ગરોળી, કૃત્તિકા નક્ષત્રમાં પડે તો દુઃખની પ્રાપ્તિ થાય. ૭૩ ગરોળી, આદ્રા, અશ્લેષા, મૂળ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જયેષ્ટા, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા નક્ષત્રમાં પડે તો મરણ કરે. ૭૪ ગરોળી મઘા નક્ષત્રમાં પડે તો સુખ થાય, પરંતુ રોગ ઉત્પન્ન કરે. **૭૫** ગરોળી, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, નક્ષત્રાં પડે તો ધનનો નાશ કરે. ૭૬ ગરોળી, ધનિષ્ટા,શતભિષા, પૂર્વાભાદ્રપદ, ઉત્તરા ભાદ્રપદ, રેવતી નક્ષત્રમાં પડે તો દુઃખ થાય. ૭૭ ગરોળી, શ્રવણ નક્ષત્રમાં પડે તો ઘણું સુખ પ્રાપ્ત થાય, તમામ પ્રકારનું સુખ થાય, ઘરોળી પડે તે ટાઈમનું નક્ષત્ર સમજવું.

## કાકીડો શરીર ઉપર પડે તેનો વિચાર.

**૧** કાકીડો મસ્તક ઉપર પડે તો ધનની હાનિ થાય. ૨ કાકીડો-દરિદ્રિના મસ્તક ઉપર પડે તો ચિંતા શોકનું નિવારણ કરે, અને કષ્ટમાં પડે તો કષ્ટને દુર કરે. ૩ કાકીડોકપાલ ઉપર પડે તો મરે. ૪ કાકીડો-બન્ને લમણા ઉપર પડે તો ભય કરે. **૫** કાકીડો-જમણા કાન ઉપર પડે તો રોગ કરે, બંધનમાં પાડે. ૬ કાકીડો-ડાબાકાન ઉપર પડે તો રોગ વ્યાધિ ઉત્પન્ન થાય. ૭ કાકીડો જમણી બાજુ ગાલ, હોઠ, મુખ, ઉપર પડે તો સારૂ ફળ આપે. ૮ કાકીડો-ડાબી બાજુ ગાલ હોઠ મુખ, ઉપર પડે તો કષ્ટ ઉત્પન્ન કરે દુઃખ દાયક થાય. ૯ કાકીડો-મુખે હડપચી ઉપર પડે તો ચિંતા કરાવે. **૧૦** કાકીડો-નાસિકા ઉપર પડે તો વૈરીને દમન કરે. **૧૧** કાકીડો-ડોક ઉપર પડે તો નિશ્ચય ભય કરે, **૧૨** કાકીડોવાંસા ઉપર પડે તો બીજા માણસનું મરણ સંભલાવે, **૧૩** કાકીડો-સ્ત્રીના વાંસા ઉપર પીઠ ઉપર પડે તો ભર્તારનું કષ્ટદેખાડે તથા દ્રવ્યની હાનિ કરાવે. **૧૪** કાકીડો જમણા ખંભા ઉપર પડે તો કુટુંબ સંબંધિની ચિંતા કરાવે, **૧૫** કાકીડો-ડાબા ખંભા ઉપર પડે તો રોગ ઉત્પન્ન કરે, ચિંતા કરાવે, પરદેશ પ્રત્યે ગમન કરાવે, **૧૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાકીડો-જમણી બાજુના સ્તન ઉપર પડે તો પુરૂષને ચિંતા તેમજ વિભ્રમ કરાવે. ૧૭ કાકીડો-સ્ત્રીને ડાબા સ્તન ઉપર પડે તો પુત્ર હીન કરે. ૧૮ કાકીડો-પુરૂષને જમણી બાંહે પડે તો કષ્ટ ઉત્પન્ન કરે. ૧૯ કાકીડો-સ્ત્રીને ડાબી બાંહ ઉપર પડે તો કષ્ટને કરે, લક્ષ્મીને હણે. ૨૦ કાકીડો-જમણા કાંડા ઉપર પડે તો ભય ઉત્પન્ન કરે. ૨૧ કાકીડો-ડાબા કાંડા ઉપર પડે તો લાભદાયક સ્ત્રીને હોય. ૨૨ કાકીડો-જમણા હાથની હથેલીમાં પડે તો લક્ષ્મીનો નાશકરે. ૨૩ કાકીડો-ડાબા હાથની હથેલી ઉપર પડે તો હાનિ કરે. ૨૪ કાકીડો-હૃદય ઉપર પડે તો મહા કષ્ટ ઉત્પન્ન થાય, રોગ બંધનાદિક પ્રાપ્ત થાય, અકસ્માત્ ચિંતા ઉત્પન્ન થાય. ૨૫ કાકીડો-પેટ ઉપર પડે તો રોગનોઉપદ્રવ કરે, ૨૬ કાકીડો-નાભિ ઉપર પડે તો કષ્ટ કરનાર થાય, ૨૭ કાકીડો-કમ્મર (કેડ) ઉપર પડે તો બંધનાદિક ભય ઉત્પન્ન કરનાર થાય. ૨૮ કાકીડો-ગુહ્ય ભાગ ઉપર પડે તો રોગ કરે. ૨૯ કાકીડો-પુરૂષને જમણા જાંઘ ઉપર પડે તો રોગ થાય. ૩૦ કાકીડો-સ્ત્રીને ડાબી જાંઘ ઉપર પડે તો પુત્ર ઉત્પન્ન કરાવનાર થાય. ૩૧ કાકીડો-પુરૂષને જમણા ઢીંચણ ઉપર પડે તો ગ્રામાંતરે જાય પરદેશ ગમન કરે. ૩૨ કાકીડો-સ્ત્રીને ડાબા ઢીંચણ ઉપર પડે તો રોગને શાંત કરે, કષ્ટને ટાળે, તેમજ સુખ ઉત્પન્ન કરે. ૩૩ કાકીડો-પુરૂષને જમણી બાજુ પિંડિ તથા ઘુંટી ઉપર પડે તો બંધિખાનાદિકનું કષ્ટ ઉત્પન્ન કરે. ૩૪ કાકીડો-સ્ત્રીને ડાબી બાજુની પિંડી ઉપર પડે તથા ઘુંટી ઉપર પડે તો ભય ઉત્પન્ન કરે, ચિંતા પેદા કરે. ૩૫ કાકીડો-પુરૂષને જમણા પગ ઉપર પડે તો રોગ ઉત્પન્ન કરે. ૩૬ કાકીડો- સ્ત્રીને ડાબા પગ ઉપર પડે તો પરગામ જવાનું થાય, પુરૂષને જમણાં અંગનું ફળ સમજવું, અને સ્ત્રીને ડાબા અંગનું ફળ સમજવું ઇતિ કાકીડા વિચાર સંપૂર્ણઃ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## કર્ણાવતી નગરી અને સિદ્ધરાજ

મૂળરાજ સોલંકીનો સમય ગુજરાતનો સુવર્ણકાળ ગણાય છે. મૂળરાજે 'ગુર્જરેશ' પદવી ધારણ કરી અને તેના તાબાનો પ્રદેશ 'ગુર્જરદેશ' 'ગુર્જર રાષ્ટ્ર' કે ગુજરાત તરીકે ઓળખાયો પાટણનો વૈભવ એટલો વધ્યો કે ઠેરઠેર થી લોકો ત્યાં આવીને વસવા લાગ્યા. સોલંકી વંશના એક અન્ય રાજા ભીમદેવ પહેલા (ભીમદેવ બાણાવાળી)ના સમયમાં મહમૂદ ગઝનવીએ સોમનાથનું મંદિર લૂટયું હતું (૩૦ જાન્યુઆરી ૧૦૨૫) ભીમદેવે સોમનાથનું મંદિર ફરી બંધાવ્યું. પાટણમાં સાત મજલાવાળી અદભૂત કોતરણી ધરાવતી રાણીની વાવ બંધાવી મોઢેરાની ભાગોળે ગઝની સાથે થયેલા યુદ્ધની ભૂમી પર સૂર્ય મંદિર બંધાવ્યું. ભીમદેવ પછી તેનો પુત્ર કર્ણદેવ ગાદી પર આવ્યો કર્ણદેવ કચ્છ, કાઠિયાવાડ, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતનો રાજા બન્યો. કર્ણદેવે 'કર્ણાવતી' નગરી વસાવી અને મીનળદેવી સાથે લગ્ન કર્યા. કર્ણદેવના પુત્ર સિદ્ધરાજ જયસિંહ દેવનો શાસનકાળ (ઇ.સ. ૧૦૯૪ થી ૧૧૪૦) ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયેલો છે. તેણે લાટ અને સોરઠ જીતીને તે બન્ને પ્રદેશો ને ગુજરાત સાથે સાંકળ્યા. માળવા પર વિજય પ્રાપ્ત કરીને સર્વોપરિતા સ્થાપી. પ્રતાપી સિદ્ધરાજ અને જ્ઞાની આચાર્ય હેમચંદ્રનો સુખદ સંયોગ થયો. હેમચંદ્રે 'સિદ્ધહેમ' નામનો વ્યાકરણનો મહાગ્રંથ લખ્યો. સિદ્ધરાજ ના મૃત્યુ પછી તેના કુટુંબનો કુમારપાળ ગાદીએ બેઠો કુમાર પાળ ધર્મરાજા ગણાયો.

સોલંકીઓના પતન પછી વાઘેલાઓએ રાજ કર્યું જે પૈકી વીરધવલ અને વિશળદેવનાં નામ ઉલ્લેખનીય છે. વિશળદેવે ડબોઇનું મંદિર બંધાવ્યું વીરધવલના બે મંત્રીઓ વસ્તુપાળ અને તેજપાળ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામના ભાઈઓ ખૂબ મશહૂર અને શાણા મંત્રીઓ તરીકે પંકાયા તેમણે આબુના પર્વત પર દેલવાડામાં, પાલિતાણા પાસે શેત્રુંજય પર્વત પર અને ગિરનાર પર્વત પર જૈન દેરાસરો બંધાવ્યા. વાઘેલા વંશનો છેલ્લો રાજા કર્ણદેવ રંગીન મિજાજનો હોવાથી 'કરણઘેલો' તરીકે ઓળખાયો. ઈ.સ. ૧૨૯૭ માં કરણઘેલો દિલ્લી ના સુલતા અલ્લાઉદ્દીન ખિલ્જીના હાથે પરાજય. પામ્યો અને આ સાથે ગુજરાતમાં હિન્દુ રાજાઓના શાસનનો અંત આવ્યો.

## 'મધ્યકાલિન યુગ' (અમદાવાદનું ખાત મુહુર્ત)

ગુજરાત દિલ્લીનાં સુલતાનોના હાથમાં ગયુ. દિલ્હીનાં શાસકો અહીં સૂબાઓ નીમતા સૂબાઓ જુલમ કરીને પૈસા ઉઘરાવતા. સૂબાઓનું રાજય સો એક વર્ષ ચાલ્યું. દિલ્લીમાં ગાદી માટે કાવાદાવા ચાલતા હતા. ત્યારે ગુજરાતનાં સૂબા ઝફરખાએ દિલ્લીનું અધિપત્ય ફગાવી દીધું. અને ગુજરાતનાં પ્રથમ સુલતાન તરીકે મુજફર શાહ નામ ધારણ કર્યું. મુજફર શાહના ઉત્તરાધિકારી તેમના પૌત્ર **અહમદશાહે ઈ.સ. ૧૪૧૧** માં સાબરમતી નદીનાં તીરે **અમદાવાદનો પાયોનાંખ્યો** અમદાવાદ વસ્યુ એટલે કર્ણાવતી નાં લોકો ત્યાં આવીને વસ્યા. પાટણની વસ્તી ઓછી થવા લાગી. અમદાવાદ વધવા લાગ્યું. કાંકરીયા તળાવ અહમદશાહનાં દીકરા કુતુબુદ્ધીને બંધાવ્યું. ઈ.સ. ૧૪૪૨માં અહમદશાહ મરણ પામ્યો. અહમદશાહનો પોત્ર મહમદશાહ પહેલો ઈતિહાસમાં મહમદ બેગડા તરીકે પ્રસિદ્ધ થયો. મહમદ બેગડાએ ચાંપાનેર અને જૂનાગઢ એમ બે ગઢ જીત્યા હતા. તેણે વાત્રકના કાંઠે મહેમદાવાદ શહેર વસાવ્યું. ત્યાં નદીના કાંઠે ભમરીયો કુવો અને ચાંદા સૂરજનો મહેલ બંધાવ્યો નરસિંહ મહેતા આ દરમ્યાન થઈ ગયા. શાહ આલમની શુભેચ્છાઓ અને સલાહ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બેગડાને મળ્યા. મહમ્મદ બેગડાનો દીકરો સુલતાન મુજફ્ફર શાહ બીજો સંત સુલતાન હતો. ગુજરાતનો છેલ્લો બાદશાહ બહાદુરશાહ હતો. તેણે માળવા જીત્યું. અને ચિત્તોડ પર ચઢાઇ કરી. ચિત્તોડની રાણી કર્ણાવતીએ દિલ્લીનાં બાદશાહ હુમાયુને રાખડી મોકલી. હુમાયુએ ધર્મની બહેન ને મદદ મોકલી. બહાદુરશાહ કારીને દીનમાં છુપાયો. અને ત્યાં જ તેનું મોત થયું. ત્યારબાદ ગુજરાત મોગલોનાં હાથમાં સરી ગયુ. અકબરે ગુજરાત જીત્યા પછી મોગલ શાહજાદાઓ ગુજરાતના સૂબા તરીકે આવતા. જહાંગીરનાં શાસન દરમ્યાન અંગ્રેજોએ હિંદમાં વેપાર કરવાની પરવાનગી મેળવી. આના પરિણામે ઇ.સ. ૧૬૧૨માં અંગ્રેજોએ સુરત પહેલવહેલી જયારે કોઠી નાંખી. મુઘલ સામ્રાજયનાં અંતભાગમાં મરાઠા સરદારોએ સુરત, ભરૂચ, અને અહમદાવાદ પર અનેક આક્રમણો કર્યો. છત્રપતિ શિવાજીએ સુરત પર બે ધડક (ઇ.સ. ૧૬૬૪ અને ૧૬૭૨માં) આક્રમણ કર્યું. ગુજરાતનાં બંદરોએ પોર્દુગીઝ, વલંદા અને અંગ્રેજોનું આગમન થઇ ચૂકયુ હતું. અંગ્રેજ લોકો વેપાર સાથે પોતાની લશ્કરી તાકાત પણ વધારતા ગયા. અને આસાનીથી ગુજરાત કબજે કરીલીધું.

## નદીઓ કેટલી લાંબી ?

| | નદી | સ્રોત | સમાય છે. | લંબાઈ (કિમી) |
|---|---|---|---|---|
| ૧ | સિંધુ | કૈલાસ | આરબ સાગર | ૨૯૦૦ |
| ૨. | ગંગા | ગંગોત્રી | બંગાળાની ખાડી | ૨૫૧૦ |
| ૩. | બ્રહ્મપુત્ર | માનસરોવર | બંગાળાની ખાડી | ૨૬૮૮ |
| ૪. | ગોદાવરી | પશ્ચિમઘાટ | બંગાળાની ખાડી | ૧૪૫૦ |
| ૫. | ક્રિષ્ણા | પશ્ચિમઘાટ | બંગાળાની ખાડી | ૧૨૯૦ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | | | |
|---|---|---|---|---|
| ૬. | કાવેરી | પશ્ચિમઘાટ | બંગાળાની ખાડી | ૭૬૦ |
| ૭. | મહાનદી | દક્ષિણનો ઉચ્ચપ્રદેશ | બંગાળાની ખાડી | ૮૯૦ |
| ૮. | નર્મદા | દક્ષિણનો ઉચ્ચપ્રદેશ | ખંભાતનો અખાત | ૧૨૯૦ |

## જમીનનાં પ્રકારો

| જમીન | વિસ્તાર |
|---|---|
| • રાતી રેતાળ જમીન | તમિલનાડું, આંધ્ર કર્ણાટક, મધ્યપ્રદેશ |
| • રાતી ગોરાડુ જમીન | અરૂણાચલ પ્રદેશ, કેરલ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા |
| • રાતી અને પીળી જમીન | મધ્યપ્રદેશ, બિહાર, ઓરિસ્સા, મિઝોરમ, મણીપુર, ત્રિપુરા |
| • હિમનદીના નિક્ષેપની જમીન | કેરલ, ઓરિસ્સા, મેઘાલય |
| • લેટરાઈટ જમીન | જમ્મુ, હિમાચલ પ્રદેશ |
| • ઉપપર્વતીય જમીન | રાજસ્થાન |
| • રણની રેતાળ જમીન | રાજસ્થાન, ગુજરાત |
| • ભૂખરી જમીન | મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગુજરાત, કર્ણાટક |
| • કાળી જમીન | રાજસ્થાન, મધ્યપ્રદેશ, કર્ણાટક |
| • મિશ્રિત રાતી, કાળી જમીન | જમ્મુ-કાશ્મીર, હિમાચલ, ઉત્તર પ્રદેશ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| • પર્વતીય જમીન | ઉત્તર પ્રદેશ, દક્ષિણ ભારત |
| • કાંપની જમીન | ઉત્તર પ્રદેશ, પંજાબ, બિહાર, પશ્ચિમ બંગાળ |
| • તરાઈની જમીન | કશ્મીર |
| • કંકાલ જમીન | કશ્મીર |

## યુનો અને મહામંત્રીઓ

પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધની વિનાશકતા જોયા પછી દુનિયાના સમજદાર લોકોને લાગ્યુ કે માનવર્જિત આ સર્વનાશ અટકાવવો જોઈએ. અને એવાં રાષ્ટ્રોએ મળીને ‘સંયુક્ત રાષ્ટ્રસંઘ નામની વાગ્વિ સંસ્થા (૨૪ ઓકટોમ્બર ૧૯૪૫) ઉભી કરી. આ સંઘનું ધ્યેય ભાવિ પ્રજા અને માનવ સંસ્કૃતિને રક્ષવાનું શિક્ષણ, આરોગ્ય જેવી માનવ કલ્યાણની પ્રવૃત્તિઓ વિકસાવવાનું અને તે દ્વારા એકતા સ્થાપી પરસ્પરના ઝઘડાનું શાંતિમય સમાધાન લાવવાનું છે તેની સ્થાપના બીજા વર્ષથી એટલે સન ૧૯૪૬ થી તેનુ શાસન આ મહામંત્રીઓ ના હાથ માં રહ્યું છે.

## જગતના મુખ્ય ધર્મો અને તેમાં માનનારાઓની સંખ્યા

| ધર્મ | સંખ્યા |
|---|---|
| ખ્રીસ્તી કુલ | ૧,૯૯૫,૨૨૯,૦૦૦ |
| કેથોલિક | ૯૮૧,૪૫૬,૦૦૦ |
| સ્ટન્ટ | ૪૦૪,૦૨૦,૦૦૦ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ઓર્થોડોક્સ | ૨૧૮,૩૫૦,૦૦૦ |
| લીંકન | ૬૯,૧૩૬,૦૦૦ |
| બીજા ખ્રિસ્તી | ૨૮૨,૨૫૮,૦૦૦ |
| ઈસ્લામ | ૧,૧૨૬,૩૨૫,૦૦૦ |
| આસ્તિક | ૮૮૬,૯૨૮,૫૦૦ |
| હિન્દુ | ૭૯૩,૦૭૫,૦૦૦ |
| બુદ્ધ | ૩૨૫,૨૭૫,૦૦૦ |
| ચીનનો જૂનો ધર્મ | ૨૨૦,૯૭૧,૦૦૦ |
| નવા ધર્મ | ૧૦૬,૦૧૫,૦૦૦ |
| જાતિય ધર્મ | ૧૦૨,૯૪૫,૦૦૦ |
| શીખ | ૧૯,૫૦૮,૦૦૦ |
| યહૂદી | ૧૩,૮૬૬,૦૦૦ |
| જરથોસ્તી | ૫,૦૮૬,૦૦૦ |
| બહાઈ | ૬,૪૦૪,૦૦૦ |
| જૈન | ૮,૦૦૦,૦૦૦ |
| શિન્તો | ૨,૮૯૭,૫૦૦ |

## જગતના ધર્મો

| ધર્મ | સ્થાપક | ધર્મગ્રંથ | ધર્મસ્થળ | પ્રતિક |
|---|---|---|---|---|
| ખ્રિસ્તી | ઈસુખ્રિસ્ત | બાઈબલ | ચર્ચ | ક્રોસ |
| બુદ્ધ | ગૌતમ બુદ્ધ | ત્રિપિટક | પેગોડા | સ્વસ્તિક |
| હિન્દુ | સનાતન | ગીતા | મંદિર | ઓમ ૐ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | | | |
|---|---|---|---|---|
| ઇસ્લામ | મહમંદ પયંગબર | કુરાન | મસ્જિદ | બીજનો ચાંદતારો |
| શીખ | ગુરૂનાનક | ગ્રંથસાહિબ | ગુરૂદ્વારા | કિરપાણ |
| કોન્ફયુશિયસ | કોન્ફયુશિયસ | કલાસિકસ | - | - |
| જૈન | મહાવીર સ્વામી | કલ્પસૂત્ર | દેરાસર | ધર્મચક્ર |
| પારસી | અષોજરથોસ્ત | અવેસ્તા | અગિયારી | (આતશ) અગ્નિ |
| લાઓ | લાઓત્સે | તેહકિંગ | - | - |

## જગતની મુખ્ય જાતિઓ

| જાતિ | પ્રદેશ |
|---|---|
| અભોર | આસામ, પૂર્વ ભારત |
| આદિવાસી | મધ્ય ભારત |
| આફ્રિદી | પાકિસ્તાન |
| આફ્રિકનેર | દક્ષિણ આફ્રિકા |
| એંગ્લો સેકસન | ઓસ્ટ્રેલિયા, યુ.એસ. |
| બાતુસ | મધ્ય અને દક્ષિણ આફ્રિકા |
| બેદાઇન | અરબિસ્તાન, ઉ. આફ્રિકા |
| ભીલ | મધ્ય ભારત, રાજસ્થાન |
| કાળાજયુ | કોચીન |
| બોઅર | દ. આફ્રિકા |
| કોસેક | રશિયાની દક્ષિણે પૂર્વ સરહદ |
| ક્રોટ | ક્રોશિયા, સ્લોવેનિયા, યુગોસ્લેવિયા |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| દ્રવિડ | દક્ષિણ ભારત |
| એસ્કિમો | ગ્રીનલેન્ડ, આર્કટિક પ્રદેશ |
| ફિલિપિનો | ફિલિપાઈન્સ |
| ફ્લેમિંગ | બેલ્જિયમ |
| ગારો | આસામ |
| ગોરખા | નેપાલ |
| હમીતી | ઉ.પૂ. આફ્રિકા |
| હોતેન્તો | દ.પ. આફ્રિકા |
| ઈસાખેલ | પાકિસ્તાન સરહદ |
| કાફિર | દ. આફ્રિકા |
| કરદાર | ઉ.પૂ. પ્રદેશ ભારત |
| ખાસી | આસામ |
| ખિર્ગીઝ | મધ્ય એશિયા |
| કુર્દ | તુર્કી, ઈરાન, ઈરાક |
| લુશાઈ | આસામ |
| મગ્યાર | હંગેરી |
| માસૂદ | પાકિસ્તાન |
| મલય | મલયપ્રદેશ, પૂર્વના પ્રદેશો |
| માવરી | ન્યુઝીલેન્ડ |
| મારવાડી | મારવાડ, રાજસ્થાન |
| મોહમદ | પાકિસ્તાન સરહદ |
| મૂર | ઉ. આફ્રિકા |
| મોપ્લાહ | કેરાલા |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## વિશ્વના નોંધપાત્ર પુસ્તકાલયો

| પુસ્તકાલય | સ્થળ | ગ્રંથોની સંખ્યા |
|---|---|---|
| વિશ્વ પુસ્તકાલય | વોશિંગ્ટન | ૫ કરોડ |
| રાજ્ય પુસ્તકાલય | મોસ્કો | ૧ કરોડ |
| જનિક પુસ્તકાલય | લેનિનગ્રાડ | ૧ કરોડ |
| જનિક પુસ્તકાલય | ન્યૂયોર્ક | ૧ કરોડ |
| અકાદમી પુસ્તકાલય | મોસ્કો | ૮૦ લાખ |
| યુનિવર્સિટી પુસ્તકાલય | હાવર્ડ | ૭૫ લાખ |
| મ્યુઝિયમ પુસ્તકાલય | લંડન | ૬૧ લાખ |
| રાજ્ય પુસ્તકાલય | પેરિસ | ૬૦ લાખ |
| યુનિવર્સિટી પુસ્તકાલય | યેલ | ૫૦ લાખ |
| રાજ્ય સંસદ પુસ્તકાલય | ટોકિયો | ૪૧ લાખ |
| મધ્યસ્થ રાષ્ટ્રીય પુસ્તકાલય | ફલોરન્સ | ૪૧ લાખ |
| કોલંબિયા પુસ્તકાલય | ન્યૂયોર્ક | ૨૦ લાખ |
| શાહી પુસ્તકાલય | બ્રુસેલ્સ | ૨૦ લાખ |
| મધ્યસ્થ રાષ્ટ્રીય પુસ્તકાલય | રોમ | ૨૦ લાખ |
| ગોટિજન પુસ્તકાલય | જર્મની | ૧૭ લાખ |
| રાષ્ટ્રીય પુસ્તકાલય | મેડ્રિડ | ૧૫ લાખ |
| યુનિવર્સિટી પુસ્તકાલય | આર્મ્સ ટર્ડમ | ૧૫ લાખ |
| રાષ્ટ્રીય પુસ્તકાલય | વિયેના | ૧૫ લાખ |
| રાજ્ય પુસ્તકાલય | બર્લિન | ૧૫ લાખ |
| રાષ્ટ્રીય પુસ્તકાલય | બ્રાઝિલ | ૧૦ લાખ |
| શાહી પુસ્તકાલય | સ્ટોકહોમ | ૯ લાખ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## વીસમી સદી અને પુસ્તકો

| પુસ્તક | લેખક |
|---|---|
| લોર્ડ ઓફ રિંગ્સ | જે. આર. આર. ટોલ્કિન |
| ૧૯૮૪ | જ્યોર્જ ઓરવેલ |
| એનિમલ ફાર્મ | જ્યોર્જ ઓરવેલ |
| વુલિસિસ | જેમ્સ જોયસ |
| એક્ટ ૨૨ | જોસફ હેલર |
| ધ કેચર ઈન ધરાય | જે.ડી. સેલીંન્ગર |
| ટુ કિલ અ મેંકિંગ બર્ડ | હાર્પર લી |
| વન હડ્રેડ ઈયર્સ ઓફ સોલિપ્યુડ | ગ્રેબીલ માર્કઝ |
| ધ ગ્રેપ્સ ઓફ રાય | જહોન સ્ટીન બેંક |
| ટ્રેન સ્પાંટીંગ | ઈરવીન વેલ્શ |

### ग्रंथकारप्रशस्ति

श्रीमत्तपागच्छ पूर्वाचलगगनमणिः श्रीमान् १००८ बुटेरायजी अपरनाम बुद्धिविजयजी शिष्वर्यः १००८ श्रीमान् मुक्तिविजयजी गणि शिष्यर्य १००८ श्रीमान् गुलाबविजयजी महाराज शिष्य मुनि मणिविजयजीकृत 'विविध विषय



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

विचारमाला' नामकः तृतीयो माग समाप्तिमगमत् श्री जामराग्रामे श्रीमद् धर्मनाथ स्वामी प्रासादात् श्रीमन्महावीरस्य २४५७ तमे वर्षे अश्विन मास कृष्णपक्षे अमावास्याम् दिपालिकायाम् चंद्रवासरे अयंग्रंथः वाचकवर्गस्य कल्याणकारको भूयात् ॥

**પુનઃસંપાદન કર્તા**

પ.પૂ. સ્વ. આચાર્યદેવ શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.નાં
શિષ્ય રત્ન પ.પૂ. આચાર્યદેવ શ્રી રત્નાકરસૂરીશ્વરજી
મ.સા.નાં શિષ્ય મુનિશ્રી રત્નત્રયવિજયજી મ.સા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અમારાં અન્ય પ્રકાશનો




Serving JinShasan
108246
gyanmandir@kobatirth.org

## પ્રાપ્તિસ્થાન

**શ્રી પારસ-ગંગા જ્ઞાન મંદિર**

બી-103-104, કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પીટલની સામે,
શાહીબાગ, અમદાવાદ-4. ફોન : 2860247 (રાજેન્દ્રભાઈ)

Printed by : Navneet Printers. Ph. 079-56253326 Mobile : 98252-61177

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org